અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

05 JANUARY-2026 MONDAY | Vol. : 17 | Issue : 185 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ચીને કહ્યું- અમેરિકા માદુરોને તાત્કાલિક મુક્ત કરેઃ રાષ્ટ્રપતિનું અપહરણ....

4  વિદેશનીતિમાં ભારત હંમેશા ગુમરાહ થતું આવ્યું છે

6  મોહમ્મદ શમીને ફરી ટીમ ઈન્ડિયાથી પડતું મૂકાતા ભડક્યાં કોચ, પસંદગીકારો સામે ....

7  અદાણીના બોન્ડમાં 8.90% સુધી વ્યાજ: 6 જાન્યુઆરીએ ઈશ્યૂ ખુલશે, કંપની ₹1000....

# મોદીએ કહ્યું- બનારસમાં તમારો જોશ હાઈ રહેશે

## GenZના હાથમાં તિરંગો જોઈને ગર્વ થાય છે, વર્ચ્યુઅલી ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કર્યું

**વારાણસી, તા.04**

ઉત્તર પ્રદેશના કાશીમાં 72મી રાષ્ટ્રીય વોલીબોલ ચેમ્પિયનશિપનું આયોજન થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલી ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કર્યું. તેમણે કાશીની એક પ્રખ્યાત કહેવતનો ઉલ્લેખ કર્યો. મોદીએ કહ્યું- આપણા બનારસમાં કહેવાય છે - જો તમારે બનારસ જાણવું હોય તો તમારે બનારસ આવવું પડશે... હવે જ્યારે તમે બધા બનારસ આવી ગયા છો, તો તમને બનારસ વિશે પણ ખબર પડશે.



યુપીના કાશીમાં 72મી નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપનું આયોજન થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કર્યુ. યુપીને 43 વર્ષ પછી નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપની યજમાની મળી છે. આ પહેલા 1984માં તેનું આયોજન થયું હતું.

ચેમ્પિયનશિપમાં દેશભરની 58 ટીમો ભાગ લઈ રહી છે. યુપી તરફથી પુરુષ ટીમનો કેપ્ટન શ્રેયાંશ સિંહ (યુપી પોલીસ) છે, જ્યારે મહિલા ટીમની કેપ્ટન પ્રિયંકા (યુપી પોલીસ) કરી રહી છે. ઉદ્ઘાટન મેચ યુપી અને બિહારની પુરુષ ટીમ વચ્ચે થશે. ઉદ્ઘાટન પહેલા ખેલાડીઓએ સિગરા સ્ટેડિયમમાં માર્ચ પાસ્ટ કર્યું, જ્યાં 'સારે જહાં સે અચ્છા'ની દેશભક્તિની ધૂન ગુંજતી રહી. કાર્યક્રમમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ડેપ્યુટી સીએમ પણ પહોંચ્યા છે. સીએમ યોગીએ કહ્યું- 11 વર્ષમાં બધાએ એક નવા ભારતને જોયું છે. ભારતને બદલાતા જોયું. એક નવી રમત સંસ્કૃતિને વિકસતી જોઈ છે. 2014માં પીએમ મોદીએ 'ખેલો ઈન્ડિયા'ની શરૂઆત કરી. રમત હવે સમયનો બગાડ નથી, પરંતુ જીવનના સર્વાંગી વિકાસનો અભિન્ન અંગ છે. વિવિધ સ્પર્ધાઓ દ્વારા આજે ગામથી શહેર સુધી રમતને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું, 'વોલીબોલ કોઈ સામાન્ય રમત નથી. તે નેટની બંને બાજુ સંતુલન અને સહયોગની રમત છે. આ રમત નિશ્ચયની શક્તિનું પણ પ્રદર્શન કરે છે. ત્યારે જ આપણે સફળ થઈએ છીએ.'

જ્યારે આપણે આપણી જવાબદારીઓને ગંભીરતાથી લઈએ છીએ, ત્યારે આપણો દેશ આ દિશામાં આગળ વધી રહ્યો છે. સ્વચ્છતાથી લઈને ડિજિટલ ચુકવણી સુધી, ધરતી માતાના નામે એક વૃક્ષથી લઈને વિકસિત ભારતનું નિર્માણ કરવા સુધી, આપણે દેશ માટે કામ કરી રહ્યા છીએ.

ભારતનો ગ્રોથ અને અર્થવ્યવસ્થાની પ્રશંસા થઈ રહી છે. આ આત્મવિશ્વાસ રમતગમત ક્ષેત્ર પર પણ પ્રતિબિંબિત થાય છે. 2014થી, આપણે વિવિધ રમતોમાં ભારતનું પ્રદર્શન સતત સુધરતું જોયું છે. જ્યારે આપણે Gen Zને રમતગમતના મેદાન પર ભારતીય ધ્વજ ફરકાવતા જોઈએ છીએ ત્યારે આપણને ખૂબ ગર્વ થાય છે. એક સમય હતો જ્યારે સરકાર રમતગમત પ્રત્યે ઉદાસીન હતી. તેથી, રમતવીરો પણ તેમના ભવિષ્ય વિશે ચિંતિત હતા.

પીએમ મોદીએ કહ્યું, 'આજે, દેશના 28 રાજ્યોની ટીમો અહીં એકઠી થઈ છે. તમે બધા એક ભારત, એક મહાન ભારતનું સુંદર ચિત્ર રજૂ કરી રહ્યા છો. હું બધા ખેલાડીઓને શુભકામનાઓ પાઠવું છું. આપણા બનારસમાં, એવું કહેવામાં આવે છે- બનારસ કે જાનય કે ચાહત હઉવૈ તો બનારસ આવૈ કે પડી...હવે તમે બનારસ આવ્યા છો, તો તમને તે જાણવા મળશે. આપણું બનારસ રમતગમત પ્રેમીઓનું શહેર છે.

પીએમ મોદીએ પોતાના ભાષણની શરૂઆત 'હર હર મહાદેવ'થી કરી. પછી તેમણે કહ્યું, 'દેશભરના તમામ રમતવીરોને અને કાશીમાં મારા પરિવારના સભ્યોને શુભેચ્છાઓ. આજે, કાશીના સંસદ સભ્ય તરીકે, હું તમારા બધા રમતવીરોનું સ્વાગત કરતાં ખૂબ ખુશ છું.'

પીએમએ કહ્યું, 'રાષ્ટ્રીય વોલીબોલ ચેમ્પિયનશિપ આજથી કાશીમાં શરૂ થઈ રહી છે. તમે બધા ખેલાડીઓ ખૂબ મહેનત કર્યા પછી રાષ્ટ્રીય સ્તરે પહોંચ્યા છો. તમે ખૂબ મહેનત કરી છે, અને આવનારા દિવસોમાં કાશીના મેદાન પર તે મહેનતની કસોટી થશે.' યોગીએ કહ્યું, 'આજે, રમતગમતની આ નવી સંસ્કૃતિમાં, ખેલો ઈન્ડિયા ખેલો, ફિટ ઈન્ડિયા ચળવળ અને સાંસદોની રમતગમત સ્પર્ધા ચાલી રહી છે. વિવિધ સ્પર્ધાઓ દ્વારા ગામડાથી શહેરમાં રમતગમતને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.' આ ક્રમમાં, 43 વર્ષ પછી, વારાણસી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સિનિયર નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## જયપુર-મુંબઈ એર ઈન્ડિયા ફ્લાઈટનું ફ્યુઅલ લીક થયું: રનવે પર જતી વખતે પાયલટને ખામીનું એલર્ટ મળ્યું

**જયપુર, તા.04**

રાજસ્થાનના જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શનિવારે સાંજે એક મોટી દુર્ઘટના ટળી હતી. એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-622 માં ફ્યુઅલ લીકેજને કારણે ટેકઓફ રોકી દેવામાં આવ્યું. આ ફ્લાઈટ સાંજે 7:55 વાગ્યે જયપુરથી મુંબઈ જવા રવાના થવાની હતી અને વિમાન રનવે તરફ આગળ વધી રહ્યું હતું. આ દરમિયાન ટેકનિકલ સિસ્ટમમાં ખામીનું એલર્ટ મળ્યું, જે બાદ પાયલટ અને ગ્રાઉન્ડ સ્ટાફે તરત જ ટેકઓફ રોકી દીધું. તમામ મુસાફરોને વિમાનમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા અને તેમને પાછા ટર્મિનલ બિલ્ડિંગમાં લઈ જવામાં આવ્યા. અચાનક બનેલી આ ઘટનાથી મુસાફરોમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, જોકે કોઈના ઘાયલ થવાના સમાચાર નથી. એરપોર્ટ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર તપાસ કરતાં વિમાનના એન્જિનમાંથી ફ્યુઅલ લીકેજની પુષ્ટિ થઈ છે.

એર ઈન્ડિયા દ્વારા મુસાફરો માટે વૈકલ્પિક વિમાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું. લગભગ 4 કલાકના વિલંબ પછી રાત્રે




11:35 વાગ્યે બીજા વિમાનથી તમામ મુસાફરોને મુંબઈ માટે રવાના કરવામાં આવ્યા. એર ઈન્ડિયાની સાથે જ જયપુર એરપોર્ટની ટેકનિકલ ટીમે વિમાનની તપાસ શરૂ કરી દીધી છે, અને ફ્યુઅલ લીકેજના કારણો શોધી કાઢવામાં આવી રહ્યા છે.

આ પહેલા 2 મહિના પહેલા 23 ઓક્ટોબરે ઈન્ડિગોની ફ્લાઈટમાં ફ્યુઅલ લીક થવાને કારણે વારાણસી એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. જે સમયે વિમાનનું ફ્યુઅલ લીક થવા લાગ્યું, વિમાન લગભગ 36000 ફૂટની ઊંચાઈ પર ઉડી રહ્યું હતું. પાયલટે વારાણસી સીમામાં પ્રવેશતા જ ATC (એર ટ્રાફિક કંટ્રોલ) ને મેડે મેસેજ આપ્યો અને પછી લેન્ડિંગ કર્યું. ત્યારબાદ પાયલટે વિમાનને રનવે પર સુરક્ષિત ઉતાર્યું. ઈમરજન્સી ટીમને મોકલીને તમામ મુસાફરોને વિમાનમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા. વિમાનમાં 166 મુસાફરો સવાર હતા.

## ઉદ્ધવે કહ્યું-ભાજપ વોટ ચોરી બાદ ઉમેદવાર ચોરી રહી છે: લોકશાહી પર હવે ભીડતંત્રનો કબજો...

**મુંબઈ, તા.04**

શિવસેના UBT પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે મહાયુતિ પહેલા વોટ ચોરી કરતી હતી હવે ઉમેદવારોનીચોરી કરી રહી છે. દેશમાં એવું વાતાવરણ થઈ ગયું છે જાણે લોકશાહી પર ભીડતંત્રનો કબજો હોય. આ વાતો તેમણે શુક્રવારે મહાયુતિના 68 ઉમેદવારોના બિનહરીફ જીતવાના મામલે કહી. ત્યાં જ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરે 20 વર્ષ પછી શિવસેના ભવન પહોંચ્યા જ્યાં બંને નેતાઓએ પાર્ટી મેનિફેસ્ટો પણ જાહેર કર્યો.

આ તરફ મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે વર્લીમાં એક રેલીમાં કહ્યું કે અમે બાંગ્લાદેશી ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને દેશમાંથી બહાર કાઢીશું. અમે સુનિશ્ચિત કરીશું કે દેશની મુંબઈને એક એવો મેયર મળે જે મરાઠી અને હિન્દુ હોય.

ફડણવીસે ભાષા વિવાદની ટીકા કરતા કહ્યું કે કોઈ પણ મુંબઈને રાજ્યના બાકીના ભાગોથી અલગ કરી શકે નહીં અને મુંબઈકરો વિકાસ ઈચ્છે છે.

તેમણે કહ્યું કે આ ચૂંટણી મુંબઈ અને તેના લોકો વિશે છે, જેઓ



જાગી ગયા છે અને પ્રગતિ ઈચ્છે છે. તેમણે કહ્યું કે જે લોકો પહેલા BMCને નિયંત્રિત કરતા હતા, તેમની નિષ્ક્રિયતાને કારણે હજારો મિલ મજૂરોને શહેર છોડવા મજબૂર થવું પડ્યું.

શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ રવિવારે માંગ કરી કે જે નગર નિગમ ચૂંટણીઓમાં ઉમેદવારો બિનહરીફ જીત્યા છે, તેમને રદ કરવામાં આવે અને આ વોર્ડમાં ફરીથી ચૂંટણી શરૂ કરવામાં આવે. બીજી તરફ, મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ભાજપ અને શિવસેનાના 32 ઉમેદવારો બિનહરીફ જીત્યા પછી શિવસેના (UBT) અને MNS એ પણ ચૂંટણીઓમાં ગેરરીતિનો આરોપ લગાવ્યો. શિવસેના (UBT) ના થાણે પ્રમુખ કેદાર દિઘેએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં નગરપાલિકાની ચૂંટણીમાં બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયેલા 68 ઉમેદવારોમાંથી, ચોંકાવનારા 47 ટકા (32 ઉમેદવારો) એકલા થાણે જિલ્લાના છે. તેમણે પરિણામોની કાયદેસરતા પર સવાલ ઉઠાવતા આ ઘટનાને ચૂંટણી ઈતિહાસમાં એક મોટું ષડયંત્ર ગણાવ્યું હતું. તેમણે વધુમાં દલીલ કરી હતી કે એક પણ ઉમેદવાર હોય તો પણ, મતદારોને નન ઓફ ધ અબવ (NOTA) વિકલ્પ પૂરો પાડવો જોઈએ.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે જો વિરોધ પક્ષો નગરપાલિકાની ચૂંટણીમાં મહાયુતિના ઉમેદવારોના બિનહરીફ ચૂંટણીને પડકારવા કોર્ટમાં જાય તો પણ જનતાનો નિર્ણય જ માન્ય ગણાશે.

ભાજપ અને તેના મહાયુતિ સહયોગીઓએ રાજ્યભરમાં 15 જાન્યુઆરીએ યોજાનારી નગરપાલિકાની ચૂંટણીમાં 68 બેઠકો બિનહરીફ જીતી લીધી છે. વિરોધ પક્ષોએ આરોપ લગાવ્યો છે કે સત્તાધારી ગઠબંધને ઉમેદવારોને ચૂંટણીમાંથી હટાવવા માટે ધમકીઓ અને પૈસાનો ઉપયોગ કર્યો છે.

ખરેખરમાં, MNS એ શનિવારે કહ્યું હતું કે તે મહાયુતિના ઉમેદવારોના બિનહરીફ ચૂંટણીને કોર્ટમાં પડકારશે.

## દરેક આતંકવાદી ડોક્ટર પાસે હતી ઘોસ્ટ સિમ: ફિઝિકલ SIM વિના મેસેજિંગ એપ્સ ચલાવી, ખુલાસા પછી જ લાગુ થયો એક્ટિવ સિમનો નિયમ....

**નવી દિલ્હી, તા.04**

દિલ્હીમાં 10 નવેમ્બર 2025ના રોજ લાલ કિલ્લા નજીક થયેલા બ્લાસ્ટ સાથે સંકળાયેલા વ્હાઈટ-કોલર ટેરર મોડ્યુલના આતંકવાદી ડોક્ટરોએ ઘો સ્ટ સિમ કાર્ડનો ઉપયોગ કર્યો હતો. આના દ્વારા તેઓ પાકિસ્તાની હેન્ડલર્સ સાથે સંકલન કરતા હતા.

PTIના એક રિપોર્ટ અનુસાર અધિકારીઓએ રવિવારે દાવો કર્યો કે આતંકવાદીઓ સુરક્ષા એજન્સીઓથી બચવા માટે ડ્યુઅલ-ફોન પ્રોટોકોલનું પાલન કરી રહ્યા હતા. દરેક આરોપી પાસે બે થી ત્રણ મોબાઈલ હતા.

શંકાથી બચવા માટે તેમના નામે રજિસ્ટર્ડ એક ક્લીન ફોન રાખતા હતા. બીજો ટેરર ફોન હતો જેના દ્વારા પાકિસ્તા ની હેન્ડલર્સ સાથે વોટ્સએપ અને ટેલિગ્રામ પર વાત કરતા હતા.

ડિવાઈસમાં ફિઝિકલ સિમ વગર મેસેજિંગ એપ્સ ચલાવવાની સુવિધાનો લાભ ઉઠાવીને જ આ લોકો ડોકટરોને યુટ્યુબ દ્વારા IED બનાવતા શીખવતા અને હુમલાનો નિર્દેશ આપી રહ્યા હતા.

તપાસના ખુલાસા પછી જ ટેલિકમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટ (DoT)એ ગયા વર્ષે 28 નવેમ્બરના રોજ નિર્દેશ આપ્યો હતો કે વોટ્સએપ, ટેલિગ્રામ અને સિગ્નલ માટે એક્ટિવ સિમ કાર્ડનો નિયમ લાગુ કર્યો છે.

નોંધનીય છે કે લાલ કિલ્લા પાસે કાર વિસ્ફોટના કેસમાં 15 લોકોના જીવ ગયા હતા. તેની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી કરી રહી છે. વોટ્સએપ, ટેલિગ્રામ, સિગ્નલ, સ્નેપચેટ, શેરચેટ, જિયોચેટ, અરાટાઈ અને જોશ જેવા મેસેજિંગ પ્લેટફોર્મ્સ મોબાઈલમાં એક્ટિવ સિમ કાર્ડ વગર ચાલી શકશે નહીં.

મેસેજિંગ પ્લેટફોર્મ્સ એ સુનિશ્ચિત કરે કે એપ ત્યારે જ ચાલશે, જ્યારે યુઝરની રજિસ્ટર્ડ સિમ તે મોબાઈલમાં એક્ટિવ હશે.

'સિમ બાઈન્ડિંગ' હેઠળ જો મોબાઈલમાંથી સિમ કાઢી લેવામાં આવે તો વોટ્સએપ અને બાકીની બીજી મેસેજિંગ એપ્સ બંધ થઈ જશે. લેપટોપ કે ડેસ્કટોપ દ્વારા



લોગિન કરનાર યુઝરને દર છ કલાકે લોગઆઉટ કરવું પડશે. ત્યારબાદ ક્યૂઆર કોડ દ્વારા જ લોગિન થઈ શકશે.

ઘોસ્ટ સિમ એવી મોબાઈલ સિમ કે સિમ આઈડીને કહેવામાં આવે છે, જે કોઈ અસલી વ્યક્તિના નામે રજિસ્ટર હોતી નથી. પરંતુ નકલી/ચોરી કરાયેલા દસ્તાવેજોથી એક્ટિવ કરાવવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં, આ eSIM અથવા ક્લોન કરેલી સિમ પણ હોઈ શકે છે, જેનો ઉપયોગ અસલી યુઝરની જાણકારી વગર કરવામાં આવે છે.

તેનો ઉપયોગ ડિજિટલ ફ્રોડ (ડિજિટલ અરેસ્ટ, OTP ફ્રોડ), મ્યુલ બેંક એકાઉન્ટ સાથે લિંક કરવા માટે, નકલી કોલ, ધમકી, છેતરપિંડી અને સોશિયલ મીડિયા કે એપ્સ પર ફેક એકાઉન્ટ બનાવવા માટે કરવામાં આવે છે.

અધિકારીઓએ જણાવ્યું કે આ સેકન્ડરી ડિવાઈસના સિમ કાર્ડ એવા સામાન્ય નાગરિકોના નામે જારી કરવામાં આવ્યા હતા જેમની આધાર વિગતોનો ખોટો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીર પોલીસે એક અલગ રેકેટનો પણ પર્દાફાશ કર્યો, જ્યાં નકલી આધાર કાર્ડનો ઉપયોગ કરીને સિમ જારી કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, સુરક્ષા એજન્સીઓએ એક વધુ ચિંતાજનક વલણ જોયું, જ્યાં આ કોમ્પ્રોમાઈઝ્ડ સિમ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) અથવા પાકિસ્તાનમાં સરહદ પાર મેસેજિંગ પ્લેટફોર્મ પર સક્રિય હતા. સુરક્ષાની ખામીઓને દૂર કરવા માટે કેન્દ્ર સરકારે ટેલિકમ્યુનિકેશન એક્ટ 2023 અને ટેલિકોમ સાયબર સિક્યોરિટી નિયમોનો ઉપયોગ કર્યો છે જેથી 'ટેલિકોમ ઈકોસિસ્ટમની અખંડિતતાનું રક્ષણ કરી શકાય', જેમાં એક નિયમ એ છે કે 90 દિવસની અંદર, તમામ ટેલિકમ્યુનિકેશન આઈડેન્ટિફાયર યુઝર એન્ટિટીઝ (TIUEs)એ સુનિશ્ચિત કરવું પડશે કે તેમની એપ્સ ત્યારે જ કામ કરે જ્યારે ડિવાઈસમાં એક સક્રિય સિમ લગાવેલું હોય.



# '2036ની ઓલિમ્પિક પણ અહીં જ લાવવાની છે'

## આપણે 100 મેડલ જીતવાના છે, તેમાં 10 તો ગુજરાતના જોઈએ, સુરતમાં ICC ચેરમેન જય શાહનું નિવેદન

**સુરત, તા.04**

સુરતમાં સમાજના શોષિત વંચિત અને પીડિત વર્ગની દીકરીઓના સર્વાંગી વિકાસ માટે ડોક્ટર હેગડેવાર સેવા સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા આયોજિત 'AM/NS Run for Girl Child' ચેરિટી રનની બીજી આવૃત્તિ આજરોજ VNSGU કેમ્પસ, સુરત ખાતે ઉત્સાહ અને ઉમંગ સાથે યોજાઈ હતી. જેમાં ICC ચેરમેન જય શાહે પણ ઉપસ્થિત રહી દોડવીરોનો ઉત્સાહ વધાર્યો હતો. આ સાથે 2036 ઓલમ્પિકમાં ગુજરાત લાવવાનો અને ગુજરાત 10 મેડલ લાવશે અને બે મહિલા મેડલવીર હશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



આયોજન સ્થળ પર સવારથી જોશ, શિસ્ત અને સમાજસેવાની ભાવના જોવા મળી હતી. આ પ્રસંગે ICC ચેરમેન જય શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને દોડવીરો સાથે જ આયોજકોનો પણ ઉત્સાહ વધાર્યો હતો. જય શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન 2030માં કોમનવેલ્થ ગેમ્સ લઈ આવ્યા છે, પરંતુ આપણે કોમનવેલ્થ પર અટકવાનું નથી. આપણે 2036માં ઓલિમ્પિક પણ અહીં જરૂર લાવવાનું છે. 2024ના ઓલિમ્પિકમાં આપણે 8 મેડલ જીત્યા હતા, પરંતુ હું તમને બધાને કહેવા માગુ છું કે, 2036માં 8 મેડલથી નહીં ચાલે, આપણે ઓછામાં ઓછા 100 મેડલ જીતવાના છે. તે 100 મેડલમાંથી ઓછામાં ઓછા 10 મેડલ આપણે ગુજરાતમાંથી જીતીશું તેનો મને પાકો ભરોસો છે. એ 10 મેડલમાંથી 2 મેડલ આમાંથી જ બે મહિલા જીતશે તેનો પણ મને પાકો ભરોસો છે. વધુમાં જણાવ્યું હતું કે, આજે હું તમને બધાને જણાવવા માંગુ છું કે 'સંકલ્પ' શું હોય છે. આપ સૌને યાદ હશે કે 2023ના ODI વર્લ્ડ કપમાં 10 જીત પછી આપણે દિલ જીત્યા પણ કપ ન જીતી શક્યા. તમને યાદ હશે કે રાજકોટમાં એક કાર્યક્રમમાં મેં કહ્યું હતું કે, 2024માં આપણે દિલ પણ જીતીશું, કપ પણ જીતીશું અને બાર્બાડોસમાં ઝંડો પણ ગાડીશું!

વધુમાં જણાવ્યું હતું કે, સંકલ્પ એટલી મોટી વસ્તુ છે કે એકવાર તમે સંકલ્પ કરીને ઠાણી લો, તો પછી તેને તમે મેળવી જ શકો છો, તેનો મને પાક્કો ભરોસો છે. હું 2019થી BCCIમાં છું. હું દેશમાં ફરું છું, વિદેશમાં ફરું છું. બધા લોકો 2025 મહિલા વર્લ્ડ કપની જીત પહેલા એરપોર્ટ પર જે પણ પેરેન્ટ્સ મળતા હતા, તે મને કહેતા હતા કે મારા બાળકને વિરાટ કોહલી બનાવવો છે, રોહિત શર્મા બનાવવો છે, હાર્દિક પંડ્યા બનાવવો છે. પણ 2025 પછી, વર્લ્ડ કપની જીત પછી, હું જ્યાં પણ જાઉં છું ત્યાં બધા કહે છે કે મારે મારી દીકરીને સ્મૃતિ મંધાના બનાવવી છે, હરમન પ્રીત કૌર બનાવવી છે, જેમિમાહ રોડ્રિગ્સ બનાવવી છે.

એટલા માટે જ આજની આ ઈવેન્ટનું નામ છે 'રન ફોર ગર્લ ચાઈલ્ડ'. તો જેમ મેં કહ્યું હતું કે 2036માં 100 મેડલનો સંકલ્પ છે અમારો. 8થી 100... 100માંથી 10 ગુજરાતના મેડલ હશે, પણ એ 10માંથી 2 મેડલ આપણી મહિલાઓ ચોક્કસ જીતશે તેનો મને પૂરો ભરોસો છે. દીકરીઓના સર્વાંગી વિકાસને સમર્પિત આ આયોજનમાં 8થી 10 હજાર દોડવીરોએ ભાગ લઈ સમાજને એક સશક્ત સંદેશ આપ્યો હતો. મેરેથોનમાં 21 કિ.મી., 10 કિ.મી., 5 કિ.મી. અને 2 કિ.મી. જેવી વિવિધ કેટેગરી રાખવામાં આવી હતી અને વિજેતાઓને કુલ મળીને રૂ. 2,20,000ના રોકડ ઈનામો આપવામાં આવ્યા હતા.

સમિતિના સહ સહયોજક શ્યામજી રાઠીએ જણાવ્યું કે, 'AM/NS Run for Girl Child' માત્ર દોડ નથી, પરંતુ દીકરીઓના સર્વાંગી ઉત્થાન માટેનું એક અભિયાન છે. સ્લમ વિસ્તારોમાં રહેતી શોષિત, વંચિત અને પીડિત દીકરીઓને શારીરિક, માનસિક, આધ્યાત્મિક, બૌદ્ધિક અને સામાજિક આ પાંચ ક્ષેત્રોમાં સશક્ત બનાવવા માટે ટ્રસ્ટ સતત કાર્ય કરી રહી છે. ગયા વર્ષે જ્યાં માત્ર 7 કિશોરી વિકાસ કેન્દ્રો હતા, ત્યાં આજે 159 કેન્દ્રો કાર્યરત બન્યા છે. તે ઉપરાંત ટ્રસ્ટનો 'જ્ઞાન મંદિર' પ્રકલ્પ પણ 60 કેન્દ્રોથી વધીને 105 કેન્દ્રો સુધી વિસ્તર્યો છે. આ મેરેથોન દ્વારા કિશોરી વિકાસ કેન્દ્ર આવનારા વર્ષમાં 159માંથી 500 તેમજ જ્ઞાન મંદિર પ્રકલ્પ 105માંથી 300 સુધી પહોંચાડવાનો લક્ષ બનાવ્યો છે. આ ચેરિટી રનથી મળનારી સમગ્ર રકમ દીકરીઓના શિક્ષણ, વિકાસ અને કલ્યાણ કાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

# માઉન્ટ આબુમાં મેદાનો-વાહનો પર બરફનાં થર: ગુજરાતમાં હાડ થીજાવતી ઠંડી, નલિયા 8 ડિગ્રી સાથે ઠંડુગાર, હજુ બેથી ત્રણ ડિગ્રી પારો ગગડશે

**અમદાવાદ, તા.04**

ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદ બાદ નવા વર્ષની શરૂઆતથી જ ગુજરાતમાં ઠંડીનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી રાજ્યભરમાં હાડ થીજાવતી ઠંડી પડી રહી છે. ગુજરાતમાં 8 ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુગાર શહેર બન્યું છે. તો રાજકોટ 9.4 ડિગ્રી તાપમાન સાથે બીજા નંબર પર છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ઉત્તરપૂર્વથી પૂર્વ દિશા તરફ પવન ફૂંકાતા ઠંડીનું જોર વધ્યું છે. આગામી દિવસોમાં ગુજરાતમાં તાપમાનનો પારો હજુ પણ બેથી ત્રણ ડિગ્રી ગગડી શકે છે.



ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના માઉન્ટ આબુમાં તાપમાન માઈનસ 3 ડિગ્રીએ પહોંચ્યું છે. અહીં લઘુત્તમ તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. હાલમાં મેદાનો અને વાહનો પર બરફની થર જામી ગઈ છે. પક્ષીઓ માટે ઘરની બહાર રાખેલા પાણીના કુંડા પણ થીજી ગયા છે અને ઝાકળના ટીપાં બરફમાં ફેરવાઈ ગયા છે. તીવ્ર ઠંડીને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. તો બીજી તરફ પ્રવાસીઓ કડકડતી ઠંડીમાં પણ મોજ માણતા નજરે પડ્યાં હતાં.

હવામાન વિભાગના જણાવ્યાં પ્રમાણે, ગુજરાતમાં સૌથી ઠંડુગાર શહેર નલિયા નોંધાયું છે. નલિયામાં 8 ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજકોટમાં 9.4 ડિગ્રી તાપમાન નોંધાયું છે. તેમજ ડીસામાં પણ તાપમાનનો પારો ગગડીને 10.8 ડિગ્રીએ પહોંચ્યો છે. હાલમાં ઉત્તર ભારતમાં હિમવર્ષા થઈ રહી છે, તેની સીધી અસર ગુજરાતના હવામાન પર જોવા મળી રહી છે. ઉત્તરપૂર્વથી પૂર્વ દિશા તરફ પવન ફૂંકાઈ રહ્યા છે, તેના કારણે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના અનેક શહેરમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. તેમજ હજુ પણ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીના ઘટાડાની પણ આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, આગામી ત્રણ દિવસમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે. પવનની દિશા ઉત્તર પૂર્વથી પૂર્વ તરફ હોવાથી તાપમાનમાં ફેરફાર જોવા મળી શકે છે. આગામી 9 જાન્યુઆરી સુધી સમગ્ર રાજ્યમાં વરસાદની કોઈ શક્યતા નથી. તેમજ વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના પણ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. બાદમાં તાપમાન ઊંચી જતા ઠંડીનું જોર ઘટી શકે છે.

# માંડવીમાંથી હલકી કક્ષાના દોરા આપી છેતરપિંડી આચરતા ઇસમ સામે કાર્યવાહી, 916 રીલ સાથે 7 લાખનો મુદ્દામાલ સાથે એકની ધરપકડ

**વડોદરા, તા.04**

મકરસંક્રાંતિના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા પોલીસે ચાઈનીઝ અને નકલી દોરા વિરુદ્ધની વિશેષ ડ્રાઈવમાં મોટી સફળતા મેળવી છે. શહેરના માંડવી વિસ્તારની રાજપુરા પોળમાં આવેલા એક ગોડાઉનમાંથી પોલીસે અલગ-અલગ કંપનીઓના લેબલવાળા 916 રીલ દોરા જપ્ત કર્યા છે, જેની કિંમત આશરે 7,27,877 રૂપિયા છે. આ દોરા પર 9 તાર અને 12 તારના લેબલ હોવા છતાં વાસ્તવમાં તેમાં માત્ર 4 તાર જ હોવાનું જણાયું છે. આ મામલે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અમદાવાદના એક વેપારીને વોન્ટેડ જાહેર કરાયો છે. બાતમીના આધારે SOG ટીમે માંડવીમાં ગુલામમોહમ્મદ રેજેવાલાના ભાડાના મકાનમાં રેડ પાડી હતી. અહીં મોહમ્મદ મક્સુદ મોહમ્મદ કાસિમ કલકત્તાવાલા નામના વ્યક્તિને પકડવામાં આવ્યો હતો. જે બાદ તપાસ કરતા જાણવા મળ્યું કે, આ દોરા અમદાવાદના કાલુપુર વિસ્તારમાંથી ખરીદીને લાવવામાં આવ્યા હતા. દોરા પર સાંકળ આંઠ, એકે-56, વર્ધમાન પાન્ડા જેવા બ્રાન્ડના લેબલ હતા, પરંતુ તેમને તોડીને ચેક કરતાં તેમાં ઓછા તાર જણાયા હતા જેને લઈ કાર્યવાહી કરવામાં આવી હતી.




પોલીસે હલકી ગુણવત્તા અને ગ્રાહકોને છેતરવા માટે આ દોરાનું વેચાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. ગુણવત્તાની ચકાસણી માટે સેમ્પલ એફ.એસ.એલ. સુરત ખાતે મોકલવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં મોહમ્મદ મક્સુદ મોહમ્મદ કાસિમ કલકત્તાવાલા (ઉંમર 54 વર્ષ, રહે: વચલુ ફળીયુ, રબારીવાસ, તાઈવાડા, વાડી, વડોદરા) ને ઝડપી લેવાના આવ્યો છે. જ્યારે સમસુભાઈ ખોજા (રહે: અમદાવાદ, કાલુપુર પતંગની દુકાનનો વેપારી)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

# સરકારમાંથી સહાય મળવાનું કહી બેંક ખાતા ખોલાવ્યાં: બે ઠગે 12 મ્યૂલ એકાઉન્ટ ખોલાવી ફ્રોડના 50 લાખ ટ્રાન્સફર કર્યા, ખાતા ધારકોને રૂ.2500 પકડાવી દેતા...

**વડોદરા, તા.04**

સાયબર માફિયા મ્યૂલ એકાઉન્ટ ખોલાવીને લોકો પાસેથી ફ્રોડના નાણા ટ્રાન્સફર કરતા હોય છે, જેમાં ખાતા ધારકોને સામાન્ય રકમ ચૂકવી દેતા હોય છે. ત્યારે વડોદરામાં સરકારમાંથી રૂપિયા 2500 સહાય આપવામાં આવે છે, તેવી લાલચ આપી બે ઠગોએ નવેમ્બરથી ડિસેમ્બર, 2025 સુધીમાં 12 લોકોના એકાઉન્ટ ખોલાવ્યા હતા. ગ્રાહકો પાસેથી ચેકબુક, પાસબુક અને એટીએમ કાર્ડ લઈ લીધા હતાં. એટીએમમાં લઈ ગયા બાદ એટીએમ પીન જનરેટ કરીને ઠગોએ રૂપિયા 2500 ગ્રાહકોને ચૂકવી દીધા હતા. આ 12 એકાઉન્ટનો મ્યૂલ ખાતા તરીકે ઉપયોગ કરી તેમાં લોકો સાથે કરેલા ફ્રોડના રૂપિયા 50.01 લાખ ટ્રાન્સફર કર્યા હતા. જે રૂપિયા પણ યુપીઆઈ દ્વારા ટ્રાન્સફર કરી લેવામાં આવતી હતી. ત્યારે આ 12 પૈકી ચાર એકાઉન્ટ સામે એનસીઆરપી પોર્ટલ પર ફરિયાદો પણ નોંધાઇ છે, જેથી બાપોદ પોલીસે આ બંને વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.




વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલા માજીનગરમાં રહેતા જોત્સનાબેન રાયમલભાઈ બાપોદ પોલીસ સ્ટેશનમાં અરજી આપી જણાવ્યું હતું કે, નિતિન રાજપૂત તથા હની સિંધી નામના શખસે મને તથા અન્ય મહિલાઓને સરકાર દ્વારા 2500 રૂપિયાની સહાય આપવામાં આવે છે અને જેના માટે તેઓના દાંડીયા બજારમાં આવેલી ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં લઈ ગયા હતાં. અહીં તેઓના ખાતા ખોલાવ્યા હતાં.

આ બેંક ખાતામાં સાયબર ફ્રોડના નાણા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, જેથી બાપોદ પોલીસે દાંડીયા બજાર ખાતે આવેલી ઇંડિયન ઓવરસિસ બેંક ખાતે અલગ-અલગ 12 જેટલા એકાઉન્ટના સ્ટેટમેંટો મેળવી તપાસ કરી હતી. તપાસમાં આ તમામ બેંક ખાતાઓમાં આશરે નવેમ્બર તથા ડિસેમ્બર, 2025 સુધીના સમયગાળા દરમ્યાન આશરે રૂપિયા 50.01 લાખના ટ્રાન્જેક્શન કરવામાં આવ્યા હોવાનું માલુમ પડ્યું હતું.

આ બેંક ખાતા ઉપર એનસીઆરપી (નેશનલ સાયબર કાઈમ પોર્ટલ) પર સાયબર અરજીઓની તપાસ કરતા 12 એકાઉન્ટ પૈકી 4 પર સાયબર ફ્રોડની અરજીઓ નોંધાયેલી છે. પોલીસે ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં આ ખાતાના ધારકોની પૂછપરછ કરતા નિતીન શીવમંગસિંગ ભદોરીયા ઉર્ફે નિતીન રાજપૂત (રહે.વાઘરીવાસ જોગણીમાતા મંદીર પાસે વારસીયા વડોદરા) તથા હર્ષ રવિ ગુરબક્ષાની ઉર્ફે હની સિંધી (રહેવમીરાનગર હરણી વારસીયા રીંગ રોડ વડોદરા) અલગ-અલગ ગ્રાહકોને લઈ આવી તેઓને ભૂતડીઝાપા ખાતેથી નવા સીમ કાર્ડની ખરીદી કરાવી તેઓના બેંક ખાતા ખોલાવવા માટે જરૂરી ડોક્યુમેંટ આધાર કાર્ડ, પાનકાર્ડ સાથે રખાવી તેઓને દાંડિયા બજાર ખાતે આવેલી ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં લઈ જતા હતા. તેઓ બેંકની નીચે ઉભા રહેતા હતા અને ગ્રાહકને બેંકમાં ખાતુ ખોલાવવા મોકલી આપતા હતા.

ગ્રાહકો બેંક ખાતા ખોલાવી તેઓની પાસેથી નવા ખોલાવેલા બેંક ખાતાની પાસબુક, ચેકબુક તથા એટીએમ લઈ લેતા અને ગ્રાહકોને એટીએમમા લઈ જતી તેઓના એટીએમનો પીન નંબર જનરેટ કરાવી તેઓને 2500 રૂપિયા આપી દેતા હતા. તેઓની પાસેથી બેંકની પુરે પુરી કીટ જેમા નવા ખોલાવેલા બેંક ખાતાની પાસબુક ચેકબુક તથા એટીએમ લઈ લેતા હતા અને જેમાં સાયબર ફ્રોડના રૂપિયા નખાવી યુપીઆઈ દ્વારા ખાતામાં આવેલા સાયબર ફ્રોડના રૂપિયા ટ્રાન્સફર કરાવી ઠગાઈ આચરવામાં આવતી હતી. જેથી સાયબર ક્રાઈમ પોલીસે બંને ઠગ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### મહિલા આપઘાત કરવા 7માં માળે બાંધકામના વાંસ પર ચઢી

# સિવિલના કોવિડ બિલ્ડીંગમાં બાળકને જન્મ બાદ પેટીમાં રખાયું, માતા આઘાતમાં આપઘાત કરવા પહોંચી, ફાયર વિભાગે માંડ રેસ્ક્યુ કર્યું.....

**સુરત, તા.04**

સુરત સિવિલ હોસ્પિટલના કોવિડ બિલ્ડિંગમાં બનેલી આ હૃદયદ્રાવક અને શ્વાસ અધ્ધર કરી દે તેવી ઘટનાના બની છે. એક મહિલા સાતમાં માળે લિફ્ટના કામ માટે બાંધવામાં આવેલા વાંસ પર ચઢી જઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, મજુરા ફાયર સ્ટેશનની ટીમે ભારે જહેમત બાદ મહિલાને સહીસલામત રેસ્ક્યુ કરી નવું જીવન આપ્યું હતું. મળતી માહિતી મુજબ, આ મહિલાએ તાજેતરમાં જ સિવિલ હોસ્પિટલમાં કોવિડ બિલ્ડિંગમાં બાળકને જન્મ આપ્યો હતો. જન્મ બાદ બાળકની તબિયત નાજુક હોવાથી તેને કાચની પેટીમાં રાખવામાં આવ્યું હતું. પોતાના વહાલસોયા બાળકને આવી હાલતમાં જોઈ માતા ઊંડા આઘાતમાં સરી પડી હતી અને માનસિક સંતુલન ગુમાવતા તેણે અંતિમ પગલું ભરવાનું નક્કી કર્યું હતું. કોવિડ બિલ્ડિંગમાં હાલ લિફ્ટનું રિપેરિંગ કામ ચાલી રહ્યું હોવાથી બહારની તરફ સાતમા માળ સુધી વાંસનું સ્ટ્રક્ચર બાંધવામાં આવ્યું છે. મહિલા આ વાંસ પર ચઢી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ હોસ્પિટલ સ્ટાફ અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવતા મજુરા ફાયર સ્ટેશનના ઓફિસર અભિષેક ગઢવી તેમની ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ફાયર ઓફિસરોએ મહિલાને નીચે ઉતરવા ઘણી સમજાવી, પરંતુ તે કશું સાંભળવા તૈયાર નહોતી. ફાયરના જવાનો જ્યારે તેની નજીક પહોંચવાનો પ્રયાસ કરતા, ત્યારે મહિલા વાંસ પર આમતેમ ભાગવા લાગતી હતી, જેના કારણે નીચે પડવાનું જોખમ વધી ગયું હતું. અંતે ફાયરના જવાનોએ વ્યુહરચના બનાવી મહિલાને ચારે બાજુથી વાંસ પર ઘેરી લીધી હતી. જવાનોએ અત્યંત સાવધાનીપૂર્વક મહિલાને પકડી પાડી હતી અને તેને વાંસના સહારે નીચે ઉતારી પહેલા માળ સુધી લાવ્યા હતા, જ્યાંથી તેને સહીસલામત બહાર કાઢવામાં આવી હતી. સફળ રેસ્ક્યુ બાદ ફાયર વિભાગે મહિલાને સિવિલ હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફ અને ત્યારબાદ તેના પરિવારને સોંપી હતી. મહિલા સુરક્ષિત હોવાનું જાણી તેના પરિવારે અને હોસ્પિટલના સ્ટાફે રાહતનો શ્વાસ લીધો હતો.



# GPSC રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની પરીક્ષા પૂર્ણ: સુરતના 27 કેન્દ્ર પર 6,356 ઉમેદવારે પરીક્ષા આપી

**સુરત, તા.04**

રાજ્યભરમાં આજે જીપીએસસીની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની પ્રાથમિક પરીક્ષા સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી કુલ 27 શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે જાહેર કરવામાં આવી હતી. જ્યાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થઈ હતી. 265 વર્ગખંડોમાં 6,356 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. પરીક્ષાને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને CCTVના બાજ નજર હેઠળ પરીક્ષા યોજાઈ હતી. પરીક્ષાની આંકડાકીય વિગતો મળતી માહિતી મુજબ, સુરત સેન્ટર પરથી આજે કુલ 6,356 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. આ ઉમેદવારો માટે કુલ 265 વર્ગખંડોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે હેતુથી તમામ પરીક્ષા કેન્દ્રોને CCTV કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા હતા અને તેનું સીધું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું હતું. સુરક્ષા વ્યવસ્થા અને તંત્રની સજ્જતા પરીક્ષા કેન્દ્રોની સુરક્ષાને ધ્યાને રાખીને શહેર પોલીસ દ્વારા કેન્દ્રોની આજુબાજુ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પરીક્ષાર્થીઓને કોઈ અગવડ ન પડે અને પરીક્ષા પારદર્શક રીતે લેવાય તે માટે શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ સતત નિરીક્ષણ કરી રહ્યા હતા.



# ભરવાડ સમાજના અંદરોઅંદરના વિવાદમાં જાહેર માર્ગ યુદ્ધનું મેદાન બન્યું, વડોદરા પોલીસની 6 સામે કાર્યવાહી

**વડોદરા, તા.04**

વડોદરા શહેરના સોમાતળાવ બ્રિજ પાસે તરસાલી તરફ જતા રોડ પર જાહેરમાં ધીંગાણું મચાવનાર શખસોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. આ વીડિયો સામે આવતા મકારપુરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલે ફરિયાદી બની બન્ને પક્ષના છ શખસ સામે જાહેરમાં દંડા, ધોકા ઉડાવીને ભય ફેલાવવા બદલ ગુનો દાખલ કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે કે, ભરવાડ સમાજના અંદરોઅંદરના વિવાદમાં જાહેર માર્ગ પર આ ધીંગાણું થયું હતું.

આ મામલે કવાભાઈ વાહાભાઈ ભરવાડ, બાથુભાઈ વાહાભાઈ ભરવાડ અને રાકેશભાઈ કાળુભાઈ ભરવાડની ધરપકડ કરી છે. આ ત્રણેય આરોપીને પોલીસે કાન પકડાવ્યા હતા. જ્યારે ત્રણ આરોપી હજુ વોન્ટેડ છે.



પોલીસે નોંધેલી ફરિયાદ મુજબ, વીડિયોમાં કેટલાક વ્યક્તિઓ જાહેર રસ્તા પર એકબીજા સાથે તકરાર કરતા, બુમરાણ કરતા અને હાથ તથા લાકડીઓ વડે મારામારી કરતા જોવા મળે છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ઝઘડો ભરવાડ સમાજના સંબંધીઓ વચ્ચે અંદરોઅંદરના વિવાદને કારણે થયો હતો. અંદરોઅંદર થયેલ ઝઘડામાં જાહેર માર્ગ પર જાણે યુદ્ધનું મેદાન હોય તેમ લાકડીઓ વડે એકબીજા પર પ્રહાર કરતા જોવા મળ્યાં હતાં.

પોલીસે કરેલી આ કાર્યવાહીમાં એક પક્ષમાં લાલા ભોપાભાઈ ભરવાડ હતાં, જ્યારે બીજા પક્ષમાં (1) કવા વાહાભાઈ ભરવાડ (2) ભાથુ વાહાભાઈ ભરવાડ (3) દેહુર વાહાભાઈ ભરવાડ (4) રાકેશ કાળુભાઈ ભરવાડ અને (5) ભરત કાળુભાઈ ભરવાડ સામેલ છે. તમામ આરોપીઓ વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં સંતોષવાડીના ભરવાડ વાસમાં રહે છે. આ તમામ સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનામાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેઓને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં લાલા ભરવાડ (ઉં.વ.30)ને માથામાં ચીરા, છાતી પર ઈજાઓ તથા ડાબા હાથ પર મારના નિશાન જોવા મળ્યા છે. આ ઈજાઓ ગુરુનાનક સ્કૂલ સામેની બાજુમાં થયેલા હુમલાને કારણે થઈ હોવાનું સામે આવ્યું છે.

આ ઘટનામાં આરોપીઓએ જાહેરમાં અનધિકૃત મંડળી રચી, લાકડી જેવા હથિયારોનો ઉપયોગ કરીને ઝઘડો કર્યો અને જાહેર શાંતિ ભંગ કર્યો હોવાથી પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# 2 કલાક 20 મિનિટનું ઓપરેશન: વેનેઝુએલા રાષ્ટ્રપતિ ક્યાં સૂવે છે, શું ખાય છે, મહિનાઓ સુધી નજર રાખી, હવા-જમીન-દરિયાથી હુમલો કરી માદુરોને ઉઠાવ્યા



**કારાકાસ, તા.04**

મધરાત્રે વેનેઝુએલામાં કારાકાસ અનેક વિસ્ફોટોના અવાજથી ધ્રૂજી ઉઠ્યું હતું, આકાશમાં ઉડતા હેલિકોપ્ટરમાંથી ધૂળ ઉડતી હતી અને તેમાંથી અમેરિકન સ્પેશિયલ ફોર્સિસના સૈનિકો નીચે ઉતરી રહ્યા હતા. આ દ્રશ્ય વેનેઝુએલામાં યુએસ ઓપરેશન દરમિયાન કેદ કરવામાં આવ્યું હતું, જે દરમિયાન શહેરના ઘણા ભાગો અંધારામાં ડૂબી ગયા હતા. તે રાત્રે યુએસ સ્પેશિયલ ફોર્સે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને તેમના સેફ હાઉસમાંથી પકડીને કસ્ટડીમાં લીધા હતા. આ હાઈ-ઓક્ટેન ઓપરેશનને વોશિંગ્ટન દ્વારા 'ઓપરેશન એબ્સોલ્યુટ રિઝોલ્વ' નામ આપવામાં આવ્યું હતું, જેને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફ્લોરિડાના માર-એ-લાગો ક્લબથી લાઈવ જોઈ રહ્યા હતા.

મીડિયા અહેવાલો અનુસાર, યુએસ ગુપ્તચર એજન્સીઓ લાંબા સમયથી નિકોલસ માદુરોના દિનચર્યા પર નજીકથી નજર રાખી રહી હતી, જેમાં તે ક્યાં સૂવે છે, તેઓ શું ખાય છે, શું પહેરે છે, દરેક નાની-નાની વાતોનું પણ મેપિંગ કરવામાં આવ્યું હતું. આ યોજના એટલી સંપૂર્ણ હતી કે એલિટ યુએસ સૈનિકોએ કારાકાસમાં તેના સેફ હાઉસની ફુલ સાઈઝ રેપ્લિકા બનાવી અને એન્ટ્રી રુટનું રિહર્સલ કર્યું, જેમ તેઓએ ઓસામા બિન લાદેન મિશન માટે તૈયાર કર્યું હતું.

ઓપરેશનની બ્લુપ્રિન્ટ ડિસેમ્બરની શરૂઆતમાં ફાઈનલ કરવામાં આવી હતી, પરંતુ લોન્ચનો સમય હવામાન અને વાદળછાયું વાતાવરણ દ્વારા નક્કી કરવામાં આવ્યો હતો. નાતાલથી નવા વર્ષના દિવસ સુધી દળો 'ટ્રિગર એલર્ટ' પર રહ્યા. આખરે, શુક્રવારે રાત્રે, ડોનાલ્ડ ટ્રમ્પે આદેશ આપ્યો અને મિશન શરૂ થયું.

આ ઓપરેશન આકાશમાંથી શરૂ થઈ હતી, જેમાં 20 અલગ-અલગ બેઝ અને 150+ એરક્રાફ્ટ - F-22, F-35, F/A-18, EA-18, B-1 બોમ્બર અને અસંખ્ય ડ્રોન - દ્વારા ઉડાન ભરવામાં આવી હતી, જે એર ડિફેન્સ અને લશ્કરી ઠેકાણાંઓ પર સ્ટ્રાઈક કરી હતી, જેનાથી લો-લેવલ હેલિકોપ્ટર માટે એક કોરિડોર બનાવવામાં આવ્યો હતો.

કારાકાસમાં લા કાર્લોટા એરફિલ્ડ અને પોર્ટ લા ગુએરા સહિત અનેક સ્થળોએ વિસ્ફોટો અને ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા. સ્થાનિક સમય મુજબ રાત્રે 02:00 વાગ્યાની આસપાસ કારાકાસમાં જોરદાર વિસ્ફોટો સંભળાયા. આકાશમાં વિમાનો અને હેલિકોપ્ટર ઉડતા જોવા મળ્યા. આ સમય દરમિયાન ઘણા વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ. ટ્રમ્પે દાવો કર્યો હતો કે શહેરની લાઈટો બંધ કરવા માટે 'અમારી ખાસ સ્કીલ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેથી દળો અંધારાનો લાભ લઈ શકે.

ડેલ્ટા ફોર્સ, FBI/લો-એન્ફોર્સમેન્ટની'એપ્રીહેંશન ટીમ' સાથે, સમુદ્ર પાર કરીને લો-એલ્ટીટ્યુડ ફ્લાઈટ દ્વારા માદુરોના કમ્પાઉન્ડમાં એન્ટ્રી કરી. દળોએ સેકન્ડોમાં સ્ટીલના દરવાજા તોડી નાખ્યા અને સ્ટીલના સેફ રૂમમાં પહોંચવાનો પ્રયાસ કરી રહેલા માદુરો દરવાજો બંધ કરી શક્યા નહીં. તેમને અને તેમની પત્ની, સિલિયા ફ્લોરેસને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. જનરલ ડેન કેન (જોઈન્ટ ચીફ્સના અધ્યક્ષ) એ અહેવાલ આપ્યો કે 1:01a.m. વાગ્યે ET પર ટીમ ટારગેટ પર હતી અને 3:29a.m. વાગ્યે ET પર પાછા ફર્યા. એક્સફિલ દરમિયાન પણ "મલ્ટીપલ સેલ્ફ-ડિફેન્સ એંગેજમેન્ટ્સ" થયા, જેને એક કવર આપવામાં આવ્યું હતું.

ટ્રમ્પે માર-એ-લાગો પરથી સમગ્ર ઓપરેશન લાઈવ જોયું. તેમણે તેને 'ટેલિવિઝન શોની જેમ' વર્ણવ્યું, સ્પીડ અને વોયલેન્સની નોંધ લીધી. સાથે એ પણ કહ્યું કે અમેરિકન જાનહાનિ શૂન્ય રહી હતી. આ કાર્યવાહી બાદ, ટ્રમ્પે જાહેરાત કરી કે અમેરિકા વેનેઝુએલા પર અસ્થાયી રૂપે 'સંચાલન' કરશે અને દેશના ઓઈલ સંસાધનોને સક્રિય કરશે. જો જરૂરી હશે તો બીજી મોટી વેવ માટે તૈયાર રહેવાની પણ વાત કરી. કોંગ્રેસનલ ડેમોક્રેટ્સે આ નિવેદનની કાનૂની માન્યતા પર પ્રશ્ન ઉઠાવ્યો, અને ઘણા દેશોએ તેને આંતરરાષ્ટ્રીય કાયદા માટે પડકાર ગણાવ્યો.

ટ્રમ્પના મતે, માદુરો રાષ્ટ્રપતિ ભવનમાં હતા, જે કોઈ કિલ્લાની જેમ સુરક્ષિત હતું. ત્યાં એક ખાસ સેફ રૂમ હતો, જેની દિવાલો સંપૂર્ણપણે સ્ટીલની હતી. માદુરો તે રૂમમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ અમેરિકી સૈનિકો એટલી ઝડપથી અંદર પહોંચ્યા કે તેઓ દરવાજો બંધ જ ન કરી શક્યા. જૉઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફના પ્રમુખ જનરલ ડેન કેને જણાવ્યું કે આ ઑપરેશનની મહિનાઓ સુધી રિહર્સલ કરવામાં આવી હતી. અમેરિકી સેનાને એ પણ ખબર હતી કે માદુરો શું ખાય છે, ક્યાં રહે છે, તેમના પાલતુ પ્રાણીઓ કયા છે અને તેઓ કેવા કપડાં પહેરે છે. એટલું જ નહીં, માદુરોના ઘર જેવું નકલી ભવન બનાવીને અભ્યાસ કરવામાં આવ્યો હતો. યુએસ બાજુ 'કેટલાક ઘાયલ થયાના અહેવાલ છે', પરંતુ કોઈ અમેરિકન સૈનિક માર્યા ગયા નથી. વેનેઝુએલાએ કોઈ જાનહાનિની પુષ્ટિ કરી નથી. અમેરિકાએ અગાઉ માદુરોની ધરપકડ માટે 50 મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. જોકે, શનિવારે સ્થાનિક સમય મુજબ સવારે 4:20 વાગ્યા સુધીમાં, હેલિકોપ્ટર વેનેઝુએલાના પ્રદેશમાંથી નીકળી ગયા હતા. માદુરો અને તેમની પત્ની તેમાં સવાર હતા. તેમને યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટની કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા અને ન્યૂયોર્ક લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમના પર ફોજદારી કેસ ચલાવવાની અપેક્ષા છે. લગભગ એક કલાક પછી, ટ્રમ્પે દુનિયા સમક્ષ ઓપરેશનની સફળતાની જાહેરાત કરી. માદુરોને હાથકડી અને આંખે પાટા બાંધેલા હતા, તેમની સાથે તેમની પત્ની પણ હતી. બંનેને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. માદુરો પર નાર્કો-ટેરરિઝમ અને ડ્રગ દાણચોરીના આરોપો હેઠળ કેસ ચલાવવામાં આવશે.

યુએસ મિશનની વિશ્વભરમાં ટીકા થઈ છે. ચીને તેને 'ખૂબ જ આઘાતજનક ઘટના' ગણાવી, જ્યારે રશિયાના વિદેશ મંત્રીએ વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ સાથે ફોન પર વાત કરી. ભારતે વેનેઝુએલા માટે એક એડવાઈઝરી જારી કરીને કહ્યું, 'ત્યાં બિનજરૂરી યાત્રા ટાળો અને ત્યાં રહેતા ભારતીયોએ સાવધાન રહે.'

ટ્રમ્પે કહ્યું, 'મારા આદેશ પર, અમેરિકી સૈન્યએ વેનેઝુએલાની રાજધાની પર વિનાશક હુમલો કર્યો. અમે જમીન, હવા અને સમુદ્રથી હુમલો કર્યો. આ ઈતિહાસમાં સૌથી સફળ અમેરિકન સેનાનું સૌથી સફળ ઓપરેશન હતું. બીજા વિશ્વયુદ્ધ પછી આવો હુમલો ક્યારેય જોવા મળ્યો નથી.' તેમણે એમ પણ સમજાવ્યું કે ખરાબ હવામાનને કારણે ઓપરેશન ચાર દિવસ માટે મુલતવી રાખવું પડ્યું. વાદળો દૂર થતાં અને પરિસ્થિતિમાં સુધારો થતાં જ ઓપરેશનને લીલીઝંડી આપવામાં આવી.

## માદુરોની ધરપકડ પર વર્લ્ડ મીડિયા : BBCએ કહ્યું- વેનેઝુએલા હવે ટ્રમ્પનો વારસો, અમેરિકી મીડિયાએ લખ્યું- માદુરો સરકાર હઠીલું વલણ અપનાવી રહી છે

**કારાકાસ, તા.04**

અમેરિકાએ 2 જાન્યુઆરીની રાત્રે વેનેઝુએલાના 4 શહેરો પર એકસાથે હુમલો કર્યો. આ દરમિયાન રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો એક મિલિટરી બેઝમાં સૂઈ રહ્યા હતા. ત્યારે અમેરિકાની સિક્રેટ ડેલ્ટા ફોર્સે સર્ચ ઓપરેશન કરીને તેમને શોધી કાઢ્યા.

સૈનિકોએ માદુરો અને તેમની પત્ની સિલિયાને બેડરૂમમાંથી બહાર કાઢ્યા અને પોતાના કબજામાં લઈ લીધા. બંનેને 4 જાન્યુઆરીની મધ્યરાત્રિએ અમેરિકા લાવવામાં આવ્યા. તે જ સમયે, ટ્રમ્પે વેનેઝુએલાની કમાન ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝના હાથમાં સોંપી. અમેરિકાથી લઈને બ્રિટન સુધીની મીડિયા આ ધરપકડને મુખ્યતાથી કવર કરી રહી છે. વાંચો મુખ્ય મીડિયા આઉટલેટે માદુરો વિશે શું લખ્યું...



વેનેઝુએલામાં ડરનો માહોલ બનાવ્યા પછી, ડોનાલ્ડ ટ્રમ્પ હવે રાષ્ટ્ર નિર્માણના વ્યવસાયમાં ઉતરતા જોવા મળી રહ્યા છે. અમેરિકી સેનાએ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીને સફળતાપૂર્વક પકડી લીધા છે. ટ્રમ્પે કહ્યું કે વિદેશ મંત્રી માર્કો રુબિયો અને રક્ષા મંત્રી પીટ હેગસેથ વેનેઝુએલાનો કંટ્રોલ પોતાના હાથમાં લેશે. દેશ ચલાવવાથી ટ્રમ્પનો શું મતલબ છે, હાલમાં તે સ્પષ્ટ નથી, પરંતુ આ એક અચાનક આવેલા બદલાવ તરફ ઈશારો કરે છે. તેમણે અમેરિકી કંપનીઓને તેલ ઉદ્યોગ સુધારવા અને દેશને ફરીથી મજબૂત બનાવવાનું વચન આપ્યું. આ કાર્યવાહી ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિમાં મોટો બદલાવ છે. નિષ્ણાતોના મતે, જો આ સફળ થયું તો ટ્રમ્પનો વારસો ખૂબ મજબૂત બનશે. પરંતુ જો ગડબડ થઈ (જેમ કે લાંબુ યુદ્ધ, પૈસાનો બગાડ કે અરાજકતા) તો તે તેમની મોટી નિષ્ફળતા બનશે.

આ અમેરિકાની દુનિયામાં ભૂમિકા પણ બદલી શકે છે. ઘણા દેશો તેને 'ઈમ્પિરિયલિઝમ' (સામ્રાજ્યવાદ) કહી રહ્યા છે. એટલે કે અમેરિકા બીજા દેશો પર કબજો કરવા માંગે છે, ખાસ કરીને તેલ માટે (વેનેઝુએલા પાસે દુનિયાનો સૌથી મોટો તેલ ભંડાર છે). લેટિન અમેરિકી દેશો, ચીન-રશિયા જેવા વિરોધીઓ તેને ખોટું ગણાવી રહ્યા છે. કેટલાક ટ્રમ્પ સમર્થકો પણ નારાજ છે કારણ કે તેઓ વિદેશી ઝઘડાઓથી દૂર રહેવા માંગતા હતા.

અમેરિકાના વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા વેનેઝુએલાને પોતાના નિયંત્રણમાં લેવાની ઘોષણા પછી, આંતરરાષ્ટ્રીય કાયદા અને રાષ્ટ્રપતિની સત્તાને લઈને ઘણા પ્રશ્નો ઊભા થયા છે.

ટ્રમ્પ પ્રશાસને હજુ સુધી સાર્વજનિક રૂપે જણાવ્યું નથી કે તેઓ કઈ રીતે વેનેઝુએલાનું સંચાલન કરશે. જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું વેનેઝુએલામાં શાસન ચલાવવામાં મદદ કરવા માટે અમેરિકી સેના તૈનાત કરવામાં આવશે, તો તેમણે જવાબ આપ્યો, 'ના, જો ઉપરાષ્ટ્રપતિ તે જ કરશે જે અમે ઈચ્છીએ છીએ, તો અમને આવું કરવાની જરૂર નહીં પડે.'

આનાથી એ સવાલ ઊભો થાય છે કે જો રોડ્રિગ્ઝ પદ છોડવાનો ઈનકાર કરે તો અમેરિકી રાષ્ટ્રપતિ વેનેઝુએલાનું શાસન કેવી રીતે ચલાવશે. કાર્ડોઝો સ્કૂલ ઓફ લોના પ્રોફેસર અને વિદેશ વિભાગના પૂર્વ વરિષ્ઠ વકીલ રેબેકા ઈંગબરે કહ્યું કે તેમને અમેરિકા માટે વેનેઝુએલાને નિયંત્રિત કરવાનો કોઈ કાયદેસર રસ્તો દેખાતો નથી.

તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ આ એક ગેરકાયદેસર કબજો છે અને ઘરેલું કાયદા હેઠળ રાષ્ટ્રપતિને આવું કરવાનો કોઈ અધિકાર નથી.

અમેરિકી રાષ્ટ્રપતિએ વેનેઝુએલા પર હુમલા બાદ માદુરો અને તેમની પત્નીને પકડવાની ઘોષણા કરી. અમેરિકાએ હવાઈ હુમલામાં કારાકાસ અને તેની આસપાસના વિસ્તારો પર બોમ્બમારો કર્યો.

વ્હાઈટ હાઉસે X પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં માદુરોને હાથકડી અને ચપ્પલ પહેરેલા, ન્યૂયોર્કમાં અમેરિકી ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશનના એજન્ટો લઈ જઈ રહ્યા છે.

ટ્રમ્પે કહ્યું, 'અમારી ખૂબ મોટી અમેરિકી તેલ કંપનીઓ વેનેઝુએલા જશે, અબજો ડોલર ખર્ચ કરશે અને ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત માળખાકીય સુવિધાઓનું સમારકામ કરશે.'

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કહ્યું કે રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડ્યા પછી, અમેરિકા વેનેઝુએલા પર સીધો કંટ્રોલ કરશે જેથી કોઈ અન્ય તેના પર કબજો ન કરી શકે. તેમણે ચીનને તેલનો પુરવઠો ચાલુ રાખવાનું પણ વચન આપ્યું છે. આ હુમલો 1989માં પનામા પર થયેલા હુમલા પછી લેટિન અમેરિકામાં અમેરિકાની સૌથી મોટી સૈન્ય કાર્યવાહી હતી અને તેણે તાત્કાલિક આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયાઓને જન્મ આપ્યો, જેમાં સૌથી મુખ્ય ચીનની પ્રતિક્રિયા હતી, જે વેનેઝુએલાનો સૌથી મોટો તેલ ગ્રાહક છે. ફ્લોરિડામાં તેમના માર-એ-લાગો રિસોર્ટમાં એક પ્રેસ કોન્ફરન્સમાં, ટ્રમ્પે સવાલ ઉઠાવ્યો કે શું વિપક્ષી નેતાઓ શાસન કરવાની સ્થિતિમાં છે. તેમણે નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોની પ્રશંસા કરી. તેમણે મારિયાને એક ખૂબ જ સારી મહિલા ગણાવી. જોકે, તેમની પાસે સત્તા સંભાળવા માટે સમર્થનનો અભાવ હતો. મચાડોએ શનિવારે આ પહેલા એક બિલકુલ અલગ વલણ અપનાવતા માદુરોની ધરપકડને આઝાદીની ક્ષણ ગણાવી અને કહ્યું કે વિપક્ષ સત્તા સંભાળવા માટે તૈયાર છે.

## ચીને કહ્યું- અમેરિકા માદુરોને તાત્કાલિક મુક્ત કરે: રાષ્ટ્રપતિનું અપહરણ કરવું ખોટું

### ઉત્તર કોરિયા પણ વેનેઝુએલાના સમર્થનમાં, કહ્યું- અમેરિકા ગુંડાગર્દી કરી રહ્યું છે




**નવી દિલ્હી, તા.04**

ચીને અમેરિકા પાસે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીને તરત જ મુક્ત કરવાની માગ કરી છે. બંને અત્યારે અમેરિકાની કસ્ટડીમાં છે. અમેરિકી સેના તેમને વેનેઝુએલાની રાજધાની કારાકાસથી પકડીને અમેરિકા લઈ ગઈ છે.

ચીની વિદેશ મંત્રાલયે રવિવારે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિને આ રીતે પોતાના દેશ લઈ જવા તે ખોટું છે. આ મુદ્દાનો ઉકેલ વાતચીત દ્વારા થવો જોઈએ. આ પહેલા પણ ચીને અમેરિકાની કાર્યવાહી પર આકરી પ્રતિક્રિયા આપી હતી.

ઉત્તર કોરિયાએ વેનેઝુએલામાં અમેરિકાની કાર્યવાહીને ગુંડાગર્દી ગણાવી છે. ઉત્તર કોરિયાના વિદેશ મંત્રાલયનું કહેવું છે કે અમેરિકાની આ કાર્યવાહી કોઈપણ દેશની આઝાદી અને સંપ્રભુતા પર કરવામાં આવેલો સૌથી ગંભીર હુમલો છે.

અમેરિકી સૈનિકોએ 2 જાન્યુઆરીની રાત્રે વેનેઝુએલા પર હુમલો કરી રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્ની સીલિયા ફ્લોરેસને પકડી લીધા હતા. ત્યારબાદ તેમને ન્યૂયોર્ક લાવવામાં આવ્યા છે, જ્યાં તેમને ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. તેમના પર હથિયાર અને ડ્રગ્સ સાથે જોડાયેલા કેસોમાં મુકદમો ચલાવવામાં આવશે.

## ઓવૈસીએ કહ્યું-મોદીજી આતંકવાદીઓને ઉઠાવીને ભારત લાવો: તમારી 56 ઇંચની છાતી ક્યાં ગઈ....

### ટ્રમ્પ વેનેઝુએલાના રાષ્ટ્રપતિને ઉઠાવી શકે છે તો તમે આતંકીઓને કેમ નહીં

**મુંબઈ, તા.04**

AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ શનિવારે કહ્યું કે અમે જોયું કે વેનેઝુએલામાં ટ્રમ્પે પોતાની સેના મોકલીને ત્યાંના રાષ્ટ્રપતિને ઉઠાવીને અમેરિકા લઈ ગયા. આવું જ કંઈક ભારત પણ કરી શકે છે.

ઓવૈસીએ પીએમ નરેન્દ્ર મોદીનું નામ લઈને કહ્યું કે મોદીજી, અમે તમને કહી રહ્યા છીએ કે 26/11ના આતંકી હુમલા કરનારા ભલે તે મસૂદ અઝહર હોય કે લશ્કર-એ-તૈયબાનો ક્રૂર શેતાન. તમારી (મોદી) 56 ઈંચની છાતી હોય તો તેમને ઉઠાવીને ભારત લઈ આવો. જો ટ્રમ્પ કરી શકે છે તો શું તમે કેમ પાછા પડો છો? જ્યારે તેઓ કરી શકે છે તો તમારે પણ કરવું પડશે, કારણ કે મોદીએ કહ્યું હતું કે 'અબકી બાર ટ્રમ્પ સરકાર'.

ઓવૈસીએ આ વાતો મુંબઈમાં એક જનસભાને સંબોધન કરતા કહી. AIMIM ચીફે પોતાના નિવેદનમાં વેનેઝુએલાનો ઉલ્લેખ એટલા માટે કર્યો કારણ કે 3 જાન્યુઆરીની રાત્રે અમેરિકી સૈનિકોએ વેનેઝુએલા પર હુમલો કરીને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો



અને તેમની પત્ની સીલિયા ફ્લોરેસને પકડીને લઈ ગઈ.

આ પહેલીવાર નથી જ્યારે અમેરિકાએ કોઈ દેશ પર સૈન્ય કાર્યવાહી કરીને ત્યાંના રાષ્ટ્રપતિ કે તાનાશાહને પકડ્યા હોય, આ પહેલા 2003માં ઈરાક અને 1989માં પનામામાં પણ આવા જ ઓપરેશન ચલાવવામાં આવ્યા હતા. પનામા, 1989: અમેરિકાએ લેટિન અમેરિકી દેશ પનામા પર હુમલો કર્યો હતો. અમેરિકાએ પનામાના તાનાશાહ મેન્યુઅલ નોરીએગાને સત્તા પરથી હટાવ્યા હતા, જેમના પર ડ્રગ્સની દાણચોરી અને અમેરિકી વિરોધી કૃત્યોમાં સામેલ હોવાનો આરોપ હતો.

આ હુમલામાં અમેરિકી સેનાએ પનામા સિટી સહિત અનેક વિસ્તારો પર બોમ્બમારો કર્યો હતો, જેમાં લગભગ 2 હજાર લોકોના મોત થયા હતા અને નોરીએગાને પકડીને અમેરિકા લઈ જવામાં આવ્યા હતા. ઈરાક, 2003: અમેરિકાએ ઈરાક પર હુમલો કર્યો. તેનો હેતુ ઈરાકના રાષ્ટ્રપતિ સદ્દામ હુસૈનને સત્તા પરથી હટાવવાનો હતો.

## બાંગ્લાદેશમાં હિન્દુ નેતાને ચૂંટણી લડવા પર પ્રતિબંધ: શેખ હસીનાની બેઠક પર RSS સાથે જોડાયેલા ગોવિંદનું ફોર્મ રદ

**ઢાકા , તા.04**

બાંગ્લાદેશમાં એક હિન્દુ નેતાને ચૂંટણી લડતા રોકવામાં આવ્યા છે. બાંગ્લાદેશમાં 12 ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની છે. ગોવિંદ ચંદ્ર પ્રમાણિકે સંસદીય ચૂંટણીઓ માટે ગોપાલગંજ-3 બેઠક પરથી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું, પરંતુ રિટર્નિંગ ઓફિસરે શનિવારે તેમનું ફોર્મ નામંજૂર કર્યું.

પૂર્વ PM શેખ હસીના ગોપાલગંજ-3થી સાંસદ હતા. અહીં 50%થી વધુ હિન્દુ મતદારો છે. ગોવિંદ અપક્ષ ચૂંટણી લડવા માંગતા હતા. તેઓ વ્યવસાયે વકીલ છે અને બાંગ્લાદેશ જાતીય હિન્દુ મહાજોત (BJHM) નામના સંગઠનના મહાસચિવ પણ છે. BJHM કુલ 23 સંગઠનોનું હિન્દુત્વવાદી ગઠબંધન છે, જે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે જોડાયેલું છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગોવિંદે કહ્યું કે બાંગ્લાદેશમાં એક જોગવાઈ છે જેના મુજબ એક અપક્ષ ઉમેદવારને પોતાના વિસ્તારના 1% મતદારોની સહીઓ લાવવી પડે છે. તે નિયમનું પાલન



કરતા 1% મતદારોની સહીઓ લઈને આવ્યા હતા, પરંતુ બાદમાં તે મતદારોએ રિટર્નિંગ ઓફિસરને આવીને કહ્યું કે તેમની સહીઓ લેવામાં જ આવી ન હતી.

ગોવિંદનો આરોપ છે કે ખાલિદા ઝિયાની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના કાર્યકરોએ મતદારો પર આવું કરવા દબાણ કર્યું. આ પછી, રિટર્નિંગ ઓફિસરે તમામ હસ્તાક્ષરોને અમાન્ય જાહેર કરીને ઉમેદવારી રદ કરી દીધી.

ગોવિંદે દાવો કર્યો છે કે તેઓ અપક્ષ ચૂંટણી લડવા માંગતા હતા, કારણ કે તેમને પોતાની જીત પર વિશ્વાસ હતો. તેમનું કહેવું છે કે ગોપાલગંજના 3 લાખ મતદારોમાંથી 51% હિન્દુ છે.

BNPએ તેમને રસ્તામાંથી હટાવ્યા કારણ કે અહીં તેના જીતવાની શક્યતા બિલકુલ નહોતી. તેમણે કહ્યું, હું ચૂંટણી પંચમાં તેની ફરિયાદ કરીશ. જો મને ન્યાય નહીં મળે તો હું કોર્ટમાં પણ જઈશ. બાંગ્લાદેશી અખબાર ધ ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, ગોબિંદે 28 ડિસેમ્બરે પોતાનું ચૂંટણી ફોર્મ ભર્યું હતું. ત્યારે ગોવિંદે કહ્યું હતું કે ન તો તેમનો કોઈ રાજકીય પક્ષ સાથે સંબંધ છે અને ન તો તેઓ ક્યારેય રાજકારણમાં સક્રિય રહ્યા છે. બાંગ્લાદેશ જાતીય હિન્દુ મહાજોત (BJHM) રાષ્ટ્રીય સ્વયંસેવક સંગઠન સાથે જોડાયેલું છે અને બાંગ્લાદેશમાં હિન્દુત્વની વિચારધારાનો પ્રચાર કરે છે. આ સંગઠન બાંગ્લાદેશના અલગ-અલગ વિસ્તારોમાં 350થી વધુ વૈદિક શાળાઓ ચલાવે છે, જ્યાં બાળકોને ભગવદ ગીતા સહિત અનેક હિન્દુ ગ્રંથોનું શિક્ષણ આપવામાં આવે છે.

ગોવિંદ ચંદ્ર પ્રમાણિક BJHMના મહાસચિવ છે. ગોબિંદે વૈદિક શાળાઓ વિશે 2023માં કહ્યું હતું કે 'અમારો ધ્યેય બાળપણથી જ બાળકોમાં હિન્દુ ગૌરવની ભાવના જગાડવાનો છે જેથી આપણા ધર્મને પ્રોત્સાહન મળી શકે અને તેનું રક્ષણ કરી શકાય. હિન્દુ ધર્મ બાંગ્લાદેશમાં આ સમયે અસ્તિત્વના સંકટનો સામનો કરી રહ્યો છે.'

ગોવિંદ ચંદ્ર પ્રમાણિકની જેમ અન્ય એક હિન્દુ ઉમેદવાર, દુલાલ બિસ્વાસનું પણ ફોર્મ પાછું ખેંચી લેવામાં આવ્યું છે. દુલાલને એક રજિસ્ટર્ડ પોલિટિકલ પાર્ટી ગોનો ફોરમે ટિકિટ આપી હતી. તેથી તેમના પર 1% મતદારોની સહીનો નિયમ લાગુ પડ્યો ન હતો, પરંતુ દસ્તાવેજોની અછતનો હવાલો આપીને તેમનું ફોર્મ પાછું ખેંચી લેવામાં આવ્યું. હવે તેઓ નવા સિરેથી દસ્તાવેજો જમા કરાવવાના છે. ગોપાલગંજ 2 બેઠક પરથી અન્ય એક અપક્ષ હિન્દુ ઉમેદવાર ઉત્પલ બિસ્વાસ ચૂંટણી લડી રહ્યા છે. આ બેઠક પરથી ક્યારેક હસીનાના પિતરાઈ ભાઈ શેખ સલીમ ચૂંટણી લડતા હતા. બિસ્વાસનું કહેવું છે કે 'હું ખેડૂતો અને વંચિતો વચ્ચે કામ કરું છું. મને આશા છે કે તેઓ મને મત આપશે.'

બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર 5 ઓગસ્ટ 2024ના રોજ વિદ્યાર્થીઓના આંદોલન પછી પડી ગઈ, જેના પછી તેમણે રાજીનામું આપી દીધું અને ભારત ભાગી આવ્યા. 8 ઓગસ્ટે નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં એક વચગાળાની સરકાર બની. વચગાળાની સરકારે બાંગ્લાદેશમાં 6 મહિનાની અંદર ચૂંટણી કરાવવાનું વચન આપ્યું.

## તંત્રી લેખ

# ઈન્દોરમાં 120 વર્ષ પહેલાંની પાઈપલાઈનો હજુ વપરાય છે

કહેવાતા સ્વચ્છ ઈન્દોરમાં 120 વર્ષ જૂની પાણીની પાઈપલાઈનો છે. જાણકારોના મતે હોલકર રાજવીઓના શાસન દરમિયાન આ પાઈપો નાખવામાં આવી હતી. હવે આ પાઈપો ખવાઈ ગઈ છે, તુટી રહી છે અને રસ્તા ચોખ્ખા કરીને સેલ્ફિઓ લેતા સરકારી તંત્રની રસ્તાની નીચેની સ્થિતિનું કોઈ ભાન જ નથી : 1900ની સદીની શરૂઆત થઈ ત્યારે ઈન્દોરમાં મહારાજા તુકોજીરાવ હોલકર ત્રીજાનું શાસન હતું. તે સમયે ઈન્દોરમાં પાણીના સપ્લાય માટે પહેલાં તો વીજળીની પણ વ્યવસ્થા કરવાના આદેશ આપ્યા હતા. હોલકર તંત્ર દ્વારા 1905-06માં બિલાવલી તળાવમાંથી પાણી આપવાની યોજના બનાવવામાં આવી હતી : નળમાંથી આવતા પાણીથી એસિડ જેવી બળતરા થાય છે અને ભયાનક દુર્ગંધ આવે છે. ડિસેમ્બરના અંત સુધીમાં તો આ સમસ્યા 90 ટકા ઘરોમાં પહોંચી હતી. પાલિકા અને તેના અધિકારીઓને તથા કોર્પોરેટરોને પણ આ સ્થિતિની જાણકારી અપાઈ હતી તેમ છતાં સરકારે કે સ્થાનિક તંત્રએ કોઈ પગલાં લીધા નહીં. નળમાંથી આવતા પાણીથી એસિડ જેવી બળતરા થાય છે અને ભયાનક દુર્ગંધ આવે છે.

દેશના કહેવાતા સૌથી સ્વચ્છ શહેર ઈન્દોરમાં મોટી દુર્ઘટના બની છે. દુષિતપાણી પીવાના કારણે હજારો લોકોને અસર થઈ છે. નવા વર્ષની શરૂઆતમાં જ ઈન્દોરના ભગીરતપુરા વિસ્તારમાં દુષિત પાણી પીવાને પગલે નવજાત સહિત ૧૦ લોકોનાં મોત થયા છે. બીજી તરફ ૨૦૦થી વધારે લોકો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ સિવાય વિસ્તારમાં રહેતા ૧૦૦૦થી વધારે લોકોની તબિયત પણ બગડી છે અને તેઓ ઘરે સારવાર લઈ રહ્યા છે. આ તમામ લોકોમાં વોમિટિંગ, ડાયેરિયા, ડિયાઈડ્રેશન અને તાવ જેવી બિમારીઓ જોવા મળી રહી છે. જાણકારોના મતે ઈન્દોરમાં વોટર સપ્લાય માટે નાખવામાં આવેલી પાઈપોમાં થયેલા ભંગાણને કારણે જ આ સ્થિતિ ઊભી થઈ છે. પાણીની અંડરગ્રાઉન્ડ પાઈપોમાં ગટરના પાણી પણ ભળી ગયા હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે. ઈન્દોરના અનેક વિસ્તારના લોકો દ્વારા ગત વર્ષે દુષિત પાણી મુદ્દે હજારો ફરિયાદ કરાઈ હતી. તેમ છતાં તેનો કોઈ ઉકેલ આવ્યો નહીં.

સરકારના પોસ્ટરોમાં દેખાતા વિકાસના પ્રતિક સમાન કહેવાતા સ્વચ્છ ઈન્દોરમાં ૧૨૦ વર્ષ જૂની પાણીની પાઈપલાઈનો છે. જાણકારોના મતે હોલકર રાજવીઓના શાસન દરમિયાન આ પાઈપો નાખવામાં આવી હતી. હવે આ પાઈપો ખવાઈ ગઈ છે, તુટી રહી છે અને રસ્તા ચોખ્ખા કરીને સેલ્ફિઓ લેતા સરકારી તંત્રની રસ્તાની નીચેની સ્થિતિનું કોઈ ભાન જ નથી અને સમજ પણ નથી. તેના પગલે જ પીવાના પાણીની અને ગટરની લાઈનો ભેગી થઈ ગઈ અને નવા વર્ષે માસુમ લોકોનો ભોગ લેવાઈ ગયો. હકિકતે ઈન્દોરમાં માત્ર ઉપરછલ્લો વિકાસ થયો છે અને સાફસફાઈ કરાઈ રહી છે. બાકી શહેરની મોટાભાગની ગટર વ્યવસ્થા અને પીવાના પાણીની વ્યવસ્થા તો આજથી ૧૦૦ વર્ષ પહેલાં કરવામાં આવી હતી તેવી જ ચાલે છે. આધુનિક કોર્પોરેશનને તે સુધારવામાં રસ પણ નથી અને કદાચ સમજણ પણ નથી. ઉલ્લેખનીય છે કે, ઈતિહાસકારો નોંધે છે કે, ઈન્દોરમાં ૧૯૦૬ દરમિયાન પાઈપલાઈન અને નળ દ્વારા પાણી પહોંચાડવામાં આવ્યું હતું. હોલકર શાસનમાં આ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આમ જોવા જઈએ તો તે વખતે ભારત ઉપર અંગ્રેજોનું શાસન હતું છતાં ઈન્દોર એક પ્રિન્સલી સ્ટેટ ગણાતું હતું. આ શહેરના માળખાગત વિકાસનું કામ હોલકર રાજાઓના વિઝન અને ફંડિંગ દ્વારા થયું હતું. ટેકનિકલી તે સમયેની પાઈપલાઈનો વિસ્તારવાનું કામ થયું અને ત્યારબાદ તેમાં કોઈ ફેરફાર થયો નથી. તેનું કારણ જ એ છે કે, મધ્ય ઈન્દોરમાં રસ્તાની નીચે આવેલી પાણીની પાઈપલાઈનો હવે એકાદ સદી બાદ ખરાબ થઈ ગઈ છે. ઘણી જગ્યાએ જુની પાઈપલાઈનો છે તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેના કારણે દુર્ઘટના બની હોવાનું તારણ છે. ઈન્દોર ઓલ્ડ સિટીમાં આવી જૂની પાઈપલાઈનો જે ખરાબ સ્થિતિમાં છે.

લેટિન અમેરિકામાં આવેલા આ દેશ વેનેઝુએલા સાથે અમેરિકાને જે વિવાદ થયો હોય તે પણ આ યુદ્ધ અને સંઘર્ષના કારણે વૈશ્વિક અસરો ઊભી થઈ છે. અમેરિકાએ લીધેલા પગલાના કારણે વૈશ્વિક કૂટનીતિને ચિંતામાં મુકી દીધી છે : જાણકારો માને છે કે, ભારતની વિદેશનીતિ ખૂબ જ નબળી રહી છે. તેના પગલે છેલ્લાં એક દાયકામાં ઘણા દેશો સાથે તેના સંબંધો વણસ્યા છે અને હજી તેમાં સ્થિરતા આવી નથી. આ સંજોગોમાં નવા વિવાદમાં ફરી એક વખત ભારત ફસાયું છે. ભારત અમેરિકાને સમજાવી શકે તેમ નથી અને વેનેઝુએલાનો પક્ષ લઈ શકે તેમ નથી : વિદેશમંત્રાલય દ્વારા છેલ્લાં એક દાયકામાં એવી કોઈ નક્કર નીતિ બનાવવામાં આવી જ નથી જેના દ્વારા ભારત અન્ય દેશ ઉપર પોતાનું પ્રભુત્વ જમાવી શકે. એક સમય હતો જ્યારે કોઈપણ આંતરરાષ્ટ્રીય સ્થિતિમાં ભારત પોતાની રીતે દબાણ ઊભું કરી શકતું હતું. હાલમાં ભારત ચારે તરફથી દબાયેલું જોવા મળે છે

# અમેરિકા-વેનેઝુએલા સંઘર્ષ : ભારતની નબળી વિદેશનીતિની વધુ એક પરીક્ષા

## ભારત માટે બંને દેશો મહત્ત્વના છે પણ ભારતનું ખાડે ગયેલું વિદેશમંત્રાલય આ મુદ્દામાંથી બહાર આવી શકશે કે કેમ તે સંશય છે

લેટિન અમેરિકામાં આવેલા દેશ વેનેઝુએલાની રાજધાની કરાકસ શનિવારે વહેલી સવારે ધણધણી ઉઠી હતી. અમેરિકી સૈન્ય દ્વારા અહીંયા તાબડતોડ હમલા કરવામાં આવ્યા હતા. જાણકારોના મતે રાત્રે બે-અઢી વાગ્યા બાદ જોરદાર ધડાકા સંભળાવા લાગ્યા હતા. લોકોમાં ભય ફેલાઈ ગયો હતો. ત્યારબાદ ખબર આવ્યા કે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હુમલા કરવાના આદેશ આપતા અમેરિકી સેનાએ વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોને પકડવા માટે આ હુમલા કર્યા હતા. આ હુમલા દરમિયાન નિકોલસ માદુરો અને તેમની પત્નીને પકડીને અમેરિકી સેના વેનેઝુએલાની બહાર કોઈ અજ્ઞાત સ્થળે લઈ ગઈ છે. બીજી તરફ વેનેઝુએલાના મહત્ત્વના એરપોર્ટ અને બંદરોને હુમલા કરીને વ્યાપક નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. વેનેઝુએલાના સંરક્ષણ મંત્રીએ શરણાગતિ નહીં સ્વીકારીને વળતો જવાબ આપવાની વાત કરી છે. હવે અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે મોટાપાયે સંઘર્ષ શરૂ થઈ ગયો છે. જાણકારોના મતે અમેરિકા છેલ્લાં ઘણા સમયથી વેનેઝુએલાના કાર્ટેલ ડે લોસ સોલેસથી સખત નારાજ હતું. અમેરિકાનો આરોપ હતો કે આ કાર્ટેલ દ્વારા જ આયોજનબદ્ધ રીતે અમેરિકામાં વ્યાપક પ્રમાણમાં ડ્રગ્સ પહોંચાડવામાં આવતું હતું. તેના કારણે અમેરિકાના યુવાનો ખોટા રસ્તે ચડી ગયા હતા. અમેરિકાની નવી પેઢીને નુકસાન થઈ રહ્યું હતું. કહેવાય છે કે, કાર્ટેલ ડે લોસ સોલેસ એટલે કે કાર્ટેલ ઓફ ધ સન. કહેવાય છે કે, વેનેઝુએલાના સૈન્ય અધિકારીઓ અને સરકારી ઉચ્ચ અધિકારીઓના એક નેટવર્કને આ નામ આપવામાં આવ્યું છે. આ નેટવર્ક દુનિયાભરમાં ડ્રગ્સનો સપ્લાય કરતું હોવાનું કહેવાય છે. વેનેઝુએલાના જનરલોના યુનિફોર્મ ઉપર લગાવવામાં આવેલા સૂર્યના ચિન્હ (સોલેસ) ઉપરથી આ નામ આવ્યું છે. અમેરિકાનો દાવો છે કે, આ સંગઠિત નેટવર્ક નાર્કો ટેરરિસ્ટ ગ્રૂપ છે. તેનું નેતૃત્વ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમના નજીકના અધિકારીઓ કરે છે. ૨૦૨૦થી અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા માદુરો અને તેના ૧૪ અધિકારીઓ સામે આ કાર્ટેલ ચલાવવાના આરોપ મુકવામાં આવ્યા હતા. ૨૦૨૫માં જ અમેરિકાએ આ કાર્ટેલને સ્પેશિયલી ડેઝિગ્નેટેડ ગ્લોબલ ટેરરિસ્ટ અને નવેમ્બર ૨૦૨૫માં ફોરન ટેરરિસ્ટ ઓર્ગેનાઈઝેશન જાહેર કર્યું હતું.



વાત એવી છે કે, લેટિન અમેરિકામાં આવેલા આ દેશ વેનેઝુએલા સાથે અમેરિકાને જે વિવાદ થયો હોય તે પણ આ યુદ્ધ અને સંઘર્ષના કારણે વૈશ્વિક અસરો ઊભી થઈ છે. અમેરિકાએ લીધેલા પગલાના કારણે વૈશ્વિક કૂટનીતિને ચિંતામાં મુકી દીધી છે. સ્થિતિ એવી આવી ગઈ છે કે, વેનેઝુએલાસ સાથે વેપાર કરતા અને અમેરિકા સાથે પણ જોડાયાલા દેશો આ પરિસ્થિતિમાં ફિક્સમાં મુકાઈ ગયા છે. તેઓ કોને સમર્થન આપશે અને કોનો વિરોધ કરશે તે નક્કી કરી શકાય તેમ જ નથી. ભારત પણ આવો જ દેશ. અમેરિકા પહેલેથી જ તેનાથી નારાજ ચાલે છે અને તેના કારણે બંનેના સંબંધ તંગ થયેલા છે. હવે જો વેનેઝુએલા અને અમેરિકાનો વિવાદ વધારે ચાલ્યો તો ભારત અને વેનેઝુએલાના સંબંધોને પણ અસર પડી શકે તેમ છે. માત્ર સંબંધો જ નહીં પણ ભારત અને વેનેઝુએલાના વેપારને પણ વ્યાપક અસર પડશે. જાણકારો માને છે કે, ભારતની વિદેશનીતિ ખૂબ જ નબળી રહી છે. તેના પગલે છેલ્લાં એક દાયકામાં ઘણા દેશો સાથે તેના સંબંધો વણસ્યા છે અને હજી તેમાં સ્થિરતા આવી નથી. આ સંજોગોમાં નવા વિવાદમાં ફરી એક વખત ભારત ફસાયું છે. ભારત અમેરિકાને સમજાવી શકે તેમ નથી અને વેનેઝુએલાનો પક્ષ લઈ શકે તેમ નથી. આ સિવાય ભારતના ત્યાં રહેતા નાગરિકોની સુરક્ષા મુદ્દે પણ ભારતે નક્કર પગલાં લેવા પડે તેવી સ્થિતિ આવે તો નવાઈ નહીં.

ભારત અને વેનેઝુએલા વચ્ચે ૧૯૫૯થી રાજદ્વારી સંબંધો છે. ખાસ કરીને ઊર્જા સેક્ટરમાં અને ક્રૂડ સેક્ટરમાં પણ વર્ષોથી વેપાર ચાલે છે અને તેના પગલે બંને દેશોના સંબંધો પણ ગાઢ છે. દુનિયાના મોટા તેલ ઉત્પાદક અને સપ્લાયર દેશોમાં વેનેઝુએલાનું પણ નામ આવે છે. તેની પાસે મોટા ઓઈલના ભંડારો છે. ભારત ઘણા લાંબા સમયથી વેનેઝુએલા પાસેથી ક્રૂડની આયાત કરતું હતું. ભારતની જાહેર સાહસની કંપની ઓએનજીસી વિદેશ લિમિટેડ દ્વારા વેનેઝુએલાના ઓઈલ સેક્ટરમાં મોટાપાયે રોકાણ પણ કરવામાં આવેલું છે. તેમાં પણ હેવી ઓઈલ સેક્ટરમાં અને યોજનાઓમાં ઓએનજીસીનું વ્યાપક રોકાણ છે. એક વાત એ પણ સ્પષ્ટ છે કે, અમેરિકી પ્રતિબંધો બાદ ભારતે અધિકારિક રીતે વેનેઝુએલા પાસેથી ક્રૂડ આયાત કરવાનું ઓછું કરી દીધું હતું. તેમ છતાં ભારત અને વેનેઝુએલા વચ્ચે થયેલી ભાગીદારી સંપૂર્ણ બંધ થઈ નથી.

આ સંજોગોમાં પહેલો જ સવાલ એ આવે કે, ભારત પોતાની વિદેશનીતિ હેઠળ કેવી રીતે કામ કરશે. ભારત મુક્ત રીતે વેનેઝુએલાને સમર્થન આપશે કે કેમ તે પણ સંશય છે. ભારત હાલમાં તો વેનેઝુએલા કે માદુરોને મુક્ત રીતે સમર્થન આપે તેવી સ્થિતિમાં નથી. તે પોતાના કહેવાતી અને સાવ નિષ્ફળ ગયેલી મલ્ટિ એલાઈન્મેન્ટ નીતિ દ્વારા આ સ્થિતિમાં ટકી રહેવા ફરીથી પ્રયાસ કરશે. હાલમાં તો દેખાતું નથી કે, ભારત વેનેઝુએલાનું સમર્થન કરે કે પછી તેનો વિરોધ પણ કરે. તેના કારણે જ તે રશિયા-યુક્રેન યુદ્ધ, ઈરાન-અમેરિકા સંઘર્ષ અને ઈઝરાયેલા-પેલેસ્ટાઈન યુદ્ધમાં જે નીતિ અપનાવી હતી તે તટસ્થતા જાળવવાનો પ્રયાસ કરશે. ભારત બીજી તરફ વેનેઝુએલામાં સત્તા પરિવર્તન માટે અમેરિકા દ્વારા અપનાવાયેલા સૈન્ય પગલાંને પણ સમર્થન આપે તેમ લાગતું નથી.

એક વાત નક્કી છે કે, ભારતે ત્યાં વસતા નાગરિકોની સુરક્ષા અને વેનેઝુએલામાં વેપાર કરતા અને તેના માટે આવતાજતા લોકોના સંરક્ષણ માટે નક્કર પગલાં લેવા પડશે. જાણકારોના મતે વેનેઝુએલામાં ભારતીયોની સંખ્યા અંદાજે પાંચ હજાર જેટલી પણ નથી. અહીંયા જેટલા લોકો રહે છે તે મોટાભાગે વેપારીઓ છે. તેઓ હોટેલ અને રેસ્ટોરાંના વ્યવસાય સાથે સંકળાયેલા છે. બીજા કેટલાક ફાર્મા ઉદ્યોગ અને ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા પ્રોફેશન્લસ છે. તેમ છતાં આ ભારતીયોની જીવન-મરણનો સવાલ ઊભો થાય તો ભારતે તેના માટે પગલા લેવા પડશે. હાલમાં તો ભારતીયો ઉપર કોઈ સંકટ દેખાતું નથી પણ જો અમેરિકી હુમલા વધી જાય અને સ્થિતિ લંબાય તો ભારતે નાગરિકોને બહાર કાઢવા અને પાછા લાવવા પગલા લેવા પડે. તેના માટે કોન્યુલર મદદ લેવી પડે. કદાચ હાલત વધારે ગંભીર થાય તો ઓપરેશન ગંગા અને ઓપરેશન કાવેરી જેવા મોડલ ઉપર એક રેસ્ક્યુ ઓપરેશન પ્લાન કરવું પડે અને નાગરિકોને ત્યાંથી સુરક્ષિત પાછા લાવવા પડે. ઉલ્લેખનીય છે કે, ભારતે આ પહેલાં પણ યૂક્રેન, સુદાન, અફઘાનિસ્તાન અને અન્ય સંકટગ્રસ્ત દેશોમાંથી પોતાના નાગરિકોને સુરક્ષિત પાછા લાવવાની કામગીરી કરી જ છે.

મહત્ત્વની વાત એ છે કે, વિદેશમંત્રાલય દ્વારા છેલ્લાં એક દાયકામાં એવી કોઈ નક્કર નીતિ બનાવવામાં આવી જ નથી જેના દ્વારા ભારત અન્ય દેશ ઉપર પોતાનું પ્રભુત્વ જમાવી શકે. એક સમય હતો જ્યારે વિદેશોમાં ભારતનું માન હતું અને કોઈપણ આંતરરાષ્ટ્રીય સ્થિતિમાં ભારતનું માન જાળવવામાં આવતું હતું. ભારત પોતાની રીતે દબાણ ઊભું કરી શકતું હતું. હાલમાં ભારત ચારે તરફથી દબાયેલું જોવા મળે છે. આ કેસમાં પણ ભારત અને અમેરિકાનું જોડાણ વધારે જૂનું અને મજબૂત છે. ભારત હાલમાં એવા સ્તરે છે કે, વેનેઝુએલાને અપનાવી નહીં શકે અને અમેરિકાને છોડી નહીં શકે.

તે મધ્યમ રસ્તો પસંદ કરવા જશે પણ તેમાં તેની શાખને જ અસર પડશે. એક વાત સ્પષ્ટ છે કે, અમેરિકા અહીંયાથી અટકી ગયું તો વાંધો નથી પણ જો આ સંઘર્ષ લાંબો ચાલ્યો તો ભારતની એનર્જી પોલિસીને ચોક્કસ અસર પડશે. તેના નાગરિકોના જીવ જોખમમા મુકાશે.

ભારતે હાલમાં તો અમેરિકા સાથે સંતુલન સાધીને પોતાના હિત સચવાય તેવો રસ્તો શોધવો અને અમલમાં મુકવો પડશે. આ વધુ એક વૈશ્વિક કામગીરી છે જે ભારતની વિદેશનીતિની અગ્નિપરીક્ષા લેશે.

ઉલ્લેખનીય છે કે, વેનેઝુએલા ઉપર અમેરિકાના હુમલા લાંબા સમય સુધી ચાલ્યા અને આ સંઘર્ષ લાંબો ચાલ્યો તો ભારત પોતાની ક્રૂડની અને ઊર્જાની જરૂરીયાતો મુદ્દે ફિક્સમાં મુકાશે. ભારત ઊર્જા અને ક્રૂડ સેક્ટરમાં પોતાની જરૂરિયાતોનો મોટો હિસ્સો આયાત કરે છે અને તેમાં વેનેઝુએલાનું પણ યોગદાન છે. વેનેઝુએલાનું તેલ ભારે અને સસ્તું ગણાય છે. આ સંજોગોમાં તો વેનેઝુએલા અને અમેરિકાનો સંઘર્ષ લાંબા સમય સુધી ચાલ્યો તો ક્રૂડના ઉત્પાદનને અસર પડી શકે તેમ છે. તેના પગલે વૈશ્વિક સ્તરે ક્ડની કિંમત ઉચકાશે. ભારતને પણ મળી રહેલા ક્રૂડની કિંમતમાં વધારો જોવા મળશે. આ સંજોગોમાં ભારતની આયાત ઉપર દબાણ વધશે.

ભારતે મિડલ ઈસ્ટના દેશો અને આફ્રિકા તરફ વધારે આશા રાખવી પડશે. રશિયા તેનું ભાગીદાર છે પણ હાલના સંજોગોમાં તો રશિયા જોડેથી ભારત ક્રૂડ ખરીદે છે તેમાં પણ અમેરિકાને વાંધો છે. તેના કારણે ભારતે રશિયાની પાસેથી પણ ક્રૂડ ખરીદવાનું ઓછું કરી દીધું છે. તેથી ક્રૂડ અને એનર્જી સેક્ટરમાં ભારતની સમસ્યામાં વધારો થશે. આ તો માત્ર એક જ સેક્ટરની વાત થઈ છે. અમેરિકી દબાણના કારણે ભારત અને વેનેઝુએલાના સંઘર્ષને પગલે બીજા ઘણા સેક્ટરમાં ભારતને સહન કરવાનું આવશે. ભારત-વેનેઝુએલાના વ્યાપરી સંબંધો ઘણા સમયથી અમેરિકી પ્રતિબંધોના કારણે પ્રભાવિત થયેલા છે. હવે આ સંઘર્ષને પગલે ભારત અને વેનેઝુએલા બંને ઉપર દબાણ વધશે. તેના કારણે ફાર્મા સેક્ટર, ચોખા અને અન્ય કૃષિ ઉત્પાદન, કેટલાક એન્જિનિયરિંગ સેક્ટરના બિઝનેસને વ્યાપક અસર થવાની ભીતિ છે. જાણકારો માને છે કે, જો આ યુદ્ધ લાંબુ ચાલશે તો ભારત સાથેની વેનેઝુએલાની બેન્કિંગ ચેનલ્સ પણ ખોરવાઈ જશે અને ભારતીય કંપનીઓ માટે જોખમ ઊભું થશે. આયાત અને નિકાસ સાથે જોડાયેલા વેપારમાં મોટું સંકટ સર્જાય તેમ છે.

# 2026માં ચૂંટણી બાબતે કયા કયા દેશો પર નજર રહેશે

ગયા વર્ષે વિશ્વના ૭૦ દેશોના લોકોએ સરકાર ચૂંટવા માટે મતદાન કર્યું હતું. ચૂંટણીના કેટલાક પરિણામોએ વિશ્વને ચોંકાવ્યું હતું અને કેટલાક અપેક્ષીત જ હતા. વિશ્લેષકો માની રહ્યા છે કે ૨૦૨૬માં પણ વિશ્વની કેટલીક ચૂંટણીના પરિણામાં આંચકાજનક હશે. ખાસ કરીને અમેરિકાના પ્રમુખ તરીકે ટ્રમ્પના આવ્યા પછી વૈશ્વિક રાજકારણની પરિસ્થિતિ બદલાઈ રહી છે. ૨૦૨૬ના જાન્યુઆરીથી માર્ચ સુધીમાં યુગાન્ડા, પોર્ટુગલ, બેનામ, ઓસ્ટારીકા, થાઈલેન્ડ, બાંગ્લાદેશ, નેપાલ, વિયેટનામ, કોન્ગો અને સ્લોવેનિયામાં ચૂંટણી થવાની છે. એ જ રીતે એપ્રિલથી જૂન મહિનામાં લિબીયા, પેરૂ, બેનીમ, સાઈપ્રસ, કોલંબીયા, ઈથોપિયા, આર્મેનિયા, અલજીરીયા અને આઈસલેન્ડમાં ચૂંટણી થવાની છે. જુલાઈથી સપ્ટેમ્બર મહિના સુધીમાં ઝાંબીયા, હૈતી, સ્વિડન, મોરોક્કો, રશિયામાં ચૂંટણી થશે. ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીમાં બ્રાઝીલ, ઈઝરાયલ, બલ્ગેરિયા, ડેનમાર્ક, ગામ્બિયા, દક્ષિણ સુદાન અને ન્યુઝીલેન્ડમાં ચૂંટણી થશે. દેશમાં દર વર્ષે યોજાતી આઈપીએલ ક્રિકેટ સ્પર્ધા પર બીસીસીઆઈનું સંપૂર્ણ પ્રભુત્વ છે. બીસીસીઆઈની મરજી વગર દેશમાં ક્રિકેટ બાબતે કોઈ પાંદડુ પણ હાલતું નથી. જે પક્ષ કેન્દ્રમાં સત્તા પર હોય એનો પ્રભાવ બીસીસીઆઈ પર રહે છે. હમણા કેન્દ્રમાં ભાજપ સરકાર હોવાથી સ્વાભાવીક છે કે બીસીસીઆઈ પર ભાજપનું વર્ચસ્વ હોય. હવે ભાજપ ધર્મ સંકટમાં મૂકાયો છે. આઈપીએલમાં બાંગ્લાદેશના ક્રિકેટરને ૯.૨ કરોડ રૂપિયા આપીને શાહરુખ ખાનની કે કે આર મેનેજમેન્ટે ખરીદ્યો છે. આ બાબતે જાણીતા ધર્માચારીઓ રામભદ્રાચાર્ય અને દેવકીનંદને કડક વિરોધ કર્યો છે. રામભદ્રાચાર્યએ કહ્યું છે કે, 'શાહરૂખ ખાન હિરો નથી. એનું કોઈ ચરીત્ર નથી.' દેવકીનંદનએ પણ કહ્યું હતું કે કોઈપણ વ્યક્તિ એટલો પથ્થરદીલનો કઈ રીતે થઈ શકે કે જે દેશમાં હિન્દુઓ પર અત્યાચાર થતા હોય એને ખરીદે છે. હવે મજાની વાત એ છે કે બીસીસીઆઈએ બાંગ્લાદેશના ક્રિકેટરને ખરીદવાનો બચાવ કરતા એવું કહ્યું છે કે, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કોઈ દુશ્મનાવટ નથી. ટીકાકારો કહી રહ્યા છે કે, એક તરફ ભાજપના કેટલાક નેતાઓ શાહરૂખ ખાનનો વિરોધ કરે છે ત્યારે બાકીના શક્તિશાળી નેતાઓને વાંધો નથી કે બાંગ્લાદેશી ક્રિકેટર



ભારતમાં આવીને રમે. આ વર્ષે દેશના પાંચ રાજ્યોમાં ચૂંટણી થવાની છે. દેશની ૧૭ ટકા વસ્તી નવી સરકાર ચૂંટશે. પશ્ચિમ બંગાળ, તામીલનાડુ અને કેરળમાં ભાજપે કદી સરકાર બનાવી નથી. જ્યારે આસામમાં ત્રીજી વાર અને પોન્ડીચેરીમાં બીજી વખત સત્તા પર આવવાની ભાજપ કોશીષ કરશે. ૧૪ વર્ષથી મુખ્યમંત્રી રહેલા મમતા બેનર્જી સામે આ વખતે બીજેપી ટક્કર આપશે. જો આ વખતે ટીએમસી ચૂંટણી જીતી તો મમતા બેનર્જી રેકોર્ડ બ્રેક સતત ચોથીવાર મુખ્યમંત્રી બનશે. આ રીતે ચૂંટણી જીતનાર મમતા દેશના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બની શકે. આ પહેલા જયલલીતા પાંચ વખત તામીલનાડુના મુખ્યમંત્રી બન્યા હતા. જોકે તેઓ ૧૯૯૧થી ૨૦૧૬ સુધી મર્યાદીત સમયમાં જ મુખ્યમંત્રી રહ્યા હતા. આસામમાં ૧૦ વર્ષથી ભાજપ સત્તા પર છે. વડાપ્રધાન મોદી છ મહિનામાં ત્રણ વખત રાજ્યની મુલાકાતે આવી ગયા છે. કુલ ૧૨૬ બેઠકોમાંથી ૧૦૦ બેઠકો પર જીતવાની ભાજપને મહત્વાકાક્ષા છે. ભાજપને રોકવા માટે કોંગ્રેસ સહીત ૧૦ પક્ષોએ ગઠબંધન બનાવ્યું છે. સામ્યવાદી પક્ષ અને કેટલાક કોંગ્રેસ સાથે જોડાયા છે. તામિલનાડુ એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં છેલ્લા ૭ વર્ષથી ભાજપની કે કોંગ્રેસની સરકાર બની નથી. સામાન્ય રીતે રાજ્યમાં સ્થાનિક ભાષાની વાત આવે છે ત્યારે ભાજપનું વલણ ખૂબ આક્રમક હોય છે. પરંતુ ઘણાને જાણીને નવાઈ લાગશે કે વર્ષો પહેલા પંજાબમાં ભાષા બાબતે આંદોલન શરૂ થયું હતું અને વિવિધ સંપ્રદાયો વચ્ચે તડ પડવા માંડી હતી એ વખતે શીખ નેતા સરદાર ચિંરજીવ સિંહએ ગુરુ ગોલવલકરનો સંપર્ક કર્યો હતો. એ વખતે ગોલવલકર પંજાબ આવ્યા હતા અને કહ્યું હતું કે, પંજાબમાં રહેતા તમામ શીખો, હિન્દુઓ અને મુસ્લિમોની માતૃભાષા પંજાબી છે અને એમણે પંજાબીને માતૃભાષા તરીકે સ્વીકારી લેવી જોઈએ એમના આ નિવેદને મલમનું કામ કર્યું હતું. સરદાર ચિંરજીવ સિંહે 'ઈહી જનમ તુમ્હારે લેખે' પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકનું વિમોચન ૨૦૧૫માં થયું હતું. પુસ્તકનું વિમોચન આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે કર્યું હતું. ચિંરજીવ સિંહના ૮૫માં જન્મદીન નીમિત્તે પ્રમુખ ભાગવતે એમને ૮૫ લાખ રૂપિયા રોકડા ભેટમાં આપ્યા હતા. ચિરંજીવ સિંહે આ પૈસાનો ઉપયોગ શીખ ઈતિહાસના રીસર્ચ માટે કરવાની જાહેરાત કરી હતી. ૨૦૨૩માં ચિંરજીવ સિંહનું મૃત્યુ થયું હતું. ચિંરજીવ સિંહના એક પગલાને કારણે આજે સમગ્ર પંજાબની રાજ્યભાષા પંજાબી છે.

બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન પછી સતત કટ્ટરવાદીઓની આક્રમકતા વધતી જાય છે. બાંગ્લાદેશની લઘુમતી હિન્દુઓમાં ડરનો માહોલ છે. કેટલાક હિન્દુઓની હત્યા થઈ એ વિશે બધા જાણે છે પરંતુ કેટલીક સુક્ષ્મ રીતે હત્યાઓ થાય છે અને સરકાર એમાં ભાગીદાર છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારે ૨૦૨૬ માટે સત્તાવાર રજાઓની યાદી જાહેર કરી છે. આ યાદીને કારણે બાંગ્લાદેશમાં વિવાદ ઉભો થયો છે. પહેલા સરસ્વતી પૂજા સહિત હિન્દુ તહેવારો પર રજા જાહેર કરવામાં આવતી હતી. હવે ચાર મોટા તહેવારોની રજા રદ કરવામાં આવી છે. હિન્દુ તહેવારો ઉપરાંત બુદ્ધ પૂર્ણિમા અને મજૂર દિવસની રજાઓ પણ રદ કરવામાં આવી છે. હવે આ તમામ દિવસોએ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ ચાલુ રહેશે. રમઝાન અને ઈદ-ઉલ-ફીત્રની રજા ચાલુ રાખવામાં આવી છે. બીજો વિવાદ ભાષા શહિદ દિવસને કારણે થયો છે. બાંગ્લાદેશના નિર્માણમાં ૧૯૫૨માં થયેલા ભાષા આંદોલનનો ફાળો મોટો છે. આક્ષેપ થઈ રહ્યો છે કે, સરકાર ઈતિહાસમાંથી ભાષા આંદોલનને ભૂસી નાખવા માંગે છે. અરવલ્લી પર્વતમાળા બાબતે સુપ્રિમ કોર્ટના પહેલા ચુકાદા પછી ખનન બાબતે ભાજપના મંત્રીએ કોર્ટના ચુકાદાની જાહેરમાં તરફેણ કરી હતી. ત્યાર પછી દેશ આખામાં અરવલ્લી પર્વતમાળાના ખનનનો વિરોધ થયો હતો. ત્યાર પછી સુપ્રિમ કોર્ટે ફરીથી પોતાના ચુકાદાને બદલીને ખનન પર રોક લગાવી દીધી હતી. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ભાજપના પ્રવક્તાઓ ચૂપ રહ્યા હતા. હવે એવી વાત બહાર આવી છે કે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પહેલેથી જ અરવલ્લી પર્વતમાળાના ખનનથી ચિંતીત હતો. સંઘના પ્રમુખ મોહન ભાગવતે એક પ્રવચનમાં અરવલ્લી પર્વતમાળાનું ઉદાહરણ આપીને કહ્યું હતું કે વિકાસ અને પર્યાવરણ વચ્ચેનું સંતુલન જરૂરી છે.

# વિદેશનીતિમાં ભારત હંમેશા ગુમરાહ થતું આવ્યું છે

ન્યૂયોર્કના મેયરપદે શપથ લીધાના બીજા જ દિવસે જોહરાન મમદાનીએ પોત પ્રકાશ્યું છે. તેણે ભારતની જેલમાં કેદ એક ગુનેગારને પત્ર લખીને સહાનુભુતી વ્યક્ત કરી છે. મમદાનીએ ઉમર ખાલિદને મોકલાવેલા પત્રમાં લખ્યું કે, મનમાં રહેલી કડવાશ હું સમજી શકું છું. મારી તારા માટે સહાનુભુતી છે. તારા માતા-પિતાને મળીને આનંદ થયો હતો. મમદાનીએ ખાલિદને છોડાવવા માટે લોકોને અપિલ કરી છે. ઉલ્લેખનીય છે કે, આ મમદાની જ્યારે ચૂંટણી લડતો હતો ત્યારે અમેરિકી પ્રમુખ ટ્રમ્પ તેની વિરુદ્ધ હતા. મમદાની જીતે નહીં તે માટે ટ્રમ્પે એડીચોટીનું જોર લગાવતા હતા. આ મમદાની ભારત આવીને અને ભારતીયોની સહાનુભુતી અને સાથ મેળવીને ચૂંટણી જીતી ગયો. સત્તામાં આવતાની સાથે જ તેણે ભારત જોડે બેક સ્ટેબિંગ શરૂ કરી દીધું. આ પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પે પણ આવું જ કર્યું હતું. સત્તામાં આવવા માટે ભારત અને ભારતીયોના ભરપેટ વખાણ કર્યા હતા. ભારતીય પીએમ જાતે અમેરિકા આંટો મારી આવ્યા અને ટ્રમ્પને જીતાડવા ભારતીયોને પાનો ચડાવતા આવ્યા. પરિણામ શું આવ્યું? ટ્રમ્પે પણ સત્તામાં આવતા જ ભારતને કનડવાનું શરૂ કરી દીધું. ટેરિફ નાખી દીધો, ઈમીગ્રન્ટ ભારતીયોને બંદી બનાવીને ડિપોર્ટ કર્યા અને બીજા ઘણા પગલાં લીધા. મૂળ વાત એટલી જ છે કે, ભારતની વિદેશનીતિ પહેલા જેવી અસરકારક અને નક્કર રહી નથી. છેલ્લાં એક દાયકાથી ભારત વિદેશનીતિમાં ગુમરાહ થતું આવ્યું છે અને ધરાર થાપ ખાતું આવ્યું છે.



દિલ્હીમાં વાયુ પ્રદૂષણની સમસ્યાનો અંત આવતો નથી. વિરોધ પક્ષો અને પ્રજા દિલ્હીની ભાજપ સરકાર સામે આ બાબતે માછલા ધોઈ રહી હોવા છતા પ્રદૂષણ માટે જાતભાતના બહાના કાઢવામાં આવે છે. દર વર્ષે દિલ્હીમાં ઓક્ટોબર મહિનો શરૂ થાય ત્યારથી પ્રદૂષણની સમસ્યા વકરે છે. ઓક્ટોબર અને નવેમ્બર મહિના દરમિયાન પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં ખેતીના પાકની કાપણી થયા પછી બચતી પરાળીને સળગાવી દેવામાં આવે છે. એમ કહેવાય છે કે આ પરાળીને સળગાવવાથી જે ધૂમાડો નિકળે છે એને કારણે દિલ્હી અને એનસીઆરનું વાતાવરણ બગડે છે. લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. આંખોમાં પણ બળતરા થાય છે. જોકે હવે એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ડિસેમ્બર મહિનામાં જ્યારે પરાળીનો ધૂમાડો અસર કરતો નથી ત્યારે પણ દિલ્હી -એનસીઆરમાં પ્રદૂષણનું પ્રમાણ ઘટતું નથી. આ વાત પૂરવાર કરે છે કે ફક્ત નજીકના રાજ્યોમાં સળગાવવામાં આવતી પરાળીને કારણે દિલ્હીનું વાતાવરણ ખરાબ થતું નથી. કારણો કોઈ બીજા જ છે.

દર વર્ષ કરતા આ વર્ષે દિલ્હીમાં નવા વર્ષની ઉજવણીમાં બહારગામના પર્યટકો વધુ સંખ્યામાં આવ્યા હોવાની ધારણા છે. દિલ્હીના અલગ અલગ વિસ્તારોમાં ભીડ વધી ગઈ હતી અને ટ્રાફીક જામ થઈ ગયો હતો. દિલ્હીના ઝૂમાં સવારથી જ પર્યટકોની લાંબી લાઈનો જોવા મળી હતી અને લગભગ ૪૦ હજાર લોકોએ ઝૂની વિઝિટ કરી હોવાનું અનુમાન છે. કોનોટ પ્લેસ સ્થિત જાણીતા હનુમાન મંદિર સહીત અન્ય ધાર્મિક સ્થળોએ પણ શ્રદ્ધાળુઓ ઉમટયા હતા. પૂજા-અર્ચના કરવા આવેલા લોકોના વાહનોની લાંબી લાઈનો પણ જોવા મળી હતી. ઈન્ડિયા ગેટ પર દર વર્ષે મોટી સંખ્યામાં લોકો ભેગા થાય છે, પરંતુ આ વર્ષે તો ભૂતકાળના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. સુરક્ષા સંભાળતા પોલીસ અને બીજા સુરક્ષા કર્મચારીઓ ચિંતીત થઈ ગયા હતા.

ફૂડ ડિલિવરી કે કરિયાણાની ડિલિવરી કરતી વ્યક્તિઓને ગીગ વર્કર્સ કહેવામાં આવે છે. છેલ્લા કેટલાક દિવસોથી ગીગ વર્કર્સો કંપની સામે નારાજ થઈને વિરોધ નોંધાવી રહ્યા છે. એમનું કહેવું છે કે કંપનીઓ મર્યાદિત સમયમાં ડિલિવરીનું વચન આપે છે જેને પરીપૂર્ણ કરવા માટે એમણે જાન જોખમમાં મુકીને ઝડપથી બાઈક ચલાવવી પડે છે. ક્રિસમસના દિવસે એમણે પહેલી વખત સ્ટ્રોઈક પાડી હતી અને એને કારણે દિલ્હીમાં સ્વિગી, ઝોમેટો, બ્લીન્કીટ અને ઝેપ્ટોની સર્વિસ ખોરવાઈ ગઈ હતી. ગીગ વર્કર્સોએ કેન્દ્રીય શ્રમમંત્રી મનસુખ માંડવિયાને પણ પત્ર લખ્યો છે. ત્યાર પછી નવા વર્ષના આગલે દિવસે પણ ગીગ વર્કર્સો હડતાળ પર ગયા હતા. જોકે કંપની સાથે સમાધાન થયા પછી એમણે ફરીથી કામગીરી શરૂ કરી હતી. ગીગ વર્કર્સ ડિલિવરીની સમયમર્યાદા ઉપરાંત કામગીરીના કલાકો નક્કી કરવાનું પણ કહે છે. ગીગ વર્કર્સોએ કોઈક વખત ૧૨ થી ૧૩ કલાક ડિલિવરીનું કામ કરવું પડે છે. કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેને થાણે ખાતે આવેલા એમના રહેઠાણે મળ્યા હતા. થોડા દિવસોમાં મુંબઈ અને થાણે સહિત મહાનગરોની ચૂંટણી થઈ રહી છે. રામદાસ આઠવલેના પક્ષનું મહારાષ્ટ્રમાં ખાસ વજન નથી, પરંતુ મુંબઈ અને થાણેમાં પોતાના પક્ષ રીપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાને બેઠક આપવા માટે એમણે શિંદેને વિનંતી કરી હતી. આઠવલેના કહેવા પ્રમાણે એમના પક્ષના કાર્યકર્તાઓ એટલા માટે નારાજ છે કે ભાજપ - શિવસેના વચ્ચે બેઠક વહેંચણીમાં આરપીઆઈનો સમાવેશ કરવામાં આવ્યો નથી. સંસદમાં હંમેશા પોતાના પ્રવચનોથી બધાને હસાવનાર રામદાસ આઠવલેએ લગભગ ગળગળા થઈને ભાજપ - શિવસેનાના ક્વોટામાંથી કેટલીક બેઠકો પોતાના પક્ષ માટે માંગી હતી. આ ઉપરાંત મુંબઈ જિલ્લા નિયોજન સમીતી સહિત બીજી કેટલીક અગત્યની સમીતીઓમાં પણ પોતાના પક્ષના કાર્યકરોને સામેલ કરવાની માંગણી એમણે કરી હતી. એકનાથ શિંદેએ વળતો જવાબ આપ્યો હતો કે તમે લિસ્ટ આપો હું તમારા કેટલાક કાર્યકરોને સમાવવાની કોશિષ કરીશ.

હરિયાણાના રાજકારણને જોતા ૨૦૨૬નું વર્ષ અગત્યનું સાબિત થશે. વિધાનસભાની હવે પછીની ચૂંટણી ભલે સાડા ત્રણ વર્ષ પછી થશે, પરંતુ નવા વર્ષની શરૂઆતથી જ રાજકારણમાં ગરમી આવશે. સત્તાધારી પક્ષ ભાજપ ગ્રામ્ય વિસ્તારમાં પોતાની પકડ મજબૂત કરશે. કોંગ્રેસ આ વર્ષ દરમિયાન જિલ્લાસ્તરે સંગઠનનું વિસ્તરણ કરવા માંગે છે. વર્ષની શરૂઆતમાં હરિયાણાના ક્વોટાની બે રાજ્યસભા બેઠકો માટે ટનાટની થશે. જો કોઈ મોટો ફેરફાર નહીં થાય તો બેમાંથી એક બેઠક ભાજપ અને એક બેઠક કોંગ્રેસને મળશે. ૭ જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં પણ સ્પર્ધા થશે.

# 'પોલીસે જાનવરની જેમ માર્યો, ગુપ્તાંગે લાતો મારી'

## નંબર પ્લેટ વગરની બુલેટ અને મોડિફાઇડ સાઈલેન્સરના પગલે માર માર્યાનો આક્ષેપ, ACPએ કહ્યું-પોલીસનો કોલર પકડ્યો હતો

**વડોદરા, તા.04**

વડોદરાના સયાજીગંજ ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ખાખીને લાંછન લગાડતી એક ઘટના સામે આવી છે. નંબર પ્લેટ વગરની ગાડી બાબતે થયેલી બોલાચાલીમાં પોલીસકર્મીઓએ એક યુવક સાથે અમાનવીય વર્તન કર્યું હોવાના આક્ષેપો થયા છે. ઈજાગ્રસ્ત યુવકના જણાવ્યા મુજબ, પોલીસે તેને પોલીસ વેનમાં બેસાડીને ઢોર માર માર્યો હતો અને ત્યારબાદ ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં લઈ જઈ ACP અને અન્ય કોન્સ્ટેબલોએ તેને જાનવરની જેમ દંડા વડે ફટકાર્યો હતો. આટલું જ નહીં, યુવકે એવો પણ આક્ષેપ કર્યો છે કે તેને સુવડાવી, છાતી પર ચઢીને તેના ગુપ્ત ભાગોમાં પણ ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી છે.

બીજી તરફ ટ્રાફિક એસીપી ડી.એમ. વ્યાસે જણાવ્યું હતું કે, યુવકે પોલીસનો કોલર પકડી લીધો હતો. તે દરમિયાન પોલીસે બે દંડા માર્યા હશે. પરંતુ તે વધુ ઉગ્ર બનતો હતો જેથી સયાજીગંજ લાવ્યા હતા.

વડોદરાના દાંડિયાબજાર નર્સિંગ હોમ ચાર રસ્તા પાસે બનેલી ઘટના અંગે પોલીસે ટ્રાફિક પોલીસ સાથે ઝપાઝપી કરનાર યુવક સામે રાવપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ સમગ્ર ઘટના અંગેના પોલીસે ત્રણ વીડિયો જાહેર કર્યા છે. જેમાં શરૂઆતમાં યુવક અને પોલીસ વચ્ચે શરૂઆતમાં થોડી બોલાચાલી થાય છે. પોલીસ પહેલા તેને સમજાવતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ત્યાર બાદ સમજાવટ બાદ તે ન સમજતા તેની બાઈકને પોલીસકર્મી લઈ જતા દેખાઈ રહ્યા છે. બાદમાં પોલીસે આરોપીને પોલીસ વેનમાં બેસાડતા સમયે પોલીસે ભોગ બનનાર વિરુદ્ધ બળ પ્રયોગ કર્યો હોય તેવું સીસીટીવીમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

આ સમગ્ર બનાવ અંગે ઝોન 2 ડીસીપી મંજીતા વણઝારાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે,



આ તકરાર કરનાર યુવક પાસે લાયસન્સ, નંબર પ્લેટ, મોડિફાઈડ સાઈલેન્સર હોવાથી પોલીસે રોક્યો હતો. આ દરમિયાન સમજાવટથી ન માનતા યુવકે પોલીસ સાથે તકરાર કરી હતી. તકરાર થયા બાદ તેને ટ્રાફિક પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. ત્યાં તેને સમજાવવામાં આવ્યો હતો, પરંતુ તે દલીલો કરી રહ્યો હતો. વધુ દલીલો કરતા તેના માતા-પિતા અને ભાઈને પણ પોલીસ મથક બોલાવાયા હતા. દરમિયાન તેના માતા-પિતાએ પણ ઉગ્ર દલીલો કરી હતી. જે બાદ રાવપુરા પોલીસ મથકમાં સમગ્ર મામલે ફરિયાદ લેવામાં આવી છે. તે સયાજી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે અને તેના સરકારી ડોક્ટરના મેડિકલ રિપોર્ટમાં કોઈ ગંભીર ઈજાઓ મળી આવી નથી.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતા કૌશલસિંહ વિજેન્દ્રસિંહ જાટ (ઉં.વ.30) આજે સવારના સમયે બુલેટ લઈને દાંડિયા બજાર ચાર રસ્તા પાસેથી પસાર થયા હતા. દરમિયાન અકોટા બ્રિજ શનિદેવ મંદિર પાસે સયાજીગંજ વિસ્તારમાં આવેલી પશ્ચિમ વિભાગ ટ્રાફિક કચેરીમાં ફરજ બજાવતા ત્રણ પોલીસ કર્મચારીઓ ત્યાં ઉભા હતા. યુવકના બૂલેટને નંબર પ્લેટ ન હતી અને મોડીફાઈડ સાયલેન્સર પણ લગાવેલું હતું. જેથી યુવક પર દંડ ભરવા માટે રાજી હોવા છતાં ત્રણ પોલીસકર્મી તેની સાથે દાદીગીરી કરવા લાગ્યાં હતા અને ચાવી લઇ લીધી હોવાનો આક્ષેપ ચાલકે કર્યો છે.

પોતાની ખાખી વર્દીનો રોફ ઝાડીને યુવક પર જાણે કોઈ ગંભીર ગુનો આચર્યો હોય તેમ લાકડીથી ઢોર માર મારીને તેના પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. યુવકને ત્રણ પોલીસ કર્મચારીએ માર મારતા પોલીસ વેનમાં બેસાડી દીધો હતો અને તેને સયાજીગંજ વિસ્તારમાં આવેલી ટ્રાફિક શાખાના કચેરીમાં લઇ ગયા હતા. ત્યાં લઈ જઈને પોલીસ અધિકારીની હાજરીમાં લાકડીના ફટકા મારતા તેના શરીર પર ચામઠા પડી ગયા હતા. આટલેથી સંતોષ નહીં થતા આ પોલીસ કર્મચારીઓએ યુવકના પ્રાઈવેટ પાર્ટ પર પણ માર માર્યો હતો. ત્યારે યુવકે માર મારનાર પોલીસ કર્મચારીઓ વિરુદ્ધમાં પોલીસ ફરિયાદ નોંધાવવા માટે યુવકના પરિવારે તૈયારી બતાવી છે.

આ મામલે ટ્રાફિક એસીપી ડી.એમ. વ્યાસે જણાવ્યું હતું કે, આ ઘટનામાં હું જાતે ગાડીમાં હતો, તે ગાડીને નંબર પ્લેટ ન હતી, મોડીફાઈડ સાઈલેન્સર હતું અને હેલ્મેટ પણ ન હતું અને મોબાઈલ પર વાત કરતો હતો. મેં મારા કમાન્ડોને તેની પાછળ બેસાડ્યો અને કાર્યવાહી માટે કહ્યું, પરંતુ તે તું-તારી કરતો હતો. હું ઓફિસ પહોંચ્યો અને મારા ગાર્ડને સમજાવીને તેને લાવવાનું કહ્યું હતું, પરંતુ અમે રાહ જોઈ તેમ છતાં તે આવ્યો નહીં એટલે મેં મારા ડ્રાયવરને કહ્યું કે. તું કોલ કર તો તે કોલ કરતા તેઓએ જણાવ્યું કે, આ ચાલક આવતો નથી અને માથાકૂટ કરે છે.

વધુમાં કહ્યું કે, વાત વાતમાં ઝપાઝપી થઈ હતી અને પોલીસનો કોલર પકડી લીધો હતો. દરમિયાન પોલીસે બે દંડા માર્યા હશે, પરંતુ તે વધુ ઉગ્ર બનતો હતો જેથી સયાજીગંજ લાવ્યા હતા અને ત્યારબાદ તેના માતા-પિતા અને ભાઈ આવ્યો હતો. જેઓ તું-તારી કરતા હતા. આ પછી તે સયાજી હોસ્પીટલમાં દાખલ થઈ ગયો હતો. આ બાબતે અમે તેની સામે ફરિયાદ નોંધી કાર્યવાહી કરીશું.

## પત્નીને પ્રેમી સાથે કઢંગી હાલતમાં જોઈ જતા પતિ લટકી ગયો: સુરતમાં આડા સંબંધને લઈ ઝઘડામાં પત્ની પિયરમાં જતી રહેતા પતિનો આપઘાત

**સુરત, તા.04**

સુરતમાં સચિન જીઆઈડીસી ખાતે એક સંતાનના પિતાએ ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પતિએ પત્નીને પ્રેમી સાથે કઢંગી હાલતમાં જોઈ ગયો હતો. પત્નીના આડા સંબંધને લઈ દંપતિ વચ્ચે થયેલા ઝઘડામાં પત્ની પિયરમાં જતી રહી હતી. બાદમાં પતિએ આપઘાતનું પગલું ભર્યું હોવાનું પરિવારે જણાવ્યું હતું. આ સાથે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, મારીને લટકાવી દીધાની આશંકા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશ પ્રતાપગઢના વતની અને હાલ સચિન જીઆઈડીસી ખાતે મહાદેવ મંદિરની પાછળ આવેલ એક મકાનમાં 25 વર્ષીય યુવક પત્ની તેમજ એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતો હતો અને એમ્બ્રોડરીના કારખાનામાં કામ કરી પરિવારનું



ગુજરાન ચલાવતો હતો. ગઈકાલે રાત્રે યુવકે ઘરમાં પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મૃતક યુવકના સંબંધીએ જણાવ્યું હતું કે દસેક દિવસ પહેલા પત્નીને તેના પ્રેમી સાથે કઢંગી હાલતમાં યુવક જોઈ ગયો હતો. જે વાતને લઈ દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. જેથી પત્ની રિસાઈને પિયરમાં જતી રહી હતી. બાદમાં યુવકે અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે ઊંડાણપૂર્વકની તપાસ સચિન જીઆઈડીસી પોલીસ કરી રહી છે.

મૃતકના સંબંધીએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, શંકા એટલા માટે છે કે એક-બે મહિનાથી કોઈ પારિવારિક વિવાદ ચાલતો હતો, પણ અમને એની કોઈ જાણકારી નહોતી. પૂછપરછમાં જાણવા મળ્યું કે તેની પત્નીને કોઈ બીજા છોકરા સાથે સંબંધ હતો. એક દિવસ છોકરાએ તેને રંગેહાથે પકડી પાડી હતી. પકડાયા પછી કદાચ છોકરા કે પત્ની સાથે મારામારી થઈ હશે. એ પછી તે પત્ની કોઈ પરિચિત સાથે ગામ જતી રહી.

વધુમાં જણાવ્યું હતું કે, 10 દિવસ પછી સમાચાર આવ્યા કે પંખે લટકેલી હાલતમાં તેની લાશ મળી છે. લાશ જમીનને અડેલી હતી. અમને બે દિવસ પછી ખબર પડી. બોડી જે રીતે લટકી રહી છે તે રીતે માર મારીને ફાંસીએ લટકાવી દીધી હોય તેવી શંકા છે. અમારી માંગ એ જ છે કે પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ આ મામલે ઊંડી તપાસ કરે અને જે પણ દોષિત હોય તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરે.

## મૃતક શિક્ષકના પરિવારને 1 કરોડનું વળતર ચૂકવવા હુકમ: કાર અને ટ્રક અકસ્માતમાં 48 વર્ષીય શિક્ષક જીવ ગુમાવ્યો હતો...

**સુરત, તા.04**

સુરતની મોટર એક્સિડન્ટ ક્લેમ ટ્રિબ્યુનલે માનવીય અભિગમ અને કાયદાકીય સતર્કતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સુરત-વડોદરા હાઈવે પર થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં જીવ ગુમાવનાર 48 વર્ષીય શિક્ષકના પરિવારને વીમા કંપની સાથેના સુખદ સમાધાન બાદ રૂપિયા એક કરોડનું વળતર ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો છે. માત્ર ચાર મહિનાના ટૂંકા ગાળામાં આવેલો આ ચુકાદો અકસ્માત વળતરના કેસોમાં સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે.

મૂળ વ્યારાની વૃંદાવન સોસાયટીના રહેવાસી અને વ્યવસાયે શિક્ષક ધર્મેશભાઈ ગત 23મી જૂન, 2025ના રોજ પોતાની કાર લઈને વડોદરાથી સુરત આવી રહ્યા હતા. આ મુસાફરી દરમિયાન હાઈવે પર તેમની કાર અને




આઈસર ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ધર્મેશભાઈને માથા અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું. પરિવારનો મુખ્ય આધાર છીનવાઈ જતાં પત્ની સહિતના વારસદારોએ અકસ્માત વળતર ધારા હેઠળ કોર્ટમાં ન્યાયની ગુહાર લગાવી હતી.

મૃતક શિક્ષક ધર્મેશભાઈ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા હતા અને માસિક 83 હજાર રૂપિયાનો પગાર ધરાવતા હતા. તેમની ઉંમર અને ભવિષ્યની આવકને ધ્યાને રાખી વારસદારોએ 1.30 કરોડના વળતરની માંગણી કરી હતી. જોકે, બંને પક્ષના વકીલોના હકારાત્મક વલણને કારણે કેસ દાખલ થયાના માત્ર 4 મહિનામાં વીમા કંપની સાથે 1 કરોડ રૂપિયાનું વળતર ચૂકવવાનું નક્કી કરાયું હતું. નિષ્ણાતોના મતે, વળતર નક્કી કરતી વખતે મરનારની ઉંમર, સ્થાયી આવક અને આશ્રિતોની સંખ્યા જેવા ટેકનિકલ પાસાઓ ખૂબ જ મહત્વના સાબિત થાય છે.

તો બીજી તરફ સુરતના નાનપુરા વિસ્તારના એક યુવાનની બાઈક ચોરી થવાના કેસમાં વીમા કંપનીએ વળતર ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. કારણ એ હતું કે, બાઈક ચોરી થયાના બીજા દિવસે પોલીસ ફરિયાદ તો થઈ હતી, પરંતુ વીમા કંપનીને આ અંગેની જાણ કરવામાં 7 દિવસનો વિલંબ થયો હતો. વીમા કંપનીના એડવોકેટ દર્શન શાહની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે 48 હજારની વળતર અરજી નામંજૂર કરી હતી.

## રાજકોટમાં ગૌરક્ષક પર હુમલાના : પંચનાથ સોસાયટીમાંથી ગૌવંશને ભરી કતલખાને જતી રિક્ષાને રોકતા યુવાનને છરી મારી

**રાજકોટ, તા.04**

રાજકોટમાં ગૌવંશને કતલખાને લઈ જતી રિક્ષાને રોકતા ગૌરક્ષકને માર મારી છરીથી હૂમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. શહેરના પંચનાથ સોસાયટી વિસ્તારમાં શનિવારે(3 જાન્યુઆરી) રાત્રે ભેંસવંશના પાડાને કતલ કરવા માટે ભરીને લઈ જવાના હોવાની બાતમીના આધારે ગૌરક્ષક સહિતના યુવાનોએ વોચ ગોઠવી હતી. જે દરમિયાન પશુને ભરી લઈ જતી રિક્ષાને રોકવામાં આવી હતી.

જે બાદ રિક્ષાચાલક નાસવા જતા તેને અટકાવવામાં આવતા રિક્ષાચાલક દ્વારા અન્ય 6 શખસોને



બોલાવતા ગૌરક્ષક કિશનભાઈને માર મારી છરીથી હૂમલો કર્યો હતો. જેથી તેને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાના CCTV સામે આવતા પોલીસે આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

જયેન્દ્ર ઉર્ફે જેકી અનીલભાઈ ચંદવાણીયા (ઉં.વ.31,રહે. આજીડેમ પાસે સમપાર્ક સોસાયટી શેરી નં.2, અમીતભાઇ આહિરના મકાનમાં ભાડેથી) એ પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, જીવદયા અને ગૌરક્ષાનું કામ કરતા હોય 3 જાન્યુઆરીના હકીકત મળી હતી કે, વસીમ ઉર્ફે વાસલો બેલીમ લીલા કલરની CNG પેસેન્જર રીક્ષા (નં.GJ03CT 6458)માં સદર બજારમાં ભેંસવંશના પાડાને કતલ કરવા માટે ભરીને લઇ જવાના છે. જેથી ગતરાત્રે વોચ ગોઠવી હતી.

જે દરમિયાન શનિવારે રાત્રે 9:30 વાગ્યે પંચનાથ સોસાયટી શેરી નંબર-16માંથી રિક્ષા નીકળી હતી. જેથી તેને અટકાવવામાં આવી હતી.

## કોઠારીયા ચોકડી પાસે વાહનચાલક અને મહિલા ટ્રાફિક પોલીસ વચ્ચે ઝપાઝપી RTO માન્ય નંબર પ્લેટ ન હોવાથી દંડ ભરવાનું કહેતા મામલો બિચક્યો

**રાજકોટ, તા.04**

રાજકોટમાં ગત 2 જાન્યુઆરીના પ્રેસની ખોટી ઓળખ આપી એક શખ્સે ટ્રાફિક પોલીસ સાથે ઝપાઝપી કરી હતી. જે ઘટનાનો વીડિયો વાયરલ થયો છે. શહેરની કોઠારીયા ચોકડી પાસે વાહન ચેકિંગમાં રહેલા મહિલા ટ્રાફિક હેડ કોન્સ્ટેબલે આરટીઓ માન્યતા વિનાની નંબર પ્લેટ સાથે આવેલા વાહન ચાલકને રોકતા તે સંજય ધામેચા નામના શખ્સે પ્રેસમાં હોવાની ખોટી ઓળખ આપી દંડ ભર્યો ન હતો. જે બાદ ઝપાઝપી કરી ટ્રાફિક પોલીસ સાથે મારામારી કરી હતી અને મહિલા ટ્રાફિક પોલીસને કાંડામાં ઈજા પહોંચાડી હતી. જોકે આ અંગે આજીડેમ પોલીસે ફરજમાં રૂકાવટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વાયરલ થયેલા વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે, આરટીઓ માન્યતા વિનાની નંબર પ્લેટ સાથે આવેલા વાહન ચાલકને રોકવામાં આવતા તે ટ્રાફિક પોલીસ સાથે મારામારી કરે છે અને પછી અન્ય વ્યક્તિને વીડિયો ઉતારવાનું કહે છે. જ્યારે અન્ય વીડિયોમાં સંજય ધામેચા કહે છે કે, મારો કોલર શા માટે પકડ્યો? જેથી પોલીસે કહ્યું કે તમે ગાળ બોલ્યા હતા. જે બાદ યુવાને આક્ષેપ કર્યો હતો કે તમે



મારો ફોન તોડી નાખ્યો જ્યારે સામે પક્ષે પોલીસે કહ્યું કે અમે અમારી ફરજ બજાવતા હતા અને ત્યારબાદ તે શખ્સે પોલીસનો કોલર પકડી ઝપાઝપી કરી. રાજકોટ શહેરમાં ટ્રાફિક શાખામાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સેજલબેન પરમારે આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, 2 જાન્યુઆરીના બપોરે કોઠારીયા ચોકડી બ્રીજ ઉપર ફરજ પર હતા ત્યારે 12.25 વાગ્યે કોઠારીયા ચોકડી ઉપર વાહન ચેકીંગની કરતા હતા. આ દરમિયાન આર.ટી.ઓ માન્ય નંબર પ્લેટ વગરનુ એક વાહન આવતા તેને રોકી તેના નંબર જોતા GJ10ED 7613 લખ્યુ હતુ. જેથી વાહન ચાલકને દંડ ભરવાનુ કહ્યુ હતુ. જે સમયે તેમણે જણાવ્યુ હતુ કે, હુ પ્રેસમાથી છુ અને મારુ નામ સંજયભાઈ ધામેચા છે તમે કાયમ અહી બધા વાહન ચાલકોને હેરાન કરો છો તેમ કહી બોલાચાલી કરવા લાગ્યા હતા. જે બાદ ઝપાઝપી કરતા મને કાંડાના ભાગે મુંઢ ઈજા થઈ હતી અને આ દરમ્યાન તેનો મોબાઈલ ફોન નીચે પડી ગયો હતો. જેથી તે ભાઈ અમારી પર આક્ષેપ કરવા લાગ્યા હતા કે તમે મારો મોબાઈલ તોડી નાખ્યો છે. જેથી તેનો ખર્ચ આપી દો. ઇન્ચાર્જ PSI ડી.પી.ગોહીલે તે ભાઈને પૂછ્યું હતુ કે તમો કયા પ્રેસમા છો તમારી પાસે આઈકાર્ડ છે? તો તે ભાઈએ આઈકાર્ડ ન હોવાનુ જણાવ્યુ હતુ અને કોઈ પ્રેસનુ નામ આપ્યુ ન હતુ. જેથી પોલીસે ફરજમાં રૂકાવટ ન ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## બાટલી ગેંગને 'બાટલી'માં પૂરી બૂચ માર્યું, ગુજસીટોક લગાવ્યો: 9 વર્ષમાં હત્યા

**રાજકોટ, તા.04**

રાજકોટ શહેરમાં આતંક ફેલાવી લોકોમાં ભયનો માહોલ ઉભો કરતી બાટલી ગેંગ સામે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગુજસીટોકનો દાખલ કરવામાં આવ્યો છે. 14 સાગરીતોની ગેંગ સામે વર્ષ 2016 થી 2025 દરમ્યાન ખૂન, ખૂનની કોશિષ, લૂંટ, ગેરકાયદેસર મંડળી રચી શરીર સંબધી ગુનાઓ આચરવા, ઘરફોડ ચોરી, પોલીસની ફરજ રૂકાવટ તથા ઈજા, ધમકીઓ આપવી તેમજ એન.ડી.પી.એસના વેચાણ સહિતના 57 ગુના નોંધાઈ ચૂક્યા છે. જેનો મુખ્ય લીડર સાવન ઉર્ફે લાલી સહિત 10 શખ્સો પોલીસના કબજામાં છે. જ્યારે 4 આરોપીઓ હજુ પકડવાના બાકી છે. આ બાબતે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના DCP જગદીશ બાંગરવાએ જણાવ્યુ હતુ કે,




રાજકોટમાં ગુનાહિત પ્રવૃત્તિ અને ડામવા માટે પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા અને એડિશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાની સૂચના છે ત્યારે ગેંગ વોરને ખતમ કરવા માટે ક્રાઈમ બ્રાંચ સજ્જ છે. આ દરમિયાન રાજકોટમાં બાટલી ગેંગના 14 શખ્સો સામે ગુજસીટોક દાખલ કરવામાં આવ્યો છે. આ ગેંગ રેલનગર અને રૂખડીયાપરામાં એક્ટિવ છે. આ ગેંગનો મુખ્ય લીડર સાવન ઉર્ફે લાલી સંજયભાઈ વાઘેલા (રહે. વાલ્મીકીવાડી શેરી નં.3, જામનગર રોડ રાજકોટ શહેર) હાલ પાસા હેઠળ વડોદરા જેલ ખાતે છે. જેનો કબ્જો મેળવી ધરપકડ કરવામા આવશે. આ સિવાય 9 આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. જ્યા 4 આરોપીઓ પકડવાના બાકી છે.

જ્યારે સરફરાજ ઉર્ફે ઇડો આરીફભાઇ કાદરી (રહે. રૂખડીયાપરા નળલંગપરા શેરી નં.4, સેન્ટ્રલ જેલની પાછળ), કમલેશ ઉર્ફે લાલુ કાળુભાઇ પરમાર (રહે. વાલ્મીકીવાડી શેરી નં.2, કીરીટીભાઇ વાઘેલાના મકાનમા ભાડેથી જામનગર રોડ), સમીર ઉર્ફે ધમો બસીરભાઇ ઈસ્માઇલભાઇ શેખ (રહે.સેન્ટ્રલ જેલની પાછળ રૂખડીયાપરા શેરી નં.5), ઈશોભા રીઝવાન દલ (રહે. હુડકો ક્વાર્ટર ક્વાર્ટર નં.71, જામનગર રોડ), મીરખાન રહીશભાઇ દલ (રહે. હુડકો ક્વાટર,શેરી નં.6,જામનગર રોડ), અસલમ ઉર્ફે સર્કીટ બસીરભાઇ ઈસ્માઇલભાઇ શેખ (રહે. સેન્ટ્રલ જેલની પાછળ, રૂખડીયાપરા શેરી નં.5), સુલેમાન નિઝામભાઇ દલ રહે. જંગલેશ્વર, હુશેની ચોક, શેરી નં.6), ઇરફાન ખમીશભાઇ ભાણુ (રહે. સેન્ટ્રલ જેલ પાછળ રૂખડીયાપરા શેરી નં.3) અને સાહીલ ઉર્ફે ભુરો મુકેશભાઈ પાટડીયા ઝાલા (રહે. સંજરી મસ્જીદની સામે, વાલ્મીકીવાડી વસંતબેનના મકાનમા)ને પોલીસે ઝડપી પાડ્યા છે. ક્રાઈમ બ્રાન્ચ ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું કે આ સાથે જ રાજકોટમાં બીજી ટોળકીઓને પણ પકડવા માટે કાર્યવાહી ચાલુ છે અને તેમના વિરુધ્ધ પણ ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

## રાજકોટ-વેરાવળ ટ્રેનમાં મુસાફરોની ભારે ભીડ: ઊભા રહેવાની પણ જગ્યા ન મળતા વધારાના ડબ્બા જોડવા મુસાફરોની માંગ

**રાજકોટ, તા.04**

રાજકોટથી વેરાવળ વચ્ચેની લોકલ ટ્રેનમાં મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતા મુસાફરોએ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને સાંજે 6.20 કલાકે રાજકોટથી ઉપડતી ટ્રેનમાં પેસેન્જરોની એટલી હદે ભીડ જોવા મળી રહી છે કે, લોકોને ઊભા રહેવા માટે પણ જગ્યા મળતી નથી. ગઈકાલે શનિવાર હોવાથી રજાના માહોલ વચ્ચે ટ્રેનમાં કીડીયારું ઉભરાયું હોય એવા દ્રશ્યો સર્જાયા હતા. ટ્રેનની અંદરનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં ડબ્બાની અંદર પગ મૂકવાની પણ જગ્યા ન હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, રાજકોટ-વેરાવળ વચ્ચે દોડતી આ ટ્રેનમાં ખીચોખીચ મુસાફરો



ભર્યા છે. આ ટ્રેનમાં કેટલાક મુસાફરોને બેસવાની તો દૂર સારી રીતે ઉભા રહેવાની પણ જગ્યા મળી નહીં હોવાનું પણ લાગી રહ્યું છે. આ પરિસ્થિતિને કારણે નિયમિત અપડાઉન કરતા મુસાફરો અને અન્ય પેસેન્જરો દ્વારા ટ્રેનમાં ડબ્બા વધારવાની લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી છે, પરંતુ રેલવે તંત્ર દ્વારા આ મામલે હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

છેલ્લા ઘણા સમયથી રાજકોટ અને સૌરાષ્ટ્રના અન્ય રૂટ પર ટ્રેનમાં મુસાફરોનો ધસારો સતત વધી રહ્યો છે. જેમાં રાજકોટ-વેરાવળ રૂટ પર નોકરીયાત વર્ગ - ધંધાર્થીઓ મોટી સંખ્યામાં મુસાફરી કરતા હોય છે. સાંજના સમયે જ્યારે લોકો પોતાના ઘરે પરત ફરતા હોય છે ત્યારે ટ્રેનમાં ભીડ બેકાબૂ બની જાય છે. શનિવારે આ સ્થિતિ વધુ ગંભીર બની હતી, જેમાં મહિલાઓ અને વૃદ્ધ મુસાફરોને સૌથી વધુ મુશ્કેલી પડી હતી.

ટ્રેનના જનરલ ડબ્બાઓમાં ખીચોખીચ ભીડ હોવાને કારણે મુસાફરોએ દરવાજા પાસે લટકીને જોખમી મુસાફરી કરવા મજબૂર બનવું પડ્યું હતું. મુસાફરોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો કરવા છતાં રેલવે વહીવટી તંત્ર દ્વારા મુસાફરોની સુવિધા માટે કોઈ વધારાના કોચ જોડવામાં આવતા નથી.

# T20 વર્લ્ડ કપ માટે ભારત નહીં આવે બાંગ્લાદેશની ટીમ, IPL વિવાદ વચ્ચે BCBનો નિર્ણય

**ઢાકા, તા.04**

બાંગ્લાદેશમાં છેલ્લા ઘણા સમયથી ત્યાં વસતા હિન્દુઓ પર હુમલા અને ત્રણ વ્યક્તિઓને જીવતી સળગાવી દેવાની કે લટકાવીને મોતને ઘાટ ઉતારવાની ઘટના બન્યા બાદ ભારતમાં બાંગ્લાદેશ સામે રોષ ભભૂકી ઉઠ્યો છે, ત્યારે હવે આ હિંસાની અસર ક્રિકેટ મેચ પર પણ થઈ છે. બાંગ્લાદેશના રમત-ગમત સલાહકાર આસિફ નજરૂલે સોશિયલ મીડિયા પર કહ્યું છે કે, 'બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ બેઠકમાં નિર્ણય લીધો છે કે, બાંગ્લાદેશનની ટીમ ભારતમાં યોજાનાર ICC ટી20 વર્લ્ડકપ 2026માં નહીં રમે.' હવે જોવાનું એ છે કે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) આ મામલે શું નિર્ણય લે છે, કારણ કે આઈસીસી જ મોટા ઈવેન્ટના શેડ્યૂલ તૈયાર કરે છે.




આસિફ નજરૂલે ફેસબુક પર લખ્યું છે કે, 'બાંગ્લાદેશન ટીમ વર્લ્ડ કપની મેચો રમવા માટે ભારત નહીં જાય. બીસીબીએ ચોથી જાન્યુઆરીએ નિર્ણય લીધો છે અને અમે તેનું સ્વાગત કરીએ છીએ. ભારતીય ક્રિકેટ બોર્ડે (BCCI) આક્રમક સાંપ્રદાયિક નીતિઓ અપનાવ્યા બાદ બીસીબીએ નિર્ણય લઈને જવાબમાં બીસીસીઆઈને જવાબ આપી દીધો છે.'

ઉલ્લેખનીય છે કે, IPL-2026 માટે શાહરુખ ખાનની કોલકાતા કિંગ્સ રાઈડર્સ (KKR)ની ટીમમાં બાંગ્લાદેશી બોલર મુસ્તાફિજુર રહમાન (Mustafizur Rahman)નો સમાવેશ કરાયો હતો. જોકે શાહરુખ, કેકેઆર અને રહમાનનો ચોતરફ વિરોધ થયા બાદ છેવટે બીસીસીઆઈએ જાહેરાત કરી છે કે, મુસ્તાફિજુરને આગામી આઈપીએલ રમવા માટે ભારત આવવાની મંજૂરી નહીં મળે. આ નિર્ણય બાદ બાંગ્લાદેશે પણ આક્રમક વલણ અપનાવીને બાંગ્લાદેશી ટીમને ભારત ન મોકલવાનો નિર્ણય લીધો છે.

કોલકાતા નાઈટ રાઈડર્સે ગયા મહિને યોજાયેલ આઈપીએલ ઓક્શનમાં મુસ્તાફિજુરને 9.20 કરોડમાં ખરીદ્યો હતો. ત્યારબાદ ભારતમાં કેટલાક ધાર્મિક અને રાજકીય સંગઠનોએ બાંગ્લાદેશી ખેલાડીને આઈપીએલમાં રમાડવા મામલે વિરોધ નોંધાવ્યો હતો, ત્યારબાદ બીસીસીઆઈએ મુસ્તાફિજુરે પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો છે.

T20 વર્લ્ડકપ-2026નાં શેડ્યૂલ મુજબ, બાંગ્લાદેશની મેચો કોલકાતા અને મુંબઈમાં યોજાવાની છે. નિર્ધારીત શેડ્યૂલ મુજબ, બાંગ્લાદેશની પ્રથમ મેચ સાતમી ફેબ્રુઆરીએ ઈડન ગાર્ડ્નમાં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ રમવાની છે. જોકે વર્તમાન પરિસ્થિતિના કારણે આ મેચો મામલે મૂંઝવણની સ્થિતિ ઉભી થઈ છે.

# વનડે સીરિઝમાંથી હાર્દિક પંડ્યાનું પત્તું કેમ કપાયું? BCCIએ જણાવ્યું કારણ

**ગાંધીનગર, તા.04**

આગામી 11મી જાન્યુઆરીથી ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે વનડે સીરિઝની શરૂઆત થઈ રહી છે. જે માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં સ્ટાર ઑલરાઉન્ડર અને ગુજરાતી ખેલાડી હાર્દિક પંડ્યાને સ્થાન આપવામાં આવ્યું નથી. જેને લઈને કેટલાક લોકો સવાલ ઉઠાવી રહ્યા છે. એવામાં BCCIએ પ્રેસ રીલીઝ જાહેર કરી જણાવ્યું છે કે સેન્ટર ઑફ એક્સીલેન્સથી હાર્દિક પંડ્યાને હજુ એક મેચમાં 10 ઓવર બોલિંગ કરવાની મંજૂરી નથી મળી. આગામી ટી20 વર્લ્ડકપને જોતાં વર્કલોડ મેનેજમેન્ટનું ધ્યાન રાખી બોર્ડે આ નિર્ણય લીધો છે. જે બાદ હવે સ્પષ્ટ છે કે હાર્દિક ટી20 પર વધુ ફોકસ કરે તે માટે તેને વનડે ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નથી. નોંધનીય છે કે ફેબ્રુઆરી



2025 પછી હાર્દિક પંડ્યાને એક પણ વનડે મેચ રમવાનો મોકો જ નથી મળ્યો. છેલ્લે તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમતો જોવા મળ્યો. તે પછીથી હાર્દિક માત્ર ટી20 મેચોમાં જ જોવા મળ્યો છે. એશિયા કપ 2025માં ઈજાગ્રસ્ત થયા બાદ હાર્દિક પંડ્યા બે મહિના સુધી ક્રિકેટથી દૂર રહ્યો હતો. જે બાદ દક્ષિણ આફ્રિકા સામેની ટી20 સીરિઝમાં તેની વાપસી થઈ હતી. નોંધનીય છે કે હાર્દિક પંડ્યા હાલમાં જ વિજય હઝારે ટ્રોફીમાં રમતો જોવા મળ્યો હતો. જ્યાં તેણે ધુંઆધાર બેટિંગ કરી 92 બોલમાં 133 રન ફટકાર્યા હતા. ન્યૂઝીલેન્ડ વનડે સીરિઝ માટે ભારતની ટીમ: શુભમન ગિલ ( કેપ્ટન ), રોહિત શર્મા, વિરાટ કોહલી, કે એલ રાહુલ, શ્રેયસ અય્યર ( વાઈસ કેપ્ટન ), વોશિંગ્ટન સુંદર, રવીન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, પ્રસિધ કૃષ્ણા, કુલદીપ યાદવ, રિષભ પંત, નીતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, યશસ્વી જયસ્વાલ ભારત-ન્યૂઝીલેન્ડ વનડે સીરિઝની પ્રથમ બે મેચ ગુજરાતમાં રમાશે.

# 138 વર્ષમાં પહેલીવાર ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમે લીધો આવો નિર્ણય, ઈંગ્લેન્ડના ખેલાડીઓ પણ ચોંક્યા....

**નવી દિલ્હી, તા.04**

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે 2025-26 એશિઝની અંતિમ ટેસ્ટ મેચની શરૂઆત સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર શરૂ થઈ ગઈ છે. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ ઓસ્ટ્રેલિયાએ સીરિઝની પહેલી ત્રણ મેચ પોતાના નામે કરીને પહેલાથી જ અજેય લીડ હાંસલ કરી લીધી હતી. જોકે, ત્યારબાદ ઈંગ્લેન્ડે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ચોથી મેચ ચાર વિકેટથી જીતીને આ સીરિઝ ચોક્કસપણે 3-1 પર લાવી દીધી છે. હવે તેમની નજર આ પ્રવાસને 3-2થી સમાપ્ત કરવા પર હશે. સિડની ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયાએ પોતાની પ્લેઈંગ ઈલેવન અંગે એક એવો નિર્ણય લીધો જે 138 વર્ષના ઈતિહાસમાં પહેલાં ક્યારેય જોવા નહોતો મળ્યો.



ઈંગ્લેન્ડ સામે ઓસ્ટ્રેલિયન ટીમે પોતાની પ્લેઈંગ ઈલેવનની જાહેરાત ટોસ સમયે કરી, જેમાં કેપ્ટન સ્ટીવ સ્મિથે જાહેરાત કરી કે તેઓ નાથન લિયોન વિના મેદાનમાં ઉતરશે. આ સાથે જ 138 વર્ષમાં પહેલી વાર એવું બન્યું કે, ઓસ્ટ્રેલિયન ટીમે સિડની ટેસ્ટ માટે પોતાની પ્લેઈંગ ઈલેવનમાં કોઈ મુખ્ય સ્પિન બોલરને સામેલ ન કર્યો. જોકે, ઓસ્ટ્રેલિના આ નિર્ણયથી ઈંગ્લેન્ડના ખેલાડીઓ પણ ચોંકી ગયા. ઓસ્ટ્રેલિયામાં સિડનીની વિકેટ સ્પિન બોલરો માટે સૌથી વધુ મદદગાર માનવામાં આવે છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તેમાં ઘણો ફેરફારો જોવા મળ્યો છે, જેમાં ગત વર્ષે ઓસ્ટ્રેલિયાની ટીમે ભારત સામે અહીં ટેસ્ટ મેચ રમી હતી, જે અઢી દિવસમાં સમાપ્ત થઈ હતી. ઓસ્ટ્રેલિયાએ સિડની ટેસ્ટ માટે પોતાની પ્લેઈંગ ઈલેવનમાં એક ફેરફાર જરૂર કર્યો છે, જેમાં ઝાય રિચાર્ડસનના સ્થાન પર ઓલરાઉન્ડર ખેલાડી બ્યૂ વેબસ્ટરને સામેલ કરવામાં આવ્યો છે.

સિડની ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની ટીમે પણ પોતાની પ્લેઈંગ ઈલેવનમાં ફેરફાર કર્યો છે, જેમાં તેમણે ગુસ એટકિન્સનના સ્થાને મેથ્યુ પોટ્સને સામેલ કર્યો છે. બીજી તરફ આ મેચમાં જ્યારે ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, ત્યારે તેમને તેમના ટોપ ઓર્ડર તરફથી વધુ સારા પ્રદર્શનની અપેક્ષા હતી, પરંતુ પ્રથમ સેશનની રમત પૂર્ણ થાય ત્યાં સુધીમાં ઈંગ્લેન્ડે 114 રનના સ્કોર પર ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. જેક ક્રોલી 16 રન બનાવીને આઉટ થયા હતો, જ્યારે બીજી તરફ બેન ડકેટે 27 રન અને જેકબ બેથેલે 10 રન બનાવ્યા હતા.

# મોહમ્મદ શમીને ફરી ટીમ ઈન્ડિયાથી પડતું મૂકાતા ભડક્યાં કોચ, પસંદગીકારો સામે તાક્યું નિશાન....

**નવી દિલ્હી, તા.04**

અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને ન્યૂઝીલેન્ડ સામેની આગામી ત્રણ મેચની વનડે સિરીઝ માટે ભારતીય ટીમમાં સ્થાન ન મળતા વિવાદ સર્જાયો છે. ઘરેલુ ક્રિકેટમાં સતત શાનદાર પ્રદર્શન કરવા છતાં, પસંદગીકારોએ 50-ઓવરના ફોર્મેટમાં મોહમ્મદ સિરાજ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને પ્રસિદ્ધ કૃષ્ણા જેવા બોલરો પર પસંદગી ઉતારી છે. આ નિર્ણય બાદ શમીના અંગત કોચ અને બંગાળના હેડ કોચ લક્ષ્મી રતન શુક્લાએ પસંદગી સમિતિ પર નારાજગી વ્યક્ત કરી છે.




ટીમની જાહેરાત બાદ મોહમ્મદ શમીના અંગત કોચે પસંદગીના નિર્ણય પર સખત નારાજગી વ્યક્ત કરી હતી. ઈન્ડિયા ટુડે સાથેની ખાસ વાતચીતમાં તેમણે કહ્યું, 'હવે એ સમજની બહાર છે કે ભારતીય ટીમમાં વાપસી માટે કોઈ ખેલાડીએ બીજું શું કરવું પડશે. એક ખેલાડી આનાથી વધુ શું કરી શકે? તેણે હજુ કેટલી વિકેટ લેવી પડશે?'. તેમને આશંકા છે કે પસંદગીકારો હવે શમીથી આગળ વધી ચૂક્યા છે. તેમણે કહ્યું, 'આનો સ્પષ્ટ અર્થ છે કે તેઓ તેને વનડે ટીમમાં નથી ઈચ્છતા, જ્યારે શમીમાં હજુ ઘણું ક્રિકેટ બાકી છે.'.

મોહમ્મદ શમી વર્તમાન ઘરેલુ સિઝનમાં દરેક ટૂર્નામેન્ટમાં વિકેટ લઈ રહ્યો છે. વિજય હઝારે ટ્રોફીમાં અત્યાર સુધી રમાયેલી પાંચ મેચોમાં તેણે 11 વિકેટ ઝડપી છે. બંગાળ માટે આસામ સામેની તાજેતરની મેચમાં શમીએ 55 રન આપીને 3 વિકેટ લીધી હતી, જેના કારણે વિપક્ષી ટીમ 217 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

બંગાળના હેડ કોચ અને પૂર્વ ક્રિકેટર લક્ષ્મી રતન શુક્લાએ પણ પસંદગી સમિતિના નિર્ણયની આકરી ટીકા કરી છે. તેમણે કહ્યું, 'પસંદગી સમિતિએ મોહમ્મદ શમી સાથે અન્યાય કર્યો છે. તાજેતરના સમયમાં કોઈપણ આંતરરાષ્ટ્રીય ખેલાડીએ ઘરેલુ ક્રિકેટમાં શમી જેટલી મહેનત અને પ્રતિબદ્ધતા નથી બતાવી. ઘરેલુ ક્રિકેટમાં આટલો પરસેવો પાડ્યા પછી પણ શમી સાથે જે થયું, તે શરમજનક છે.'

મોહમ્મદ શમીએ આ સિઝનમાં ઘરેલુ ક્રિકેટમાં અત્યાર સુધી 16 મેચોમાં કુલ 47 વિકેટ લીધી છે, તેમ છતાં તેની અવગણના કરવામાં આવી.

રણજી ટ્રોફી: 4 મેચમાં 20 વિકેટ, સૈયદ મુશ્તાક અલી ટ્રોફી: 7 મેચમાં 16 વિકેટ, વિજય હઝારે ટ્રોફી: 5 મેચમાં 11 વિકેટ

શમીએ છેલ્લે માર્ચ 2025માં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ભારત માટે રમ્યો હતો.

શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, કેએલ રાહુલ (વિકેટકીપર), શ્રેયસ ઐયર, વોશિંગ્ટન સુંદર, રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, પ્રસિદ્ધ કૃષ્ણા, કુલદીપ યાદવ, ઋષભ પંત (વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, યશસ્વી જયસ્વાલ.

# માહી વિજ અને જય ભાનુશાલીના 14 વર્ષના લગ્નજીવનનો અંત, દીકરી કોની પાસે રહેશે?

**મુંબઈ, તા.04**

ટીવી ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત અને લોકપ્રિય કપલ માહી વિજ અને જય ભાનુશાલીએ આખરે તેમના છૂટાછેડાની પુષ્ટિ કરી દીધી છે. બંનેએ પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે, જેનાથી તેમના 14 વર્ષ જૂના લગ્નજીવનનો અંત આવ્યો છે. આ સમાચાર સામે આવતા જ તેમના ચાહકો ભાવુક થઈ ગયા છે, કારણ કે માહી અને જયને લાંબા સમયથી એક મજબૂત અને ખુશહાલ જોડી માનવામાં આવતી હતી. છેલ્લા ઘણા સમયથી બંનેના અલગ થવાના અહેવાલો આવી રહ્યા હતા, જેના પર હવે પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.



માહી વિજ અને જય ભાનુશાલીએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે આ નિર્ણય તેમણે ખૂબ જ વિચારીને અને શાંતિથી લીધો છે. બંનેએ સ્પષ્ટ કર્યું કે તેમના સંબંધમાં કોઈ પણ પ્રકારનો દોષ કે કોઈ 'વિલન' નથી. આ અલગ થવાનો નિર્ણય કોઈ નકારાત્મકતાને કારણે નહીં, પરંતુ માનસિક શાંતિ, પરસ્પર સન્માન અને સારા ભવિષ્ય માટે લેવામાં આવ્યો છે. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં કપલે લખ્યું, 'આજે અમે એક એવા વળાંક પર પહોંચ્યા છીએ જે જીવનને અમારા માટે પસંદ કર્યો છે... શાંતિ માટે, અમારા બાળકો માટે, ખુશી માટે અને સૌથી જરૂરી એકબીજા માટે, અમે અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે સૌથી પહેલા સારા મિત્રો રહીશું... જોકે હવે અમારો રસ્તો અલગ છે, પરંતુ આ નિર્ણયમાં કોઈ ખલનાયક નથી. આ વાર્તા કોઈ નકારાત્મકતા કે કોઈ ખોટા વિશે નથી. કૃપા કરીને સમજો કે અમે આ પગલું શાંતિ અને અમારા માનસિક સ્વાસ્થ્ય માટે ઉઠાવી રહ્યા છીએ... અમે તમને પણ વિનંતી કરીએ છીએ કે અમારા આ નિર્ણયનું સન્માન કરો.'

જય અને માહીએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ તેમની 6 વર્ષની દીકરી તારાની સંભાળ અત્યાર સુધીની જેમ જ સાથે મળીને કરતા રહેશે. આ ઉપરાંત, તેઓ તેમના દત્તક લીધેલા બાળકોની પણ સાથે મળીને દેખભાળ કરશે. માહી વિજ અને જય ભાનુશાલીના લગ્ન વર્ષ 2011માં થયા હતા અને તેઓ ટીવીના સૌથી લોકપ્રિય યુગલોમાંના એક ગણાતા હતા. લગ્ન પહેલાં બંનેએ લાંબા સમય સુધી એકબીજાને ડેટ કર્યા હતા. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, માહી હાલમાં 'સહર હોને કો હૈ' શો દ્વારા 9 વર્ષ બાદ ટીવીની દુનિયામાં કમબેક કરીને છવાયેલી છે. જ્યારે જય ઘણા શો હોસ્ટ કરી ચૂક્યો છે અને હાલમાં તે વિદેશ પ્રવાસે છે.

# 'ધુરંધર' ફિલ્મે રચ્યો ઈતિહાસ, 800 કરોડ કમાનારી બોલિવૂડની પહેલી ફિલ્મ, 'પુષ્પા 2' નો રેકોર્ડ તોડ્યો

**મુંબઈ, તા.04**

બોલિવૂડની ફિલ્મ 'ધુરંધર'એ નવો ઈતિહાસ રચ્યો છે. રણવીર સિંહની ધુરંધર ફિલ્મે 800 કરોડથી વધુ કમાણી કરી છે, ત્યારે અલ્લુ અર્જુનની 'પુષ્પા 2' ફિલ્મનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આમ ધુરંધર ફિલ્મ બોલિવૂડમાં રૂ.800 કરોડથી વધુની કમાણી કરનારી પહેલી ફિલ્મ બની છે. તમને જણાવી દઈએ કે, 5 ડિસેમ્બર, 2025ના રોજ રિલીઝ થયેલી ધુરંધર ફિલ્મે સતત 28 દિવસમાં ડબલ ડિજિટ કલેક્શન કર્યું છે. જેમાં પહેલા અઠવાડિયાથી ચોથા અઠવાડિયામાં ધુરંધર ફિલ્મ સતત રેકોર્ડ તોડતી રહી. 28 દિવસ પછી, 2026ના બીજા દિવસે ધુરંધર ફિલ્મે પહેલી વાર 10 કરોડ રૂપિયાથી ઓછું કલેક્શન કર્યું હતું. તે વર્ષ 2026નો પહેલો શુક્રવાર હતો. પરંતુ




આ પછી શનિવાર સવારથી થિયેટરોમાં ધુરંધર ફિલ્મને જોવા માટે ભારે ભીડ જોવા મળી હતી. મળતી માહિતી મુજબ, ગત શનિવારે ધુરંધરે 12-13 કરોડનું નેટ કલેક્શન કર્યું હતું. આમ 30માં દિવસમાં કોઈ હિન્દી ફિલ્મનો સૌથી વધુ કલેક્શનનો રેકોર્ડ છે. જ્યારે ધુરંધરે 30 દિવસમાં કુલ 806 કરોડથી વધુની કમાણી કરી છે. ધુરંધર પહેલી એવી બોલિવૂડની ફિલ્મ બની છે, જેને બોક્સ ઓફિસ પર 800 કરોડ નેટ કલેક્શન કર્યુ હોય. હિન્દીમાં આ પહેલા પુષ્પા 2 ફિલ્મ 800 કરોડના શિખર સુધી પહોંચી હતી.

# જિંદગી મને ગમે ત્યાં ફેંકે, હું જીવી જાણીશ : રશ્મિકા મંદાના

## રશ્મિકાએ ફરી એક વખત ઈન્ટરવ્યુમાં લગ્નની વાતને હસી કાઢી



**મુંબઈ, તા.04**

રશ્મિકા મંદાના શાંતિથી પોતાનું કામ કરી જાણવાનું જાણે છે, આ વર્ષે તેની ચાર હિન્દી ફિલ્મ અને બે સાઉથ ઈન્ડિયન ફિલ્મ રિલીઝ થઈ છે. તેની 9 વર્ષની કેરિઅરમાં રશ્મિકાએ 26 ફિલ્મોમાં કામ કર્યું છે. ત્યારે નવા વર્ષે આપેલાં એક ઈન્ટરવ્યુમાં રશ્મિકાએ તેની કેરિઅર, પરિવાર, ટ્રોલિંગ અને માનસિક શાંતિને પ્રાથમિકતા આપવાની વાત કરી છે.

રશ્મિકા પોતાને એક ઈન્ટ્રોવર્ટ વ્યક્તિ માને છે, તેણે જણાવ્યું, "તમે મને નેશનલ અને ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં ભલે જોતાં હોય પણ હું ઈન્ટ્રોવર્ટ છું. જાહેરમાં હું સાચવી લઉં છું અને લોકોને લાગે છે કે હું એક્ટ્રોવર્ટ છું, પણ એવું નથી. એક વખત મારું કામ થઈ જાય પછી ભાગ્યે જ હું બહાર નીકળું છું. મને મારી નજીકના લોકો સાથે ઘરમાં જ રહેવું ગમે છે."

નેશનલ ક્રશના ટૅગ અંગે રશ્મિકા કહે છે, "મને ખબર પણ નથી આવું લેબલ મને કેમ લાગ્યું, મને મારા દર્શકોનો અઢળક પ્રેમ મળ્યો છે અને આવા લેબલ એમના પ્રેમથી મળતાં હોય તો હું તેને આભાર સાથે સ્વીકારી લઉં છું. મને આશ્ચર્ય પણ થાય છે કે એમના મનમાં મારા માટે કેટલી બધી હુંફ છે. પણ તેનાથી હું એક ચોક્કસ ચોકઠાંમાં બંધાતી નથી. સોશિયલ મીડિયાને કારણે એમને કાદચ એવું લાગે કે એ લોકો મને ઓળખી ગયાં છે, તો એ લોકો મને 50 ચકા પણ નથી ઓળખતાં. એવું ઘણું છે, જે હું મારા સુધી જ રાખું છું, કોઈ લેબલ મારી આસપાસ કોઈ દિવાલ બનાવી શકતું નથી કે મને ટાઈપકાસ્ટ કરી શકતું નથી. તેઓ પોતાની જાતને મારી સાથે જોડી શકે છે, કારણ કે કદાચ હું મારી ખામીઓ જાહેર કરવામાં પણ સંકોચ રાખતી નથી. હું મારી લાઈફને પર્ફેક્ટ બતાવવાનો કોઈ પ્રયત્ન કરતી નથી. હું જેવી છું એવી જ છું. તેથી પેપ્સ સામે ફોટો આપવામાં પણ મને ક્યારેય વાંધો હોતો નથી. કોઈ તમારી સાથે મજાક કરે કે એક સેલ્ફી લેવા આવે તો એમાં તમારે કશું ગમાવાનું નથી."

જ્યારે પોતાની સફળતા અને પરિવાર વિશે રશ્મિકાએ કહ્યું, "હું કરુણામાં માનું છું. મેં ક્યારેય સફળતાની જીતની ઉજવણી કરી નથી, હું તો એ પણ નથી જાણતી કે હું સફળ છું કે નહીં. મારા માટે માત્ર મારો પરિવાર અને મારા નજીકનાં લોકો જ મહત્વનાં છે. હું મરણપથારીએ હોઈશ ત્યારે એ લોકો જ મારી આસપાસ હશે. બાકી સફળતા મારી એકલીની નથી, આ મારી ટીમના પ્રયત્ન છે અને મને એમના પર ખુબ ગર્વ છે."

રશ્મિકા પોતાને એક સર્વાઈવર ગણાવે છે, તેણે પૅન ઈન્ડિયા ફિલ્મમાં કામ કરવા અને પ્રયોગ કરવા વિશે જણાવ્યું, "હું કોઈ પણ સ્થિતિમાં ટકી શકું છું. હોસ્ટેલમાં રહીને હું દરેક પરિસ્થિતિમાં જીવી લેતાં શીખી છું. પછી તે સ્કૂલ હોય, કામ હોય કે કંઈ પણ હું હંમેશા મારો રસ્તો કરી લઉં છું. મને કોઈ પણ પરિસ્થિતિમાં ફેંકો અને હું એમાંથી મારો રસ્તો કરી લઈશ. હું એવી જ છું, રશ્મિકા હંમેશા એવી જ રહી છે." જ્યારે લગ્ન વિશેના પ્રશ્નને તેણે હસીને ઉડાવી દીધો હતો અને કહ્યું હતું કે એ તે એ પ્રશ્નનો જવાબ નહીં આપે.

# સાઉદી કરતાં વધુ તેલ છતાં પાઈ-પાઈ માટે નિર્ભર વેનેઝુએલા:એક સમયે દુનિયાનો ચોથો સૌથી ધનિક દેશ હતો, લોકો શોપિંગ માટે મિયામી જતા હતા

**નવી દિલ્હી, તા.04**

આ વાર્તા એક એવા દેશની છે જેની પાસે સાઉદી અરેબિયા કરતાં પણ વધુ તેલ છે, પરંતુ છેલ્લા એક દાયકામાં તેણે તેની 80% જીડીપી ગુમાવી દીધી. ક્યારેક દુનિયાના સૌથી ધનિક દેશોમાં સામેલ આ દેશે પોતાની સંપત્તિનું એવું ગેરવહીવટ કર્યું કે આજે ત્યાંના લોકો દેશ છોડી રહ્યા છે.

વાત થઈ રહી છે 'વેનેઝુએલા'ની, જેના પર શનિવાર 3 જાન્યુઆરીએ અમેરિકાએ હુમલો કરીને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરી લીધી છે. હજારો કિલોમીટર દૂર દક્ષિણ અમેરિકામાં થઈ રહેલી આ હલચલની અસર ભારતમાં સામાન્ય માણસ પર પણ પડી શકે છે.

1950ના દાયકામાં જ્યારે અડધી દુનિયા બીજા વિશ્વ યુદ્ધના નુકસાનમાંથી બહાર આવી રહી હતી, ત્યારે વેનેઝુએલાનું નસીબ જમીનની નીચેથી નીકળતા કાળા સોના એટલે કે તેલથી બદલાઈ ગયું હતું.

1952માં વેનેઝુએલા દુનિયાનો ચોથો સૌથી ધનિક દેશ બની ચૂક્યો હતો. રાજધાની કારાકાસની સડકો પર તે સમયે લક્ઝરી કારો દોડતી હતી અને ગગનચુંબી ઈમારતો ઊભી હતી.

1960ના દાયકા સુધી વેનેઝુએલા માત્ર તેલ વેચતો દેશ નહોતો રહ્યો. વેનેઝુએલાની જ પહેલ પર સાઉદી અરબ અને ઈરાન જેવા દેશોએ હાથ મિલાવ્યા અને 'ઓપેક'નો પાયો નાખ્યો.

1970ના દાયકામાં જ્યારે આખી દુનિયામાં તેલ સંકટ આવ્યું અને કિંમતો આસમાને પહોંચી ગઈ, ત્યારે વેનેઝુએલાના ઘરોમાં ડોલરનો વરસાદ થવા લાગ્યો. તે સમયના કિસ્સાઓ આજે પણ પ્રખ્યાત છે

લોકો વીકએન્ડ પર શોપિંગ કરવા સીધા મિયામી ઉડીને જતા હતા. વેનેઝુએલા દુનિયાના સૌથી મોંઘા સ્કોચ વ્હિસ્કી અને શેમ્પેનના સૌથી મોટા ખરીદદારોમાંનું એક હતું.

જનતાને લાગવા માંડ્યું હતું કે હવે મહેનત કરવાની જરૂર નથી. તેની માથાદીઠ આવક સ્પેન, ગ્રીસ અને ઈઝરાયેલ જેવા વિકસિત દેશો કરતાં પણ ઘણી વધારે હતી.

1976માં સરકારે તેલ ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કર્યું અને સરકારી કંપની PDVSA બનાવી. આ દુનિયાની સૌથી નફાકારક તેલ કંપનીઓમાંની એક હતી.

1960ના દાયકાની શરૂઆતમાં, વેનેઝુએલાને એક ધનિક દેશ માનવામાં આવતો હતો. 1958માં લોકશાહીની વાપસી પછી, રાષ્ટ્ર વિકાસના પંથે ઝડપથી આગળ વધી રહ્યું હતું.



1960ના દાયકાની શરૂઆતમાં, વેનેઝુએલાને એક ધનિક દેશ માનવામાં આવતો હતો. 1958માં લોકશાહીની વાપસી પછી, રાષ્ટ્ર વિકાસના પંથે ઝડપથી આગળ વધી રહ્યું હતું.

આ ઈતિહાસમાં કોઈપણ યુદ્ધ વિના કોઈ દેશની અર્થવ્યવસ્થાનો સૌથી મોટો પતન છે. છેલ્લા એક દાયકામાં આ દેશે તે બધું ગુમાવી દીધું જે તેણે 70 વર્ષમાં કમાવ્યું હતું.

ડચ ડિસીઝ: વેનેઝુએલાએ પોતાની પૂરી તાકાત માત્ર તેલ કાઢવામાં લગાવી દીધી. તેમણે ખેતી, ફેક્ટરી અને બીજા વ્યવસાયો પર ધ્યાન જ ન આપ્યું. પરિણામ એ આવ્યું કે સોયથી લઈને ખાવા સુધીની વસ્તુઓ માટે તેઓ બીજા દેશો પર નિર્ભર થઈ ગયા અને તેલના બદલામાં સામાન ખરીદવા લાગ્યા.

પોપ્યુલિસ્ટ નીતિઓ: 1999 પછી સરકારે દેશના ભવિષ્ય માટે રોકાણ કરવાને બદલે મફત યોજનાઓમાં પૈસા ઉડાવી દીધા. જ્યાં સુધી તેલ મોંઘું હતું, બધું બરાબર રહ્યું, પરંતુ જેવી તેલની કિંમતો ઘટી, સરકાર પાસે પગાર આપવા સુધીના પૈસા ન બચ્યા.

ભ્રષ્ટાચાર અને બ્રેઈન ડ્રેન: સરકારી તેલ કંપની (PDVSA) માં કાબેલ એન્જિનિયરોને હટાવીને રાજકીય વફાદારોને ભરી દેવામાં આવ્યા. આનાથી તેલ ઉત્પાદનની ટેકનિક ખરાબ થઈ ગઈ અને દેશના 60 લાખથી વધુ ભણેલા-ગણેલા લોકો (ડોક્ટર, એન્જિનિયર) દેશ છોડીને ચાલ્યા ગયા.

2018 આવતા-આવતા અહીં મોંઘવારીનો દર 1,30,000% ને પાર કરી ગયો. ત્યાંના લોકો એક ડઝન ઈંડા ખરીદવા માટે પણ નોટોથી ભરેલો થેલો લઈ જવા મજબૂર હતા. નોટો ગણવામાં આવતી ન હતી, પરંતુ ત્રાજવાના એક પલ્લા પર સામાન અને બીજા પર નોટોની ગડ્ડીઓ રાખવામાં આવતી હતી.

1990 ના દાયકાના અંતમાં જે દેશ દરરોજ 35 લાખ બેરલ તેલ કાઢીને દુનિયા પર રાજ કરતો હતો, તે આજે 2026 ની શરૂઆત સુધી માંડ 8 થી 11 લાખ બેરલ પર સિમિત થઈ ગયો છે. સરકારી તેલ કંપની મેન્ટેનન્સના અભાવે બધું ભંગાર થઈ ગયું. પેટ્રોલ વિદેશોમાંથી મંગાવવામાં આવી રહ્યું છે.

વેનેઝુએલા પોતાની 80% જીડીપી ગુમાવી ચૂક્યું છે. એટલે કે, જો 2012 માં દેશની અર્થવ્યવસ્થા 100 રૂપિયાની હતી, તો આજે તે ફક્ત 20 રૂપિયાની બચી છે. આ બરબાદીનો સૌથી ભયાનક ચહેરો બનીને ઉભરી ત્યાંની મોંઘવારી, જેને અર્થશાસ્ત્રની ભાષામાં 'હાઈપરઈન્ફ્લેશન' કહે છે.

ટ્રમ્પ સરકારનો દાવો છે કે આ સૈન્ય ઓપરેશન પછી હવે અમેરિકન તેલ કંપનીઓ વેનેઝુએલામાં અબજો ડોલરનું રોકાણ કરશે અને ત્યાંના તૂટેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઠીક કરશે. જોકે, ત્યાં બદલાવ આવશે કે નહીં તે ત્યાં બનનારી નવી સરકાર પર નિર્ભર કરશે.

જો ત્યાં અમેરિકા સમર્થિત એક સ્થિર વ્યવસ્થા આવે છે, તો વર્ષોથી લાગેલા કડક આર્થિક પ્રતિબંધો હટશે અને વેનેઝુએલાનું તેલ ફરીથી મોટા પ્રમાણમાં ગ્લોબલ માર્કેટમાં આવવા લાગશે.

આનાથી માત્ર ત્યાંની અર્થવ્યવસ્થા પાટા પર નહીં ફરે પરંતુ ભારત જેવા દેશોને પણ સસ્તું ક્રૂડ તેલ મળી શકશે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સોશિયલ પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરાયેલા આ ફોટોમાં વેનેઝુએલા પર થયેલા હુમલાના સૈન્ય ઓપરેશન્સની ઝલક દેખાઈ રહી છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સોશિયલ પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરાયેલા આ ફોટોમાં વેનેઝુએલા પર થયેલા હુમલાના સૈન્ય ઓપરેશન્સની ઝલક દેખાઈ રહી છે.

વેનેઝુએલા ભારતથી લગભગ 15 હજાર કિમી દૂર છે, પરંતુ ત્યાંની સત્તામાં થયેલો ફેરફાર ભારત માટે ફાયદાકારક હોઈ શકે છે

ભારત તેની જરૂરિયાતનું 85% તેલ આયાત કરે છે. વેનેઝુએલા પાસે વિશ્વનો સૌથી મોટો ભંડાર છે, પરંતુ અમેરિકી પ્રતિબંધોને કારણે ભારત ત્યાંથી તેલ ખરીદી શકતું ન હતું.

શું થશે અસર: હવે જ્યારે ત્યાં અમેરિકા સમર્થિત વ્યવસ્થા આવશે, તો પ્રતિબંધો હટશે. ભારતને રશિયાની જેમ વેનેઝુએલા પાસેથી પણ ભારે ડિસ્કાઉન્ટ પર ક્રૂડ ઓઈલ મળી શકે છે.

ખિસ્સા પર રાહત: જો વેનેઝુએલાનું તેલ મોટા પ્રમાણમાં ભારતીય રિફાઈનરીઓમાં આવવા લાગશે, તો દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ઘટાડો શક્ય છે.

ભારતની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પાસે એવી રિફાઈનરી છે જે વેનેઝુએલાના 'ભારે અને ઘટ્ટ' તેલને શુદ્ધ કરવા માટે વિશ્વમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે.

પ્રતિબંધોને કારણે રિલાયન્સને વેનેઝુએલા પાસેથી તેલ લેવાનું બંધ કરવું પડ્યું હતું. હવે રિલાયન્સ અને સરકારી કંપની ONGC (જેણે વેનેઝુએલાના તેલ કુવાઓમાં કરોડોનું રોકાણ કર્યું છે) ના અટકેલા પૈસા અને બિઝનેસ ફરી શરૂ થવાની આશા છે.

# અદાણીના બોન્ડમાં 8.90% સુધી વ્યાજ: 6 જાન્યુઆરીએ ઇશ્યૂ ખુલશે, કંપની ₹1000 કરોડ એકત્ર કરશે, તેમાં રોકાણ કરવાની રીત અને જોખમ

**મુંબઈ, તા.04**

જો તમે બેંક FD કરતાં વધુ વળતર મેળવવા માગો છો, તો અદાણી ગ્રુપના પબ્લિક બોન્ડ ઈશ્યૂ એટલે કે NCDમાં રોકાણ કરી શકો છો. અદાણી ગ્રુપની મુખ્ય કંપની 'અદાણી એન્ટરપ્રાઈઝિસ'નો આ ઈશ્યૂ 6 જાન્યુઆરીએ ખુલશે. તેમાં 19 જાન્યુઆરી સુધી રોકાણ કરી શકાશે.

રિટેલ રોકાણકારો એટલે કે, સામાન્ય લોકો માટે સારી વાત એ છે કે કુલ ઈશ્યૂનો 35% હિસ્સો તેમના માટે અનામત રાખવામાં આવ્યો છે. આ કંપનીનો ત્રીજો પબ્લિક બોન્ડ ઈશ્યૂ છે, આ પહેલા 2024 અને 2025ના ઈશ્યૂને રોકાણકારોનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

NCDમાં રોકાણ કરવા માટે ઓછામાં ઓછા 10,000 રૂપિયા લગાવવા પડશે. ત્યારબાદ 1,000 રૂપિયાના ગુણાકારમાં રોકાણ વધારી શકાય છે. કંપનીએ રોકાણકારો માટે 24 મહિના (2 વર્ષ), 36 મહિના (3 વર્ષ) અને 60 મહિના (5 વર્ષ)ના ત્રણ ટેન્યોર (સમય મર્યાદા) નક્કી કર્યા છે.

આમાં વ્યાજની ચુકવણી માટે ત્રિમાસિક, વાર્ષિક અને ક્યુમ્યુલેટિવ (પરિપક્વતા પર એકસાથે) જેવા 8 અલગ-અલગ સિરીઝના વિકલ્પો મળશે. આ બોન્ડ્સમાંથી મળતું વ્યાજ




તમારી આવકમાં ઉમેરવામાં આવશે અને તમારા ટેક્સ સ્લેબ મુજબ તેના પર ટેક્સ લાગશે.

ડીમેટ એકાઉન્ટ જરૂરી: તમારી પાસે એક સક્રિય ડીમેટ એકાઉન્ટ હોવું જોઈએ. તમે ઝીરોધા (Zerodha) કે અપસ્ટોક્સ (Upstox) જેવી બ્રોકર એપ્સના 'NCD/ Bonds' સેક્શનમાં જઈને અરજી કરી શકો છો.

પહેલા આવો-પહેલા મેળવો: આ ઈશ્યૂ 'ફર્સ્ટ કમ ફર્સ્ટ સર્વ' (First Come First Serve)ના આધારે છે. એટલે કે જો 19 જાન્યુઆરી પહેલા જ કોટા ભરાઈ જશે, તો તે વહેલો બંધ થઈ જશે.

ગ્રીન શૂ ઓપ્શન: આ ઈશ્યૂનો બેઝ સાઈઝ 500 કરોડ રૂપિયા છે. તેમાં ઓવર-સબસ્ક્રિપ્શન થવા પર 500 કરોડ રૂપિયા વધારાના (ગ્રીન શૂ ઓપ્શન) રાખવાનો વિકલ્પ શામેલ છે.

વધુ રિટર્ન: હાલમાં મોટી સરકારી બેંકોમાં 5 વર્ષની FD પર 7% થી 7.50% વ્યાજ મળી રહ્યું છે, જ્યારે અહીં તમને 8.90% સુધીની તક મળી રહી છે.

હાઈ રેટિંગ (AA-): CARE અને ICRA જેવી એજન્સીઓએ તેને AA- રેટિંગ આપ્યું છે. એનો અર્થ એ છે કે તમારા પૈસા ડૂબવાનું જોખમ ઓછું છે અને કંપની સમયસર વ્યાજ ચૂકવવામાં સક્ષમ છે.

સિક્યોર્ડ બોન્ડ: આ 'સિક્યોર્ડ' NCD છે. એટલે કે જો કંપનીને કંઈ થાય છે, તો કંપનીની સંપત્તિઓ વેચીને સૌથી પહેલા બોન્ડ હોલ્ડર્સના પૈસા ચૂકવવામાં આવશે.

રેટિંગમાં ફેરફાર: જો ભવિષ્યમાં કંપનીની નાણાકીય સ્થિતિ બગડે અને રેટિંગ એજન્સી તેને 'ડાઉનગ્રેડ' કરે, તો તમારા બોન્ડની કિંમત ઘટી શકે છે.

લિક્વિડિટીનો અભાવ: આ બોન્ડ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટ થશે, પરંતુ મેચ્યોરિટી પહેલાં તેમને વેચવું ક્યારેક મુશ્કેલ હોય છે કારણ કે ખરીદદારો ઓછા હોઈ શકે છે.

માર્કેટ રિસ્ક: અદાણી ગ્રુપ પર કોઈપણ પ્રકારના બાહ્ય વિવાદ (હિંડનબર્ગ જેવો મામલો)ની અસર બોન્ડની કિંમતો પર પડી શકે છે.

કોઈપણ એક કંપની કે ગ્રુપમાં તમારા બધા પૈસાનું રોકાણ ન કરવું જોઈએ. તમારા કુલ રોકાણ પોર્ટફોલિયોનો ફક્ત 10% થી 15% હિસ્સો જ આવા કોર્પોરેટ બોન્ડ્સમાં રાખો.

2025માં લોન્ચ થયેલ કંપનીનો બીજો NCD ઈશ્યૂ પહેલા જ દિવસે માત્ર 3 કલાકમાં સંપૂર્ણપણે સબસ્ક્રાઈબ થઈ ગયો હતો. ગ્રુપ CFO જુગેશિંદર 'રોબી' સિંહે જણાવ્યું હતું કે, 'આ ત્રીજો NCD ઈશ્યૂ ભારતીય કેપિટલ માર્કેટમાં રિટેલ રોકાણકારોની પહોંચ વધારવાની દિશામાં એક વધુ પગલું છે.'

કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે આ ઈશ્યૂમાંથી મળનારી રકમનો ઓછામાં ઓછો 75% હિસ્સો વર્તમાન દેવું ચૂકવવા અથવા તેની પ્રી-પેમેન્ટ માટે ઉપયોગમાં લેવાશે. બાકીનો 25% હિસ્સો સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે સુરક્ષિત રાખવામાં આવશે.

અદાણી એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ (AEL) અદાણી ગ્રુપની 'ફ્લેગશિપ' કંપની છે. તેનું મુખ્ય કાર્ય એરપોર્ટ્સ, ડેટા સેન્ટર્સ, રોડ, માઈનિંગ અને ગ્રીન હાઈડ્રોજન જેવા ભવિષ્યના મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને શરૂ કરવા, તેમને વિકસાવવા અને આત્મનિર્ભર બનાવવાનું છે.

નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર (NCD) એક પ્રકારનું દેવું સાધન છે. કંપનીઓ તેના દ્વારા ભંડોળ એકત્ર કરે છે અને બદલામાં નિશ્ચિત દરે વ્યાજ ચૂકવે છે.

તેમને શેરમાં રૂપાંતરિત કરી શકાતા નથી, તેથી તેમને 'નોન-કન્વર્ટિબલ' કહેવામાં આવે છે. જરૂર પડ્યે તેમને બજારમાં વેચી પણ શકાય છે.

## Grok પર અશ્લીલ કન્ટેન્ટ બનાવવા પર એકાઉન્ટ બંધ થશે:ભલે તે અપલોડ ન કર્યું હોય, X પર મહિલાઓની વાંધાજનક તસવીરો શેર કરવા પર કડક નિયમ, યુઝર્સ સામે થશે કાર્યવાહી

**નવી દિલ્હી, તા.04**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xએ તેની AI એપ Grok પર બનાવેલ અશ્લીલ કન્ટેન્ટ અંગેના નિયમો કડક કર્યા છે. કંપનીએ જણાવ્યું છે કે આવા કન્ટેન્ટ તાત્કાલિક હટાવવામાં આવશે.

સાથે જ જો કોઈ યુઝર Grokનો ઉપયોગ કરીને વાંધાજનક કન્ટેન્ટ બનાવે છે, તો તેમની સામે એ જ કાર્યવાહી થશે, જે સીધી ગેરકાયદેસર સામગ્રી અપલોડ કરવા પર થાય છે. આનો અર્થ એ કે તેમના એકાઉન્ટ પર કાયમી ધોરણે પ્રતિબંધ મૂકવામાં આવશે.

ભારત સરકારે વાંધો ઉઠાવ્યાના ત્રણ દિવસ પછી Xએ નવા નિયમો જારી કર્યા છે. 2 જાન્યુઆરીના રોજ, કેન્દ્ર સરકારે Xને AI એપ Grok દ્વારા બનાવેલ અશ્લીલ અને અભદ્ર કન્ટેન્ટ તાત્કાલિક હટાવવાનો આદેશ આપ્યો હતો, નહીં તો કાનૂની કાર્યવાહી કરવી પડશે. શિવસેના (UBT) સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ શુક્રવારે AI ચેટબોટ Grokના દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે IT મંત્રીને પત્ર લખ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક લોકો AIનો ઉપયોગ કરીને મહિલાઓના સાચી તસવીરોને વાંધાજનક રીતે બદલી રહ્યા છે, જે ખૂબ જ ગંભીર બાબત છે. અગાઉ, Xના માલિક ઈલોન મસ્કે શનિવારે કહ્યું હતું કે કેટલાક લોકો કહી રહ્યા છે કે Grok વાંધાજનક તસવીરો બનાવી રહ્યું છે, પરંતુ તે કંઈક ખરાબ લખવા માટે પેનને દોષ આપવા જેવું છે. પેન શું લખાય છે તે નક્કી કરતું નથી. તેને પકડનાર વ્યક્તિ તે કામ કરે છે. મસ્કે કહ્યું કે Grok પણ આવી જ રીતે કામ કરે છે. તમને શું મળે છે તે મોટાભાગે તમે તેમાં શું ઈનપુટ કરો છો તેના પર આધાર રાખે છે, કારણ કે જવાબદારી ટૂલની નહીં પરંતુ તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની હોય છે.



શિવસેના (UBT) સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ 2 જાન્યુઆરીએ IT મંત્રી અશ્વિની વૈષ્ણવને AI ચેટબોટ Grokના દુરુપયોગ અંગે પત્ર લખ્યો હતો. સોશિયલ મીડિયા પર, ખાસ કરીને X પર, AIના Grok ફીચરનો દુરુપયોગ થઈ રહ્યો છે. કેટલાક પુરુષો ફેક એકાઉન્ટ બનાવી રહ્યા છે અને મહિલાઓના ફોટા પોસ્ટ કરી રહ્યા છે, AIને કપડાં નાના દેખાડવા અથવા તસવીરોને ખોટી રીતે રજૂ કરવા કહી રહ્યા છે.

આ ફક્ત ફેક એકાઉન્ટ્સ પૂરતું મર્યાદિત નથી, પરંતુ જે મહિલાઓ પોતાના ફોટા શેર કરે છે તેમને પણ નિશાન બનાવવામાં આવી રહી છે. આ ખૂબ જ ખોટું છે અને AIનો ગંભીર દુરુપયોગ છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે Grok આ અયોગ્ય માંગણીઓને સ્વીકારી રહ્યું છે. આ મહિલાઓની પ્રાઈવેસીનું ઉલ્લંઘન કરે છે અને મંજુરી વિના તેમની તસવીરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ફક્ત ખોટું નથી, તે એક ગુનો છે. કેટલાક યુઝર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ફેક એકાઉન્ટ બનાવે છે. તેઓ આ એકાઉન્ટ્સમાંથી મહિલાઓના ફોટા પોસ્ટ કરે છે. ત્યારબાદ Grok AIને અપમાનજનક રીતે ફોટા પ્રદર્શિત કરવા માટે કહેવામાં આવે છે. AIને કપડાં બદલવા અથવા તસવીરોને સેક્શુઅલ રીતે રજૂ કરવા જેવા પ્રોમ્પ્ટ આપવામાં આવે છે. આ તસવીરો માટે મહિલાઓ પાસેથી કોઈ મંજુરી લેવામાં આવતી નથી. ઘણીવાર, મહિલાઓ પોતે જ જાણતી નથી કે તેમના ફોટાનો આ રીતે ઉપયોગ થઈ રહ્યો છે. એવો આરોપ છે.

# લોન શરત અને FD જેવી લાલચ આપીને ફસાવે છે એજન્ટો: વીમા કંપનીઓ વિરુદ્ધ 1.20 લાખ ફરિયાદો, મિસ-સેલિંગનો હિસ્સો 22.14% થયો....

**નવી દિલ્હી, તા.04**

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI)એ તેના વાર્ષિક રિપોર્ટ (2024-25)માં વીમા ક્ષેત્રમાં પોલિસીના મિસ-સેલિંગ પર ચિંતા વ્યક્ત કરી છે. રેગ્યુલેટરે કંપનીઓને કારણોની ઓળખ કરવા માટે 'રૂટ કોઝ એનાલિસિસ' (RCA) કરવા નિર્દેશ આપ્યો છે.

મિસ-સેલિંગ એટલે ગ્રાહકોને સંપૂર્ણ માહિતી આપ્યા વિના, નિયમો અને શરતો છુપાવીને અથવા તેમની જરૂરિયાતથી વિપરીત ખોટી પોલિસી વેચવી. રિપોર્ટ અનુસાર, નાણા મંત્રાલયે પણ બેંકો અને વીમા કંપનીઓને ગ્રાહકોને ખોટી પોલિસી ન વેચવા ચેતવણી આપી છે.

IRDAIના રિપોર્ટ અનુસાર, લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીઓ વિરુદ્ધ નોંધાતી કુલ ફરિયાદોની સંખ્યામાં કોઈ ખાસ ઘટાડો થયો નથી.

FY25નો ડેટા: વર્ષ 2024-25માં કુલ 1,20,429 ફરિયાદો નોંધાઈ, જે ગયા વર્ષ (1,20,726) જેટલી જ છે.

UFBP ફરિયાદો: અનફેર બિઝનેસ




પ્રેક્ટિસ (UFBP) એટલે કે ખોટી રીતે કારોબાર કરવાની ફરિયાદો 23,335થી વધીને 26,667 થઈ ગઈ છે.

હિસ્સેદારી વધી: કુલ ફરિયાદોમાં ખોટી રીતે પોલિસી વેચવાના કેસોની હિસ્સેદારી 19.33%થી વધીને હવે 22.14% થઈ ગઈ છે.

વીમા ક્ષેત્રમાં મિસ-સેલિંગ કોઈ નવી વાત નથી, પરંતુ હવે તે ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. કંપનીઓ અને એજન્ટો અવારનવાર આ 3 રીતોથી તમને છેતરે છે:

FD જેવો ભ્રમ: એજન્ટો લાઈફ ઈન્સ્યોરન્સને ફિક્સ્ડ ડિપોઝિટની જેમ વેચે છે. તેઓ કહે છે કે તેમાં બેંક કરતાં વધુ રિટર્ન મળશે, જ્યારે ઈન્સ્યોરન્સનું મુખ્ય કામ સુરક્ષા આપવાનું છે.

લોનની શરત: ઘણીવાર બેંકો હોમ લોન કે પર્સનલ લોન આપવાના બદલે બળજબરીથી વીમા પોલિસી આપી દે છે. આ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. પોલિસી લેવી કે નહીં તે બોરોઅર નક્કી કરી શકે છે.

ખોટા વાયદા: 'માત્ર 3 વર્ષ પ્રીમિયમ ભરો અને આજીવન પેન્શન મેળવો' જેવા લોભામણા વાયદા કરવામાં આવે છે. આ પોલિસીના કાગળોમાં ક્યાંય હોતા નથી.

ફ્રી-લુક પિરિયડ: વીમાનું સૌથી મોટું હથિયાર 'ફ્રી-લુક પિરિયડ' છે. પોલિસી બોન્ડ મળ્યાના 15 થી 30 દિવસની અંદર તમે તેને કોઈપણ કારણ વગર રદ કરી શકો છો. કંપનીએ તમારા પૂરા પૈસા (ફક્ત મેડિકલ ટેસ્ટ અને સ્ટેમ્પ ડ્યુટી કાપીને) પાછા આપવા પડશે.

લેખિત પર ભરોસો કરો: એજન્ટના મૌખિક વાયદાની કોઈ કિંમત નથી. હંમેશા પોલિસીના 'બેનિફિટ ઈલસ્ટ્રેશન' અને નિયમો-શરતોને જાતે વાંચો.

વીમા લોકપાલની મદદ લો: જો વીમા કંપની તમારી ફરિયાદ ન સાંભળે, તો તમે 'વીમા લોકપાલ' પાસે ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકો છો.

IRDAIના રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે ભારતમાં વીમાની પહોંચ વિશ્વની સરેરાશ 7.3%ની સરખામણીમાં માત્ર 3.7% છે. ચિંતાની વાત એ છે કે લાઈફ ઈન્સ્યોરન્સ કરાવનારા લોકોની સંખ્યા ગયા વર્ષની સરખામણીમાં 2.8%થી ઘટીને 2.7% રહી ગઈ છે.

રેગ્યુલેટરે કંપનીઓને કહ્યું છે કે તેઓ સમયાંતરે આ સમસ્યાની સમીક્ષા કરે. સૂચન કર્યું- કંપનીઓએ એ જોવું જોઈએ કે શું તેઓ ગ્રાહકની જરૂરિયાત મુજબ યોગ્ય પ્રોડક્ટ આપી રહી છે.

આ સાથે, ડિસ્ટ્રિબ્યુશન ચેનલ્સ (જેમ કે એજન્ટ અથવા બેંક) પર નિયંત્રણ વધારવા અને ફરિયાદોના નિવારણ માટે એક નક્કર યોજના વિકસાવવા જણાવાયું છે.

મિસ-સેલિંગને કારણે ગ્રાહકો પ્રીમિયમ ભરતા નથી અને પોલિસી લેપ્સ (બંધ) થઈ જાય છે, જેનાથી વીમા કંપનીઓ અને ગ્રાહકો બંનેને નુકસાન થાય છે.

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**જાહેર સૂચના**
**ઈલેક્ટ્રિફાઈડ રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાડવા બાબતે**

આથી સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે ભાવનગર મંડળના સુરેન્દ્રનગર-પીપાવાવ, રાજુલા-મહુવા, ધોળા-ભાવનગર, સિહોર-પાલીતાણા, કાનાલુસ-પોરબંદર, ઢસા-જેતલસર, જેતલસર-વાંસજાલિયા, રાજકોટ-વેરાવળ, સાબરમતી-બોટાદ વિભાગ પર ઓવરહેડ વોલ્ટેજ ઈલેક્ટ્રિક વાયર દ્વારા 25000 વોલ્ટ ઓન એસી પર રેલવે ટ્રેકનું વીજળીકરણ કરવામાં આવ્યું છે. ઓવરહેડ ટ્રેક્શન વાયરમાંથી ફસાયેલા પતંગો, દોરા દૂર કરવાની પ્રવૃત્તિઓ ચાલી રહી છે, જેનાથી માનવ જીવનનું નુકસાન થઈ શકે છે. 25000 વોલ્ટ ઓવરહેડ ટ્રેક્શન વાયરમાંથી ફસાયેલા પતંગો, દોરા દૂર કરતી વખતે માનવ જીવનનું જોખમ રહેલું છે, જેનાથી ઓવરહેડ ટ્રેક્શન વાયર તૂટવાથી રેલવે ટ્રાફિકમાં ગંભીર અવરોધ અને માનવ જીવનનું નુકસાન થઈ શકે છે.

આ ઉપરાંત, એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક દોરા પર ધાતુના પાવડરનું કોટિંગ હોય છે જેના કારણે ઓવરહેડ ટ્રેક્શન વાયર (OHE) ની નજીક પતંગ ઉડાડતી વખતે માનવ જીવનનું નુકસાન થઈ શકે છે.

**તેથી, જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ રેલ્વે ટ્રેક નજીક પતંગ ઉડાડવાનું ટાળે/રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેક્શન વાયરમાંથી પતંગ દૂર કરે, કારણ કે આનાથી માનવ જીવન જોખમમાં મુકાઈ શકે છે અને અન્ય લોકોને પણ આ અંગે સલાહ આપો.** BVP 234

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# 55 તોલા સોના સહિતનું દહેજ લીધા બાદ પણ પરિણીતાને ત્રાસ

## પતિએ પેટના ભાગે માર મારતા મિસકેરેજ થયાનો પત્નીનો આક્ષેપ, સાસુ-સસરા સહિત ત્રણ સામે ફરિયાદ

**અમદાવાદ, તા.04**

અમદાવાદના સાબરમતી વિસ્તારમાંથી એક ગંભીર ઘરેલુ હિંસાનો કેસ સામે આવ્યો છે. રાણીપ વિસ્તારમાં રહેતી એક મહિલા પતિ અને સાસરિયાના ત્રાસનો ભોગ બની છે. લગ્નમાં લાખો રૂપિયાનું કરિયાવર આપવા છતાં એક મહિલાને પતિ અને સાસરિયા પક્ષ તરફથી માનસિક અને શારીરિક ત્રાસ સહન કરવો પડ્યો હતો. ગર્ભપાત, મારામારી અને ગંભીર ઈજાઓ બાદ અંતે પીડિત મહિલાએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં પતિ સહિત ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી છે.




વર્ષ 2017માં રાણીપ વિસ્તારમાં રહેતી એક મહિલાના લગ્ન અરવલ્લીના સુરેન્દ્રસિંહ રાઠોડ સાથે થયા હતા. જે દરમિયાન મહિલાના માતા પિતાની જે શક્તિ હતી તે પ્રમાણે તેમણે કરિયાવરમાં 55 તોલા સોનાના દાગીના, બે કિલો ચાંદી, ફર્નિચર, ટીવી, ફ્રીઝ, વોશિંગ મશીન સહિત રોકડા 1.25 લાખ રૂપિયા આપ્યા હતા. તેમજ મહિલાના પિતાએ લગ્ન પહેલા ઘરમાં ટાઈલ્સ નાખવા માટે યુવતીના સાસરિયાવાળાને 2 લાખ રૂપિયા આપ્યા હતા. લગ્નના એક દિવસ બાદ મહિલાનું લગ્ન જીવન સારી રીતે ચાલી રહ્યું હતું. તેમજ કરિયાવરમાં આવેલા તમામ દાગીના મહિલાના સાસુ સસરા તેમની પાસે જ રાખતા હતા.

વર્ષ 2017માં મહિલા અને તેના જેસલમેર ગયા હતા. જ્યાં મહિલા અને તેના પતિ અંદાજે 4 મહિના ત્યાં રહ્યા હતા જે દરમિયાન મહિલા પ્રેગનેટ થઈ ગઈ હતી. જે બાદ અચાનક જ મહિલાના લગ્ન જીવનમાં એક વળાંક આવે છે. એક દિવસ મહિલાના પતિ દારૂ પીને ભાગે નાની નાની વાતોને લઈને ઝઘડો કર્યો હતો. જે દરમિયાન પતિએ પેટના ભાગે માર મારતા બીજા દિવસે મિસ કેરેજ થયેલ હોવાનો પણ મહિલાએ ફરિયાદમાં આક્ષેપ કર્યો છે. તેમજ માલિક દવાખાને લઈ ગયા હોવાનો દાવો પણ મહિલાએ કર્યો છે. તેમજ સાસુ સસરા વશીકરણ કરતા હોવાનો પણ મહિલાએ આક્ષેપ કર્યો છે. વશીકરણ કર્યું હોવાથી મહિલા સાસરિયામાં રહેવા માટે ગઈ હતી. મહિલા ફરી સાસરિયામાં રહી હતી અને વર્ષ 2018માં એક સંતાનને જન્મ આપ્યો હતો. તેમ છતાં પતિ તથા સાસરિયા પક્ષ દ્વારા માનસિક અને શારીરિક ત્રાસ યથાવત રહ્યો હોવાનું તેણીએ જણાવ્યું છે. થોડા સમય બાદ યુવતીની માતાને હાર્ટએટેક આવતા તે પિયરમાં ગઈ હતી. પરત ફર્યા બાદ તેના ચારિત્ય પર શંકા રાખી હેરાન પરેશાન કરવામાં આવી હતી.

અમદાવાદ આવ્યા બાદ એક દિવસ મહિલાએ તેના પતિને ફોનમાં અન્ય સ્ત્રી સાથે વાત કરતા જોઈ ગઈ હતી. તો તેને વિશે પૂછતા મહિલાના પતિએ તેની સાથે ઝઘડો કરીને છૂટાછેડા આપવાની ધમકી આપી હતી. તેમજ મારામારી કરી મંગળસૂત્ર ખેંચીને તોડી પણ નાખ્યું હતું. જે વિશે મહિલાએ જ્યારે તેના સાસુને જાણ કરી તેને આ બધું બાબતમાં વચ્ચે પડવાનો જ ઈનકાર કરી દીધો હતો. એક દિવસ મહિલાને તેના પતિએ માર માર્યો હતો જેના કારણે મહિલાને પેટમાં સતત દુખાવો થતો હતો હોવાથી સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જ્યાં ડોક્ટરે આંતરિક ભાગમાં ઈજા થઈ હોવાથી ઓપરેશન કરાવવાની સલાહ આપી હતી.

પતિના માનસિક અને શારીરિક ત્રાસ હોવા છતાં મહિલાએ ઘર સંસાર ન બગડે તે માટે બધું જ મૂંગા મોઢે સહન કર્યું હતું. ઘર સંસાર ન બગડે તે માટે લાંબા સમય સુધી ત્રાસ સહન કર્યા બાદ અંતે મહિલાએ પતિ સહિત સાસરિયા પક્ષ સામે સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સાબરમતી પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

# રાજ્ય વેરા નિરીક્ષક બનવા ઉમેદવારોમાં ઉત્સાહ: 5222 મેદવારની GPSCની પરીક્ષાનો પ્રારંભ

## 2 કલાક પૂર્વે એન્ટ્રીથી પરીક્ષાર્થીઓ અકળાયા, મેટલ ડિટેક્ટરથી કડક ચેકિંગ

**રાજકોટ, તા.04**

રાજ્યમાં આજે રવિવારના રોજ GPSC દ્વારા સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટરની ભરતી માટેની પરીક્ષા લેવામાં આવી રહી છે. જેમાં રાજકોટ જિલ્લામાં 25 પરીક્ષા કેન્દ્ર પરથી 5,222 ઉમેદવારોની પરીક્ષાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે ફ્રીસ્કીંગ એટલે કે મેટલ ડિટેક્ટરથી ચેકિંગ કરવામાં આવ્યું હતુ. જોકે પરીક્ષા શરૂ થયાના બે કલાક પહેલા એન્ટ્રી શરૂ કરી દેવામાં આવતા ઉમેદવારો અકળાઈ ગયા હતા. રાજ્યના મુખ્ય જિલ્લા મથકેથી લેવામાં આવનાર આ પ્રિલિમ્સ એક્ઝામમાં નેગેટીવ માર્કિંગ રાખવામાં આવ્યું છે. આ પરીક્ષામાં પાસ થનારા ઉમેદવારો આગામી સમયમાં મેઈન્સની એક્ઝામ આપશે. સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટર બનવા માટેની પરીક્ષા આપતા ઉમેદવાર હિતેશસિંહ હેરમાએ જણાવ્યુ હતુ કે, હાલ હું



કોન્સ્ટેબલ અને પીએસઆઈ બનવા માટેની પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું, જેની સાથે GPSCની આ રાજ્ય વેરા નિરીક્ષક બનવા માટેની પરીક્ષાનું પણ ફોર્મ ભર્યું હતું. આજે જસાણી સ્કૂલ ખાતે પરીક્ષા આપવા માટે આવ્યો છું. ફોર્મ કેટલા ભરાયા અને કેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી એ મહત્વનું નથી, પરંતુ આપણે 1થી 50માં આવવું એ મહત્વનું છે. તેમણે જણાવ્યું કે છેલ્લા બે વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યું છું. પેપર કેવું નીકળશે તેના પર આધારિત છે કે મેરીટ ઊંચુ જશે કે નીચું? આ દરમિયાન એક્સપર્ટ દિનેશ કણેતે દિવ્ય ભાસ્કરને જણાવ્યુ હતું કે, 4 જાન્યુઆરીના GST વિભાગમાં સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટર બનવા માટેની પ્રિલિમ્સ એક્ઝામ છે, જેમાં MCQ આધારિત પેપર છે. 200 માર્કના આ પેપરમાં નેગેટીવ માર્કિંગ સિસ્ટમ રાખવામાં આવી છે. 0.33 માઈનસ સિસ્ટમ છે, એટલે કે ત્રણ જવાબો ખોટા લખવામાં આવે તો સાચા જવાબોમાંથી એક માર્ક કપાશે. આ પરીક્ષામાં પાસ થતા ઉમેદવારો મેઈન્સ એક્ઝામ આપશે. રાજકોટ સહિત રાજ્યના મુખ્ય જિલ્લા મથકેથી GPSC દ્વારા આ સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવનાર છે, જેમાં પરીક્ષાનો સમય બપોરે 11થી 1 વાગ્યાનો રાખવામાં આવ્યો છે. જોકે પરીક્ષાર્થીઓને પરીક્ષાના 2 કલાક પહેલા કેન્દ્ર પર એન્ટ્રી શરૂ કરી દેવામાં આવી હતી. આ એક્ઝામમાં કોઈપણ પ્રકારની જેવી રીતે ન થાય તે માટે પોલીસ કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવાયો હતો અને તેમના દ્વારા મેટલ ડિટેક્ટરથી ઉમેદવારોનું કડક ટેકિંગ કરવામાં આવ્યુ હતુ.

# BRTS બસ, ટ્રક અને ટ્રેક્ટરની ટક્કરે ત્રણ લોકોના જીવ લીધા: ભૂયંગદેવ, ઓઢવ અને બારેજામાં કાળમુખા અકસ્માત

**અમદાવાદ, તા.04**

અમદાવાદ શહેરમાં બે અકસ્માત અને ગ્રામ્યમાં એક અકસ્માતની ઘટના બની હતી. ત્રણ અકસ્માતની ઘટનામાં ત્રણ લોકોએ પિતાનો જીવ ગુમાવ્યો છે. ભૂયંગદેવ વિસ્તારમાં BRTS બસની ટક્કરના કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા 67 વર્ષીય આધેડનું મોત થયું હતું. વેપારી મહામંડળ કટ પાસે ટ્રકચાલકે ટક્કર મારતા મંજૂરી કામ ૌકરતા 28 વર્ષીય યુવકનું મોત થયું હતું. બારેજા બ્રિજ નીચે રેતી ભરેલી ટ્રોલીએ ટક્કર મારતા ટ્રેક્ટરનું ટાયર ફરી વળતા મહિલાનું મોત થયું હતું. ભૂયંગદેવ વિસ્તારમાં BRTS બસ ચાલકે ટુ-વ્હીલર ચાલકને ટક્કર મારી હતી. સોલામાં રહેતા 67 વર્ષીય નાગજીભાઈ ગોંડલીયા 31 ડિસેમ્બરે ટુ વ્હીલર લઈને નીકળ્યા હતા. ભુયંગદેવ પહોચ્યા ત્યારે BRTS બસચાલકે ટક્કર મારતા નાગજીભાઈ રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં માથામાં ગંભીર ઈજાઓ થતા બ્રેન હેમરેજ થઈ જતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.



જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થતા એ-ડિવિઝન ટ્રાફિક પોલીસે BRTS બસચાલક સામે ગુનો નોંધ્યો છે.

બીજી અકસ્માતની ઘટનામાં મજૂરી કામ કરતા 28 વર્ષીય યુવકનું મોત થયું હતું. ઓઢવમાં રહેતા 28 વર્ષીય સાગર યાદવ વેપારી મહામંડળ વિસ્તારમાં આવેલી કંપનીમાં મજૂરી કરતો હતો. ગત શનિવારે સાંજે વેપારી મહામંડળ કટ પાસે પેટ્રોલ પંપ નજીકથી પસાર થતી વખતે એક ટ્રકચાલકે જોરદાર ટક્કર મારી હતી. ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે યુવક રોડ પર પટકાયો હતો. જે બાદ ટ્રકની ટાયર તેના પર કરી વળતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જો કે અકસ્માત થયા બાદ ટ્રકચાલક ઘટનાસ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

# રિક્ષાચાલકો અને RPF જવાનો વચ્ચે મારામારી

## કાલુપુર રેલવે સ્ટેશને રિક્ષાચાલકોએ ઘેરીને ગાળાગાળી કરી, RPFએ ઢોર માર મારતા એક ઢળી પડ્યો

**અમદાવાદ, તા.04**

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર 3 જાન્યુઆરીની સવારે રિક્ષાચાલકો અને RPF (રેલવે પ્રોટેક્શન ફોર્સ)ના જવાનો વચ્ચે પેસેન્જર ભરવાના મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જે બાદ રિક્ષાચાલકોએ RPFના જવાનને ઘેરીને કોલર પકડી ગાળાગાળી કરી ધમકીઓ આપી હતી. આ ઝપાઝપી બાદ વધુ RPFના જવાનો આવી પહોંચ્યાં હતાં અને રિક્ષાચાલકોને ઢોર માર માર્યો હતો. આ દરમિયાન એક રિક્ષાચાલક ઢળી પડ્યો હતો. આ સમગ્ર ઘટનાના બે પણ સામે આવ્યાં છે, જે સોશિયલ મીડિયા પર પણ વાઈરલ થઈ રહ્યાં છે.

આ મામલે રેલવે PRO અજય સોલંકીએ જવાબ આપવાનો ઈનકાર કરતાં કહ્યું હતું કે, અમારી પાસે આ અંગે કોઈ સોલિડ માહિતી કે પ્રૂફ આવ્યું નથી, તેથી કોઈ જવાબ આપી શકતા નથી. આ ઘટનાએ રેલવે સ્ટેશન પર રિક્ષાચાલકો અને RPF વચ્ચે



અવારનવાર થતા ઘર્ષણના મુદ્દાને ફરી એકવાર ઉજાગર કર્યો છે.

કાલુપુર રેલવે સ્ટેશન પર ગઈકાલે વહેલી સવારે રિક્ષાચાલકો અને RPF જવાનો વચ્ચે પેસેન્જર ભરવા બાબતે બોલાચાલી બાદ ઘર્ષણ થયું હતું. આ દરમિયાન RPFના કેટલાક જવાનોએ ઉભેલા રિક્ષાચાલકોને ડંડા વડે ફટકાર્યા હતા. એક રિક્ષાચાલકને બેફામ રીતે માર મારતા તે ઢળી પડ્યો હતો. આ વ્યક્તિને બચાવવા બીજા રિક્ષાચાલકો વચ્ચે પડ્યા તો તેમને પણ RPFના જવાનોએ ઢોર માર માર્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો હતો.

ગઈકાલે RPF જવાનોએ રિક્ષાચાલકોને માર મારવાના વીડિયો બાદ આજે વધુ એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં જોઈ શકાય છે કે, રિક્ષાચાલકોએ આરપીએફના જવાનને ઘેરેલો છે અને કોલર પણ પકડેલો છે. જવાને રિક્ષાચાલકને હટી જવાનું કહેતા આરપીએફના જવાનાને ગાળો આપીને ધમકી પણ આપી હતી. રિક્ષાચાલકોની દાદાગીરી બાદ આરપીએફ જવાનો ભેગા થયા હતા અને રિક્ ચાલકો સાથે ઘર્ષણ થયું હતું. આ ઘર્ષણ દરમિયાન આરપીએફના જવાનોએ રિક્ષાચાલકને માર માર્યો હતો. રિક્ષાચાલકોએ કરેલા વર્તન અને મારામારી અંગે આરપીએફએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, RPF જવાનો અને રિક્ષાચાલકો વચ્ચે અવારનવાર પેસેન્જર ભરવા બાબતે બોલાચાલી થતી રહે છે. રિક્ષાચાલકો છેક અંદર જઈને પેસેન્જરને રિક્ષા સુધી લઈ જવાનો પ્રયત્ન કરતા હોય, ત્યારે RPF જવાન દ્વારા તેમને રોકવામાં આવે છે. આ વાતને લઈને ઘર્ષણ થયું હોય છે.

# પ્રજાપતિ ચોક પાસે 25 કરોડનું EV ચાર્જિંગ સ્ટેશન બનશે: એકસાથે 100 બસ ચાર્જ થઇ શકશે

**રાજકોટ, તા.04**

રાજકોટ શહેરમાં પર્યાવરણની જાળવણી અને પ્રદૂષણમુક્ત પરિવહન સેવાને વેગ આપવા માટે મહાનગરપાલિકા દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટમાં ઇલેક્ટ્રિક સિટીબસની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને શહેરના પ્રજાપતિ ચોક પાસે રૂ. 25 કરોડના અંદાજિત ખર્ચે નવું અને અત્યાધુનિક ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સત્તાવાર રીતે ટેન્ડર જાહેર કરી દેવામાં આવ્યા છે. આ નવું સ્ટેશન તૈયાર થવાથી શહેરમાં ચાલતી ઇલેક્ટ્રિક બસોના સંચાલનમાં મોટી રાહત થશે. આ સાથે જ જાહેર પરિવહન સેવા વધુ ઝડપી બનશે.

મનપા દ્વારા આ ચાર્જિંગ સ્ટેશન માટે પ્રજાપતિ ચોક પાસે 20092 સ્કવેર મીટરનો વિશાળ પ્લોટ ફાળવવામાં આવ્યો છે. આ સ્ટેશનની વિશેષતા એ હશે કે, તેમાં એકસાથે 100 સિટીબસ ચાર્જ થઈ શકે એવી ક્ષમતા વિકસાવવામાં આવશે. હાલમાં રાજકોટમાં અમૂલ સર્કલ પાસે એક ચાર્જિંગ સ્ટેશન અને અટલ સરોવર નજીક એક ચાર્જિંગ સ્ટેશન કાર્યરત છે. આ



બંનેની મળીને કુલ ક્ષમતા 150 બસ ચાર્જ કરવાની છે. હાલ શહેરમાં 150 ઈલેક્ટ્રિક અને 100 CNG બસો સેવામાં રાખવામાં આવી છે પરંતુ, ભવિષ્યમાં ઈલેક્ટ્રિક સિટીબસની સંખ્યા વધવાની છે.

જેને ધ્યાનમાં રાખીને અત્યારથી જ નવા ચાર્જીંગ સ્ટેશનના નિર્માણની તૈયારી શરૂ કરવામાં આવી છે. આ સ્ટેશન બન્યા બાદ 150 બસોને ચાર્જ કરવા માટે 250ની કેપેસિટીનાં 3 ચાર્જીગ સ્ટેશન થતા લાંબો સમય રાહ જોવી પડશે નહીં અને બસોનું સંચાલન વધુ ઝડપી બનશે.

આ પ્રોજેક્ટના આર્થિક પાસાંની વાત કરીએ તો, આમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો મોટો ફાળો રહેલો છે. કુલ ખર્ચના 60% રકમ કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ પેટે આપવામાં આવશે, જ્યારે 20% રકમ રાજ્ય સરકાર અને બાકીની 20% રકમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભોગવવામાં આવશે.

# રાજકોટમાં દૂધ અને ઘીમાં સૌથી વધુ ભેળસેળ: ફૂડ લેબોરેટરીના અભાવે રિપોર્ટ માટે સેમ્પલ વડોદરા મોકલવા પડે, 2025માં લેવાયેલા 391 સેમ્પલમાંથી 97 રિપોર્ટ હજી બાકી

**રાજકોટ, તા.04**

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા પોતાના નાણાકીય વર્ષ 2025-26ના બજેટમાં શહેરના વોર્ડ નંબર 10માં રૂ.3.5 કરોડના અંદાજીત ખર્ચે ખાસ ફૂડ લેબોરેટરી બનાવવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જોકે હજુપણ આ લેબોરેટરીનું નિર્માણ થયું ન હોવાથી ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવતા સેમ્પલ વડોદરા ખાતે મોકલવા પડે છે. જોકે ત્યાં પણ કામનો ભરાવો હોવાથી રિપોર્ટ આવવામાં 2-3 મહિના જેટલો સમય લાગી જાય છે.

રાજકોટ મનપાનાં ફૂડ વિભાગે વર્ષ 2025 દરમિયાન ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા સતત ચેકીંગ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 391 જેટલા નમુના લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં હતાં. આ પૈકી આજે પણ કુલ 97 એટલે કે 25% કરતા વધુ રિપોર્ટ આવવાના બાકી છે. અત્યાર સુધી આવેલા રિપોર્ટમાં દૂધ અને દુધને લગતી વિવિધ બનાવટો તેમજ ઘીમાં સૌથી વધુ ભેળસેળ થતું હોવાનું સામે આવ્યું છે જે સૌથી ચિંતાજનક બાબત કહી શકાય.

જાન્યુઆરી 2025થી લઈ ડિસેમ્બર 2025 સુધીમાં ફૂડ વિભાગની ટીમોએ વિવિધ ખાદ્યચીજોના નમૂના લઈ લેબોરેટરી



પરીક્ષણ કરાવ્યું હતું. પરીક્ષણનાં રિપોર્ટમાં સૌથી વધુ પૌષ્ટિક ગણાતા દૂધ, ઘી અને ડેરી પ્રોડક્ટ્સમાં સૌથી વધુ ભેળસેળ અને સબસ્ટાન્ડર્ડ ગુણવત્તા જોવા મળી હોવાનું સામે આવ્યું છે. વર્ષ 2025માં મનપા દ્વારા કુલ 3305 કિલો વાસી અને અખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો છે, જ્યારે વિવિધ કેસોમાં ભેળસેળીયા વેપારીઓ પાસેથી કુલ રૂ. 34,71,000 જેટલો માતબર દંડ વસૂલવામાં આવ્યો છે.

લેબોરેટરી રિપોર્ટમાં જે નમૂનાઓ ફેઈલ જાહેર થયા છે, તેમાં ડેરી ઉત્પાદનો મોખરે રહ્યા છે. વિગતો મુજબ, શુદ્ધ ઘીના 5 નમૂના, દૂધના 7 નમૂના અને સાથે જ અન્ય ડેરી પ્રોડક્ટ્સના 5 નમૂના ફેઈલ થયા છે. આમ, દૂધ અને તેની બનાવટોમાં ભેળસેળનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે. આ ઉપરાંત મસાલાઓના 2, પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરનો 1 અને ખાદ્યતેલનો 1 નમૂનો પણ પરીક્ષણમાં નિષ્ફળ રહ્યો હતો.

આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીનાં જણાવ્યા મુજબ મનપાના ફૂડ વિભાગે માત્ર ચેકિંગ જ નથી કર્યું, પરંતુ કાયદેસરની કડક કાર્યવાહી પણ હાથ ધરી છે. તેમજ ભેળસેળ કરનારા વેપારીઓ પાસેથી રૂ. 34 લાખ કરતા વધુ દંડ વસુલવામાં આવ્યો છે. જેમાં સિવિલ કેસની વાત કરીએ તો સબસ્ટાન્ડર્ડ નમૂનાઓ અંગે એજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ 30 અરજીઓ કરવામાં આવી હતી, જેમાં જવાબદારોને કુલ રૂ. 11,71,000 નો દંડ ફટકારવામાં આવ્યો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393



જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL






નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર